ॐ

શ્રીઆત્મલક્ષ્મી

પ્રકાશકઃ

દોશી ત્રીકમદાસ જૂઠાભાઈ

વેરાવળબંદર

વી સ ૨૪૬૬ વિ સ ૧૯૯૬

મૂલ્ય–નિત્ય સ્વાધ્યાય.

ધી અમૃત પ્રિન્ટિંગ પ્રેસ
મોનગઢ-કાઠિયાવાડ.

મુદ્રક
વોરા અમૃતલાલ દેવકરણ.

હેમકુંવરબાઈ તે દોશી જુઠાભાઈ મૂલચંદના ધર્મપત્ની



સવત ૧૯૨૦ દેહોત્સર્ગ સવત ૧૯૭૫

અર્પણ

જન્મથી જીવનપર્યંત વહાલપૂર્વક ભલું
કરી અત્યંત ઉપકાર કરનાર
સ્વર્ગવાસી પૂજ્ય માતા
હેમકુંવરને

ઋણીપુત્ર

વિષય-સૂચી

જિનેશ્વરની વાણી-(કાવ્ય)-શ્રીમદ્ રાજચંદ્ર .
આધ્યાત્મિક ભજન ભાગચંદ્ર . ...
સદ્ગુરુ સ્તુતિ .. ..
સદ્ગુરુ-વન્દન (કાવ્ય) ... ...
પ્રણિપાત સ્તુતિ-શ્રીમદ્ રાજચંદ્ર .. ...
કવિવર બનારસીદાસજી રચિત પરમાર્થ વચનિકા
" " લિખિત ઉપાદાન-નિમિત્તની ચિ
" " રચિત નિમિત્ત-ઉપાદાનના દોહ
" " રચિત કલશોનો ભાષાનુવાદ .
" " રચિત પદ-કેવો પ્રભુ જોઇએ
" " રચિત પ્રણવ—માહાત્મ્ય ...
પંડિતપ્રવર ટોડરમલજીની આધ્યાત્મિક રહસ્યપૂર્ણ [
શ્રી પદ્મનન્દિ આચાર્ય રચિત આલોચના અધિકારનો ર
ધૂનસચ્ચ . . . ...
શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર [ભાષાંતર સહ]-શ્રીમદ્ રાજચ
અંતિમ સંદેશો-શ્રીમદ્ રાજચંદ્ર . ..
આત્માના ૭ પદ " ... ...
જડ-ચેતન સ્વભાવ "
પરમપદ પ્રાપ્તિની ભાવના , ...



આત્માર્થી સત્પુરુષ શ્રીકાનજી સ્વામી

વિ સ ૧૯૮૫

॥ ૐ ॥

શ્રીઆત્મલક્ષ્મી.

મંગળાચરણ.

ओंकारबिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमोनमः ॥ १ ॥

" જે તીર્થંકરે જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે તે તીર્થંકરને અત્યંત ભક્તિએ નમસ્કાર હો. "

✤ ✤ ✤

" વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેંદ્રિયપણું—આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે "

✤ ✤ ✤

જ્ઞાન, ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

✤ ✤ ✤

મંત્ર તંત્ર ઓષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય

✤ ✤ ✤

" આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. આ સૃષ્ટિને વિષે એવો કોઈ પ્રભાવયોગ ઉત્પન્ન થયો નથી, છે નહિ અને થવાનો નથી કે જે પ્રભાવયોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય. "

☞ ધી અમૃત પ્રિન્ટિંગ પ્રેસ—સોનગઢ.

"મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્ત્તવ્ય છે "
"દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે, માટે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે "

' નિરંતર સાચા સદ્ગુરુની ભક્તિ, શ્રેયસ્કર છે, માટે સાચા સદ્ગુરુની ભક્તિ, મન, વચન અને કાયાએ કરવી "

સદ્ગુરુસ્તુતિ.

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરુ યોગ
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ
નિશ્ચય એથી આવીયો ટળશે અહીં ઉતાપ
નિત્ય કરીં સત્સંગ મેં, એક લક્ષથી આપ

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો, ગુણચિંતન કરો

જિનેશ્વરની વાણી

(મનહર છંદ)

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
  અનંત અનંત નય નિક્ષેપ વ્યાખ્યાની છે,
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
  તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
  આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે
અહો! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ
  જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે

રાગ-ઠુમરી.

સન્ત નિરંતર ચિન્તત ઐસેં આતમરૂપ અબાધિત જ્ઞાની-ટેક
રાગાદિક તો દેહાશ્રિત હૈં ઇનતેં હોત ન મેરી હાની
દહન દહત જ્યોં દહત ન તદ્ગત, ગગન દહન તાકી વિધિ ઠાની ૧
વરણાદિક વિકાર પુદ્ગલકે, ઇનમેં નહિં ચૈતન્ય નિશાની
યદ્યપિ એક ક્ષેત્ર અવગાહી, તદ્યપિ લક્ષણ ભિન્ન પિછાની ૨
મૈં સર્વાંગપૂર્ણ જ્ઞાયક રસ લવણ ખિલ્લવત લીલા ઠાની,
મિલૈ નિરાકુલ સ્વાદ ન યાવત્, તાવત્ પરપરિનતિ હિત માની ૩
ભાગચન્દ નિરદ્વંદ નિરામય મૂરતિ નિશ્ચય સિદ્ધ સમાની,
નિત અકલંક અવંક શંક બિન નિર્મલ પંક બિના જિમ પાની ૪

"મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે"
"દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે, માટે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે"

'વિરલ સાચા સદ્ગુરુની ભક્તિ, શ્રેયસ્કર છે, માટે સાચા સદ્ગુરુની ભક્તિ, મન, વચન અને કાયાએ કરવી"

સદ્ગુરુસ્તુતિ

પૂર્વ પુણ્યના ઉદયથી મળ્યો સદ્ગુરુ યોગ
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ
નિશ્ચય એથી આવીયો, ટળશે અહીં ઉતાપ
નિત્ય કર્યો સત્સંગ મેં, એ લક્ષથી આપ

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો, તેનું સ્મરણ કરો, ગુણચિંતન કરો

ध्यानमूलं गुरोर्मूर्त्ति, पूजामूलं गुरोःपदम् ।
मन्त्रमूलं गुरोर्वाक्य, मोक्षमूलं गुरोःकृपा ॥

* * *

अज्ञानतिमिरांधानां, ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मिलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

અર્થ—અજ્ઞાનરૂપી તિમિર (અંધકાર) થી જે અંધ તેના નેત્ર જેમણે જ્ઞાનરૂપી અંજનશલાકા (આંજવાની સળી) થી ખોલ્યા તે શ્રીસદ્ગુરુને નમસ્કાર

અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!

સુષુપ્ત ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર! ત્રિકાળ જયવંત વર્તો!!

ૐ શાંતિ શાંતિ શાંતિ ॥

ગુરુ ગણધર ગુણધર સકલ, પ્રચુર પરંપર ઔર,
વ્રતતપધર, તનુ નગનધર, વંદો વૃષ શિરમૌર.

સદ્ગુરુ-વન્દન

અહો 'શ્રી સત્પુરુષકે વચનામૃતમ્' જગહિતકરમ્,
'મુદ્રા' અરુ 'સત્સમાગમ' સુતિ ચેતના જાગૃતકરમ્.
મિરતિ વૃત્તિ સ્થિર રહે દર્શન માત્રસે નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્ગુણ કોષ હૈ ૧
સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂર્ણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્,
અંતે અયોગિ સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમે સ્થિતિ કરાવનહાર હૈ ૨
'સહજાત્મ' 'સહજાનંદ' 'આનંદઘન' નામ અપાર હૈ,
સદ્દેવ ધર્મ સ્વરૂપદર્શક સુગુરુ પારાવાર હૈ,
ગુરુભક્તિસે લહો તીર્થપતિ પદ શાસ્ત્રમે વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ ૩
એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપ-પર હિત કારણમ્,
જયવંત શ્રી જિનરાજવાણી કરું તાસ ઉચ્ચારણમ્
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે
શ્રી રત્ન-ત્રયની ઐક્યતા લહી, સર્વ તે નિજપદ લહે ૪

અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ—
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ પ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ-
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો
એવા
પરમકૃપાળુ સદ્ગુરુદેવ—
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો ! જયવંત વર્તો !!

ध्यानमूलं गुरोर्मूर्त्ति, पूजामूलं गुरो पदम् ।
मन्त्रमूलं गुरोर्वाक्य, मोक्षमूलं गुरोर्कृपा ॥

* * *

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

અર્થ—અજ્ઞાનરૂપી તિમિર (અંધકાર) થી જે અંધ તેનાં નેત્ર જેમણે જ્ઞાનરૂપી અંજનશલાકા (આંજવાની સળી) થી ખોલ્યાં તે શ્રી સદ્ગુરુને નમસ્કાર.

અહો સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ!

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર પડતી વૃત્તિને સ્થિર રાખનાર દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક સ્વરૂપપ્રતીતિ અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત છે ને અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર! ત્રિકાળ જયવંત વર્તો!!

ૐ શાંતિ શાંતિ શાંતિ ॥

ગુરુ ગણધર ગુણધર અધિક પ્રચુર પરંપર ઔર
વ્રતતપધર, તનુ નગનધર વંદૌ વૃષ શિરમૌર

સ્વર્ગીય કવિવર બનારસીદાસજી રચિત પરમાર્થવચનિકાનો અનુવાદ.

એક જીવ દ્રવ્ય, તેના અનંત ગુણ; અનંત પર્યાય; એક એક ગુણના અસંખ્યાત પ્રદેશ, એક એક પ્રદેશવિષે અનંત કર્મવર્ગણા, એક એક કર્મવર્ગણાવિષે અનંત અનંત પુદ્ગલ પરમાણુ; એક એક પુદ્ગલ પરમાણુ અનંત ગુણ, અનંત પર્યાય સહિત વિરાજમાન છે. આ પ્રમાણે એક સંસારાવસ્થિત જીવપિંડની અવસ્થા છે. એ જ પ્રમાણે અનંત જીવદ્રવ્ય સપિંડરૂપ જાણવા. એક જીવદ્રવ્ય અનંત અનંત પુદ્ગલદ્રવ્યથી સંયોજિત (સંયુક્ત) માનવું. તેનું વિવરણઃ—

જુદા જુદા રૂપે જીવદ્રવ્યની પરિણતિ તથા જુદા જુદા રૂપે પુદ્ગલદ્રવ્યની પરિણતિ છે તેનું વિવરણઃ—

એક જીવદ્રવ્ય જે પ્રકારની અવસ્થા સહિત નાના પ્રકારરૂપ પરિણમે તે પ્રકાર અન્ય જીવથી મળતો આવે નહિ. અન્ય જીવનું તેનાથી અન્ય અવસ્થારૂપ પરિણમન હોય. એ પ્રમાણે અનંતાનંત સ્વરૂપ જીવદ્રવ્ય અનંતાનંત સ્વરૂપ અવસ્થાપૂર્વક વર્તી રહ્યાં છે. કોઈ જીવદ્રવ્યના પરિણામ કોઈપણ અન્ય જીવદ્રવ્યથી મળતા આવે નહિ. એ જ પ્રમાણે એક પુદ્ગલ પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્ગલ પરમાણુ દ્રવ્યથી મળતી આવે નહિ. તેથી પુદ્ગલ (પરમાણુ) દ્રવ્યની પણ અન્ય અન્ય

આત્માને શોધી તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણા ભાગ્યશાળી થવાને માટે અનેક ક્રમ બાંધ્યા છે તે મહાત્મા જયવાન હો! અને તેને ત્રિકાળ નમસ્કાર હો"

* * *

જેને કોઈ પ્રત્યે રાગ-દ્વેષ રહ્યા નથી
તે મહાત્માને વારવાર નમસ્કાર

'પરમ ભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમદ્વેષથી પરિષહ, ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી તે પુરુષરૂપ ભગવાનને વારવાર નમસ્કાર."

પ્રણિપાત સ્તુતિ

હે પરમ કૃપાળુ દેવ! જન્મ જરા મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ ધર્મ અનંત કૃપા કરી આપ શ્રીમદે મને આપ્યો તે અનંત ઉપકારનો પ્રત્યુપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો જેથી હું મન વચન કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું

આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ

શાંતિ

સ્વર્ગીય કવિવર બનારસીદાસજી રચિત પરમાર્થવચનિકાનો અનુવાદ.

એક જીવ દ્રવ્ય તેના અનંત ગુણ અનંત પર્યાય, એક એક ગુણના અસંખ્યાત પ્રદેશ, એક એક પ્રદેશવિષે અનંત કર્મવર્ગણા, એક એક કર્મવર્ગણાવિષે અનંત અનંત પુદ્‌ગલ પરમાણુ એક એક પુદ્‌ગલ પરમાણુ અનંત ગુણ અનંત પર્યાય સહિત વિરાજમાન છે આ પ્રમાણે એક સંસારાવસ્થિત જીવ પિંડની અવસ્થા છે એ જ પ્રમાણે અનંત જીવદ્રવ્ય સપિંડરૂપ જાણવા એક જીવદ્રવ્ય અનંત અનંત પુદ્‌ગલદ્રવ્યથી સંયોજિત (સંયુક્ત) માનવું તેનું વિવરણ —

જુદા જુદા રૂપે જીવદ્રવ્યની પરિણતિ તથા જુદા જુદા રૂપે પુદ્‌ગલદ્રવ્યની પરિણતિ છે તેનું વિવરણ —

એક જીવદ્રવ્ય જે પ્રકારની અવસ્થા સહિત નાના પ્રકારરૂપ પરિણમે તે પ્રકાર અન્ય જીવથી મળતો આવે નહિ અન્ય જીવનું તેનાથી અન્ય અવસ્થારૂપ પરિણમન હોય. એ પ્રમાણે અનંતાનંત સ્વરૂપ જીવદ્રવ્ય અનંતાનંત સ્વરૂપ અવસ્થાપૂર્વક વર્તી રહ્યા છે કોઈ જીવદ્રવ્યના પરિણામ કોઈપણ અન્ય જીવ દ્રવ્યથી મળતા આવે નહિ એ જ પ્રમાણે એક પુદ્‌ગલ પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યથી મળતી આવે નહિ તેથી પુદ્‌ગલ (પરમાણુ) દ્રવ્યની પણ અન્ય અન્યતા જાણવી

હવે જીવદ્રવ્ય પુદ્ગલદ્રવ્ય એક ક્ષેત્રાવગાહી અનાદિ કાળથી છે તેમ વિશેષ એ છે કે જીવદ્રવ્ય એક ને પુદ્ગલપરમાણુ દ્રવ્ય અનંતાનંત ચલાચલરૂપ આગમન ગમનરૂપ, અનંતાકાર પરિણમનરૂપ સ્વધર્મક્રિયાશક્તિ સહિત વર્તે છે

હવે જીવદ્રવ્યની અનંતી અવસ્થા તેમાં ત્રણ અવસ્થા મુખ્ય સ્થાપી એક અશુદ્ધ અવસ્થા, બીજી શુદ્ધાશુદ્ધરૂપ મિશ્ર અવસ્થા તથા ત્રીજી શુદ્ધ અવસ્થા એ ત્રણે અવસ્થા સંસારી જીવદ્રવ્યની જાણવી સંસારાતીત સિદ્ધને અનવસ્થિતરૂપ કહીએ

—હવે નય અવસ્થા સંબંધી વિચાર —એક અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય, બીજુ મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય અને ત્રીજુ શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય છે અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી અશુદ્ધ વ્યવહાર છે મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી મિશ્ર વ્યવહાર છે, તથા શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી શુદ્ધ વ્યવહાર છે

હવે નિશ્ચય અને વ્યવહારનું વિવરણ.

નિશ્ચય તો અભેદરૂપ દ્રવ્ય વ્યવહાર દ્રવ્યના યથાસ્થિત ભાવ છે પરંતુ વિશેષ એટલુ કે જ્યાસુધી સંસારાવસ્થા છે ત્યાસુધી વ્યવહાર કહીએ સિદ્ધને વ્યવહારાતીત કહીએ તેથી સંસાર વ્યવહાર એ બન્ને એકરૂપ કહ્યો અર્થાત્ સંસારી તે વ્યવહારી, વ્યવહારી તે સંસારી

હવે ત્રણે અવસ્થાનુ વિવરણ.

જ્યાસુધી મિથ્યાત્વ અવસ્થા છે ત્યાસુધી અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય અશુદ્ધ વ્યવહારી છે સમ્યગ્દૃષ્ટિ થતા માત્ર ચતુર્થ ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનક સુધી મિશ્રનિશ્ચયાત્મક જીવ

દ ય મિશ્ર વ્યવહારી છે, અને કેવલજ્ઞાની શુદ્ધ નિશ્ચયાત્મક શુદ્ધ વ્યવહારી છે

નિશ્ચય તો દ્રવ્યનું સ્વરૂપ અને વ્યવહાર સસારાવસ્થિતભાવ, તેનું વિવરણ.

મિથ્યાદષ્ટિ જીવ પોતાનુ સ્વરૂપ જાણતો નથી તેથી પર સ્વરૂપવિષે મગ્ન બની પરકાર્યને તથા પરસ્વરૂપને પોતાના માને છે તેથી તે કાર્ય કરતો હોવાથી તે અશુદ્ધ વ્યવહારી કહેવાય સમ્યગ્દષ્ટિ પોતાનુ સ્વરૂપ પરોક્ષ પ્રમાણવડે અનુભવે છે પરસત્તા અને પરસ્વરૂપને પોતાનુ કાર્ય નહિ માનતો થકો યોગ (મન, વચન અને કાયા) દ્વારવડે પોતાના સ્વરૂપમા ધ્યાન-વિચારરૂપ ક્રિયા કરે છે તે કાર્યકરતા તે મિશ્ર વ્યવહારી કહેવાય કેવલજ્ઞાની (જીવ) યથાખ્યાત ચારિત્રના બળવડે શુદ્ધાત્મસ્વરૂપમા રમણશીલ છે તેથી તે શુદ્ધ વ્યવહારી કહેવાય. તેમનામા યોગારૂઢ અવસ્થા વિદ્યમાન છે તેથી તેમને વ્યવહારી નામ કહ્યો. શુદ્ધ વ્યવહારની મર્યાદા તેરમા ગુણસ્થાનથી માડી ચૌદમા ગુણસ્થાન સુધી જાણવી યથા अभिद्धत्वपरिणमनत्वात् व्यवहार ।

હવે ત્રણે વ્યવહારનું સ્વરૂપ

અશુદ્ધ વ્યવહાર શુભાશુભાચારરૂપ છે, શુદ્ધાશુદ્ધવ્યવહાર (મિશ્ર) શુભોપયોગમિશ્રિત સ્વરૂપાચરણરૂપ છે અને શુદ્ધ વ્યવહાર શુદ્ધ સ્વરૂપાચરણરૂપ છે પરતુ વિશેષ તેનું એમ છે કે —કોઈ કહે છે કે શુદ્ધ સ્વરૂપાચરણાત્મ તો સિદ્ધ વિષે પણ છે, અહીં પણ વ્યવહાર સજ્ઞા કહેવી જોઇએ, તે તેમ નથી કેમકે સસારી અવસ્થા સુધી વ્યવહાર કહીએ સસારાવસ્થા

મગ્ના વ્યવહાર પણ મચ્યો કહેવાય અહીં એ સ્થાપના કરી છે, તરી સિદ્ધ વ્યવહાર તીન કહેવાય. એ રીતે વ્યવહાર વિચાર સમાપ્ત

હવે આગમઅધ્યાત્મનું સ્વરૂપ.

વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ આગમ તથા અધ્યાત્મ સ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા તે બન્ને ભાવ સંસાર અવસ્થાવિષે ત્રિકાલવર્તી માનવા તેનું વિવરણ —

આગમ કર્મ પદ્ધતિ છે, અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ છે તેનું વિવરણ —કર્મપદ્ધતિ પૌદ્ગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે દ્રવ્યરૂપ તો પુદ્ગલના પરિણામ છે ભાવરૂપ પુદ્ગલાકાર આત્માની અશુદ્ધપરિણતિરૂપ પરિણામ છે—તે બન્ને પરિણામ આગમરૂપ સ્થાપ્યા છે

શુદ્ધચેતનાપદ્ધતિ (અધ્યાત્મ) શુદ્ધાત્મપરિણામ પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ-એમ બે પ્રકારે છે દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ છે ભાવરૂપ, જ્ઞાન દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણપરિણામ છે તે બન્ને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા એ આગમ તથા અધ્યાત્મ બન્ને પદ્ધતિમાં અનંતતા માનવી.

અનંતતા શું છે તેનો વિ[illegible]

અનંતતાનું સ્વરૂપ દૃષ્ટા[illegible]
એક બીજ હાથમાં લે[illegible]
તે વડના બીજ વિ[illegible]
જેવું થનાર છે તેવા[illegible]
સ્વરૂ છતું છે અ[illegible]

છે તેના પ્રત્યેક ફૂળમા એવા અનેક બીજ છે એ પ્રમરની અવસ્થા એક વ-ના બીજ વિષે વિચારીએ

વળી ફરી સૂક્ષ્મદષ્ટિથી જોઇએ તો વ-ના [વિસ્તૃત] વૃક્ષમા જે જે બીજો છે તે તે બીજો [એવા બીજા વિસ્તીર્ણ] અત ગર્ભિત વ-વૃક્ષયુક્ત છે એ પ્રમાણે એક વ-મા અનેક અનેક બીજ એકેક બીજવિષે એકેક વૃક્ષ છે તેનો [દીઘ] વિચાર કરીએ તો ભાવીનયપ્રમાણુથી ન વ-વૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય. એ પ્રમાણે અનતતાનુ સ્વરૂપ જાણવુ તે અનતતાના સ્વરૂપને કેવળજ્ઞાની પુરુષ પણ અનત જ દેખે જાણે કહે અનતનો બીજો અત છે જ નહિ જે જ્ઞાનમા [અતરૂપે] ભાસે તેથી અનતતા અનતરૂપ જ પ્રતિભાસે છે એ પ્રમાણે આગમ અધ્યાત્મની અનતતા જાણવી તેમા વિશેષ એટલુ કે અધ્યાત્મનુ સ્વરૂપ અનત છે અને આગમનુ સ્વરૂપ અનતાનતરૂપ છે કારણ કે યથાર્થ પ્રમાણથી અધ્યાત્મ એક દ્રવ્યાશ્રિત અને આગમ અનતાનત પુદ્ગલદ્રવ્યાશ્રિત છે તે બન્નેનુ સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવલજ્ઞાનગોચર છે અશમાત્ર મતિશ્રુતજ્ઞાનગ્રાહ્ય છે તેથી સર્વથા પ્રકારે આગમી અધ્યાત્મી તો કેવળજ્ઞાની, અશમાત્ર મતિશ્રુતજ્ઞાની જ્ઞાતાદેશમાત્ર અવધિજ્ઞાની, મન પર્યયજ્ઞાની એ ત્રણે [સર્વથા અશમાત્ર, દેશમાત્ર] યથાવસ્થિત જ્ઞાનપ્રમાણ ન્યૂનાધિકરૂપ જાણવા મિથ્યાદષ્ટિ જીવ ન આગમી છે ન અધ્યાત્મી છે કારણ કે તે કથનમાત્ર તો ગ્રથ પાઠના બળથી આગમ-અધ્યાત્મનુ સ્વરૂપ ઉપદેશમાત્ર કહે પણ તે આગમ સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણતો નથી

ન જીવ ન આગમી કે ન અધ્યાત્મી છે [મગજ કે તેને તે બન્નેનું વર્ણ જ નથી] યથા निर्विचारत्वात् ।

હવે મૂઢ અને જ્ઞાની જીવનું નિરૂપણ વળી પણ સાંભળો

જીન નામ માર્ગ મધ્યે નગે મૂઢ મોક્ષમાર્ગ સાધી શકે નહિ કરણ સાંભળો —મૂઢ જીવ આગમ પદ્ધતિને વ્યવહાર કહે અને અધ્યાત્મ પદ્ધતિને નિશ્ચય કહે તેથી તે આગમ અંગને એકાન્તપણે મોક્ષમાર્ગ દર્શાવે અધ્યાત્મ અંગને વ્યવહારે પણ જાણે નહિ એ મૂઢ દૃષ્ટિ જીવને સ્વભાવ છે તેને એ પ્રમાણે સૂઝે છે કેમકે આગમ અંગ બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે તેનું સ્વરૂપ સાધવું તે સુગમ છે તે બાહ્ય ક્રિયા કરતો થકે મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને પણ અંતર્ગર્ભિત અધ્યાત્મ રૂપ ક્રિયા જે અંતર્દૃષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ કારણ અંતર્દૃષ્ટિના અભાવથી અંતર્ ક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ તેથી મિથ્યાદૃષ્ટિ જીવ [ગમે તેટલી બાહ્ય ક્રિયા કરે તોપણ] મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે

હવે સમ્યગ્દૃષ્ટિનો વિચાર સાંભળો.

સમ્યગ્દૃષ્ટિ કોણ કહેવાય તે સાંભળો —સંશય વિમોહ અને વિભ્રમ એ ત્રણ ભાવ જેનામાં નથી તે જીવ સમ્યગ્દૃષ્ટિ સંશય, વિમોહ અને વિભ્રમનું સ્વરૂપ દૃષ્ટાન્તવડે દર્શાવે છે તે શ્રવણ કરો —જેમકે ચાર પુરુષ કોઈ એક સ્થાનમાં ઉભા હતા ત્યાં કોઈ અન્ય પુરુષે તે ચાર પુરુષ પાસે એક છીપનો ખંડ લાવી બતાવ્યો પ્રત્યેકને પ્રશ્ન કર્યો કે આ શું છે? છીપ છે કે રૂપું? પ્રથમ સંશયવાળો પુરુષ બોલ્યો કે કાંઈ સમજ પડતી નથી કે આ તે છીપ છે કે રૂપું! મારી દૃષ્ટિમાં તેનો નિરધાર થતો

નથી પછી બીજો વિમોહવાળો પુરુષ બોલ્યો કે મને એ કાંઈ સમજણ પડતી નથી કે તમે છીપ કોને કહો છો? તથા રૂપુ કોને કહો છો? મારી દષ્ટિમા કાંઈ આવતુ નથી તેથી હુ જાણતો નથી કે તમે શુ કહેવા માગો છો? અથવા તે ચુપ રહે, ઘેલછાથી બોલે નહિ હવે ત્રીજો વિભ્રમવાળો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણ રૂપુ છે, તેને છીપ કોણ કહે? મારી દષ્ટિમા તો રૂપુ સૂઝે છે, તેથી સર્વથા પ્રકારે તે રૂપુ છે તે ત્રણે પુરુષે તો છીપના સ્વરૂપને જાણ્યુ નહિ તેથી તે ત્રણે મિથ્યાવાદી છે હવે ચોથો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણ છીપનો ખડ છે તેમા સશય શો? છીપ, છીપ, છીપ, નિરધાર છીપ જો એને કોઈ અન્ય વસ્તુ કહે તો તે પ્રત્યક્ષ પ્રમાણ ભ્રમિત વા અધ તેવી રીતે સમ્યગ્દષ્ટિને સ્વપરસ્વરૂપમા સશય, વિમોહ, વિભ્રમ નથી, યથાર્થ દષ્ટિ છે તેથી સમ્ય દષ્ટિ જીવ અતર્દષ્ટિવડે મોક્ષપદ્ધતિ સાધી જાણે તે બાહ્યભાવને બાહ્ય નિમિત્તરૂપ માને તે નિમિત્ત તો નાના પ્રકારના છે, એકરૂપ નથી અન્તર્દષ્ટિના પ્રમાણમા મોક્ષમાર્ગ સાધે સમ્યગ્જ્ઞાન [સ્વસવેદન] અને સ્વ રૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવા એ વ્યવહાર અને શુદ્ધ દ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે એ પ્ર માણે નિશ્ચય-વ્યવહારનુ સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જાણે છે મૂઢ જીવ જાણે નહિ અને માને પણ નહિ મૂઢ જીવ બધપદ્ધતિને સાધતો થકો તેને મોક્ષમાર્ગ કહે તે વાત જ્ઞાતા માને નહિ કેમકે બધને સાધવાથી બધ સધાય પણ મોક્ષ સધાય નહિ જ્યારે જ્ઞાતા કદાચિત્ બધપદ્ધતિનો વિચાર કરે ત્યારે જાણે કે આ બ[illegible] મારુ દ્રવ્ય અનાદિકાળથી

એવુ જાણ્યુ છે જીવ તે પદ્ધતિનો મોહ તોડી વર્તે તો આ પદ્ધતિનો નાશ પુત્રની જેમ હે નર ! તુ શા માટે કરે ? [ન કરે] ના ઉદાસમાન પણ બંધપદ્ધતિમા મગ્ન થાય નહિ. તે જ્ઞાતા પોતાનુ સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે તથા નવધાભક્તિ તપ, ક્રિયા પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ થઈને કરે એ જ્ઞાતાનો આચાર એનુ નામ મિશ્ર વ્યવહાર છે.

હવે હેયજ્ઞેયઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર.

હેય–રાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા, જ્ઞેય–વિચારરૂપ અન્ય ષટ્ દ્રવ્યનુ સ્વરૂપ, ઉપાદેય–આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા તેનુ વિવેચન —

ગુણસ્થાનકના પ્રમાણમા હેયજ્ઞેયઉપાદેયરૂપ શક્તિ જ્ઞાતાની હોય. જેમ જેમ જ્ઞાતાની હેયજ્ઞેયઉપાદેયરૂપ શક્તિ વર્ધમાન થતી જાય તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ થાય એમ કહ્યુ છે ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન, ગુણસ્થાન પ્રમાણે ક્રિયા તેમા વિશેષ એટલુ કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તો [તેમને] અનેક રૂપનુ જ્ઞાન તથા અનેક રૂપની ક્રિયા હોય. કારણ કે ભિન્નભિન્ન આત્મસત્તાના પ્રમાણે કરી [જ્ઞાન–ક્રિયામા] એકતા મળે નહિ એક જીવ દ્રવ્યમા અન્યાન્યરૂપ ઔદયિક ભાવ હોય. તેથી તે ઔદયિક ભાવાનુસાર જ્ઞાનની અન્ય અન્યતા જાણવી. પરંતુ વિશેષ એટલુ કે [એ સર્વ આત્મામા] કોઈ પ્રકારનુ જ્ઞાન એવુ ન હોય કે પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે, કેમકે અવસ્થા (દશા) ના પ્રમાણમા પરસત્તાવલંબક છે [પણ તેને તે મોક્ષમાર્ગ કહેતો નથી] તે આત્મા જ્ઞાનને

પરસત્તાવલંબી પરમાર્થદૃષ્ટિએ ન કહેવાય. જે જ્ઞાન હોય તે સ્વ-સત્તાવલંબનશીલ હોય; તેનું નામ જ્ઞાન. તે જ્ઞાનને સહકારભૂત નિમિત્તરૂપ નાના પ્રકારના ઔદયિકભાવ હોય. જ્ઞાતા તે ઔદયિકભાવનો તમાશગીર છે, પણ તેનો કર્તા, ભોક્તા કે અવલંબી નથી. તેથી કોઈ એમ કહે કે 'આ પ્રકારના ઔદયિકભાવ સર્વથા હોય તો તેને અમુક [ફલાણું] ગુણસ્થાન કહીએ' એમ કહેવું એ જૂઠ છે. એમ કહેનારે દ્રવ્યનું સ્વરૂપ સર્વથા પ્રકારે જાણ્યું નથી. કારણ—અન્ય ગુણસ્થાનની તો વાત શું કહેવી? કેવલીઓમાં પણ ઔદયિકભાવનું નાના પ્રકારપણું જાણવું. કેવલીઓના ઔદયિકભાવ પણ એક સરખા હોય નહિ. કોઈ કેવલીને દંડ કપાટરૂપ ક્રિયાનો ઉદય હોય, જ્યારે કોઈ કેવલીને તે ન હોય. એ પ્રમાણે કેવલીઓમાં પણ ઉદયની નાનારૂપતા છે તો અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી? માટે ઔદયિકભાવાનુસાર જ્ઞાન નથી. જ્ઞાન સ્વશક્તિ પ્રમાણે છે. સ્વપર-પ્રકાશક જ્ઞાનશક્તિ, જ્ઞાયક પ્રમાણે જ્ઞાન તથા યથાનુભવ પ્રમાણે સ્વરૂપાચરણરૂપ ચારિત્ર એ જ્ઞાનાનું સામર્થ્ય છે. એ વાતનું વિવેચન ક્યાંસુધી લખીએ, ક્યાંસુધી કહીએ?

[તત્ત્વ] વચનાતીત, ઈન્દ્રિયાતીત, જ્ઞાનાતીત છે તેથી આ વિચારો બહુ શા લખવા? જે જ્ઞાના હશે તે થોડું જ લખેલું [પણ] બહુ સમજશે. જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરન્તુ સમજશે નહિ. આ વચનિકા યથા-યોગ્ય સુમતિપ્રમાણે કેવલીવચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્યાનુસાર કલ્યાણકારી થશે.

ઇતિ પરમાર્થ વચનિકા.

કવિવર શ્રી બનારસીદાસ લિખિત ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી.

હિન્દી પરથી ગુજરાતી અનુવાદ

પ્રથમ જ કોઈ પૂછે કે નિમિત્ત શું ? ઉપાદાન શું ? તેનું વિવરણ—

નિમિત્ત તો સંયોગરૂપ કારણ ઉપાદાન વસ્તુની સહજ શક્તિ તેનું વિવરણ—

એક દ્રવ્યાર્થિક નિમિત્ત ઉપાદાન બીજું પર્યાયાર્થિક નિમિત્ત ઉપાદાન તેનું વિવેચન—

દ્રવ્યાર્થિક નિમિત્ત ઉપાદાન [વસ્તુમાં] ગુણભેદ કલ્પનારૂપ છે પર્યાયાર્થિક નિમિત્ત ઉપાદાન [વસ્તુમાં] પરયોગ કલ્પનારૂપ છે તેની ચૌભંગી તેમાં પ્રથમ ગુણભેદ કલ્પનારૂપ ચૌભંગીનો વિસ્તાર કહીએ છીએ તે શ્રવણ કરો—

જીવ દ્રવ્યના અનંત ગુણ સર્વગુણ અસહાય, સ્વાધીન અને સદાકાળ શાશ્વત છે તેમાં મુખ્ય બે ગુણ પ્રધાન સ્થાપીએ તે પર ચૌભંગીનો વિચાર એક તો જીવનો જ્ઞાન ગુણ અને બીજો જીવનો ચરિત્ર ગુણ

એ બન્ને ગુણ શુદ્ધરૂપભાવ જાણવા અશુદ્ધરૂપ પણ જાણવા અને યથાયોગ્ય સ્થાનકે [ગુણસ્થાને] જાણવા તેનું વિવરણ—એ બન્ને ગુણોની ગતિ ન્યારી ન્યારી, શક્તિ ન્યારી ન્યારી, જાતિ ન્યારી ન્યારી સત્તા ન્યારી ન્યારી તેનું વિવેચન—

જ્ઞાનગુણની તો જ્ઞાન અજ્ઞાનરૂપ ગતિ સ્વપરપ્રકાશક શક્તિ જ્ઞાન [સમ્યગ્જ્ઞાન] રૂપ તથા મિથ્યાત્વરૂપ જાતિ, દ્રવ્યપ્રમાણ

સત્તા છે; પરંતુ વિશેષ એટલું કે જ્ઞાનરૂપ જાતિનો કદિ નાશ થતો નથી; પરંતુ મિથ્યાત્વરૂપ જાતિનો નાશ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતાં સુધી થતો નથી. આ તો જ્ઞાન ગુણનો નિર્ણય થયો. હવે ચારિત્ર ગુણનું વિવેચન કહેવાય છેઃ —ચારિત્રગુણની સંકલેશ-વિશુદ્ધરૂપ ગતિ, સ્થિરતા—અસ્થિરતારૂપ શકિત, મંદ-તીવ્રરૂપ જાતિ, દ્રવ્યપ્રમાણુ સત્તા છે. તેમાં એટલું વિશેષ કે મંદતાની સ્થિતિ ચૌદમા ગુણસ્થાન પર્યંત હોય છે; તીવ્રતાની સ્થિતિ પાંચમા ગુણસ્થાન સુધી હોય છે. આ તો જ્ઞાન-ચારિત્ર બન્નેના ગુણભેદ ન્યારા ન્યારા કહ્યા. હવે તેની વ્યવસ્થાઃ—જ્ઞાન ચારિત્રને આધીન નથી, ચારિત્ર જ્ઞાનને આધીન નથી. બન્ને અસહાયરૂપ છે. એવી તો મર્યાદા છે.

હવે ચૌભંગીનો વિચાર-જ્ઞાનગુણ નિમિત્ત, ચારિત્ર-ગુણ ઉપાદાનરૂપ. તેનું વિવેચન.

૧ અશુદ્ધ નિમિત્ત, અશુદ્ધ ઉપાદાન.
૨ અશુદ્ધ નિમિત્ત, શુદ્ધ ઉપાદાન.
૩ શુદ્ધ નિમિત્ત, અશુદ્ધ ઉપાદાન.
૪ શુદ્ધ નિમિત્ત, શુદ્ધ ઉપાદાન.

સૂક્ષ્મદષ્ટિપૂર્વક દ્રવ્યની એક સમયની અવસ્થા લેવી; સમુચ્ચયરૂપ મિથ્યાત્વ સમ્યક્ત્વની વાત ન લેવી.

કોઈ સમયે જીવની અવસ્થા આ પ્રકારની હોય છે કેઃ—
૧. જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર.
૨. અજાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર.
૩. જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર.
૪. અજાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર.

નમને ઞાનના અજાણરૂપ ગતિ અને ચારિત્રની સમને
તિ તે મમને નિમિત્ત અને ઉપાદાન બન્ને અશુદ્ધ
જે સમે જાણરૂપ ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર તે સમે
શુદ્ધ નિમિત્ત અને અશુદ્ધ ઉપાદાન

જે સમે અજાણરૂપ ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર તે
સમે અશુદ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાન

જે સમે જાણરૂપ ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર તે
સમે નિમિત્ત અને ઉપાદાન બન્ને શુદ્ધ

એ રીતે ઞાનની શુદ્ધતા જીવની અન્ય અન્ય દશા સદાકાળ અનાદિકાળથી
છે તેનું વિવેચન —

જાણરૂપ એ ઞાનની શુદ્ધતા કહેવાય, વિશુદ્ધરૂપ એ ચારિ
ત્રની શુદ્ધતા કહેવાય. અજાણરૂપ એ ઞાનની અશુદ્ધતા કહીએ
સંકલેશરૂપ એ ચારિત્રની અશુદ્ધતા કહીએ હવે તે સબંધી
વિચાર સમજો —

મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમે જીવનો ઞાન ગુણ જાણરૂપ
હોય ત્યારે તે કેવું જાણે છે? તે એવું જાણે છે કે—લક્ષ્મી પુત્ર
સ્ત્રી પ્રત્યક્ષ પ્રમાણરૂપ મારાથી ન્યારા છે હું મરીશ અને
એ સૌ અહીં જ રહેશે અથવા એ સૌ જશે અને હું
રહીશ કોઈ કાળે એ સર્વથી મારે એક દિવસ વિયોગ
છે એવું જાણપણું મિથ્યાદૃષ્ટિને થાય છે તે તો શુદ્ધતા કહેવાય
પરંતુ એ શુદ્ધતા સમ્યક્ શુદ્ધતા નથી પણ ગર્ભિત શુદ્ધતા છે
જ્યારે વસ્તુનું સ્વરૂપ જાણે ત્યારે સમ્યક્ શુદ્ધતા છે તેથી
વિના હોય નહિ પરંતુ ગર્ભિત શુદ્ધતા પણ
છે વળી કોઈ સમે જીવનો ઞાન ગુણ અજાણરૂપ

દય, તે થેડળારૂપ હોય છે તેથી કેવળ બધ છે એ પ્રમાણે મિથ્યાત્વ અવસ્થામા કોઈ સમયે ચારિત્ર ગુણ વિશુદ્ધરૂપ હોય ત્યારે ચારિત્રાવરણીય કર્મ મદ હોય છે તે મદતાને લીધે નિર્જરા થાય છે તથા કોઈ સમયે ચારિત્રગુણ સકલેશરૂપ હોય ત્યારે તેનો તીવ્રબધ હોય એ પ્રમાણે મિથ્યાત્વ અવસ્થામા જે સમયે જાણુરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર હોય તે સમયે નિર્જરા છે જે સમયે અજાણરૂપ જ્ઞાન અને સકલેશરૂપ ચારિત્ર છે તે સમયે બધ છે તેમા વિશેષ એટલુ કે અલ્પ નિર્જરા અને બહુ બધ થાય છે, તેથી એ અલ્પની અપેક્ષાએ મિથ્યાત્વ અવસ્થાવિષે કેવળ બધ કહ્યો જેમકે કોઈ પુરુષને નફો થોડો અને નુકશાની ઘણી તો તે પુરુષ ટોટાવાળો જ કહેવાય પરતુ બધ નિર્જરા વિના જીવ કોઈ અવસ્થા વિષે હોતો નથી

દૃષ્ટાન્ત — જો વિશુદ્ધતાવડે નિર્જરા ન થતી હોય તો એકેન્દ્રિય જીવ નિગોદ અવસ્થાથી વ્યવહારરાશિમા કોના બળથી આવે છે ? ત્યા તો જ્ઞાન ગુણ અજાણરૂપ, ઘેનદશારૂપ અબુધરૂપ છે તેથી જ્ઞાન ગુણના બળથી નહિ પણ વિશુદ્ધ ચારિત્રના બળથી જીવ વ્યવહારરાશિમા ચઢે છે જીવદ્રવ્યમા કર્મની મદતા થાય છે તેથી નિર્જરા થાય છે વળી મદતાના પ્રમાણમાં (ચારિત્ર ગુણની) શુદ્ધતા જાણવી હવે બીજો પણ વિસ્તાર સાભળો —

જ્ઞાનનુ જાણપણુ અને ચારિત્રની વિશુદ્ધતા બન્ને મોક્ષમાર્ગાનુસારી છે, તેથી બન્નેમા વિશુદ્ધતા માન એ પ્રમાણે શુદ્ધતા ન એટલુ કે ગર્ભિત ... સુધી ગ્રથિમે ગુણની ગર્ભિત

[હોય અને] મોક્ષમાર્ગ સધાય નહિ પણ [જીવને] ઊર્ધ્વતા અવસ્ય મરે જ [પણ મોક્ષમાર્ગના કારણરૂપ તે ન થાય] જ્યારે અવિભેદ થાય ત્યારે એ બને ગુણની ગર્ભિત શુદ્ધતામા શિખા [અંકુર] ફૂટે એટલે એ બને [જ્ઞાન–ચારિત્ર] ગુણધારા વહે છે। મોક્ષમાર્ગ તરફ ગતિ માંડે જ્ઞાનગુણની શુદ્ધતાવડે જ્ઞાનગુણ નિર્મળ થાય અને ચારિત્રગુણની શુદ્ધતાવડે ચારિત્ર ગુણ નિર્મળ થાય અને તે કેવળજ્ઞાનને તથા યથાખ્યાતચારિત્રનો અંકુર [સમ્યક્ ફણગે] છે

પ્રશ્ન—તમે કહ્યુ કે જ્ઞાનનુ જાણપણુ અને ચારિત્રની વિશુદ્ધતા એ બને નેથી નિર્જરા થાય છે ત્યા જ્ઞાનના જાણપણાથી તો નિર્જરા થાય એ તો હુ માનુ છુ પણ ચારિત્રની વિશુદ્ધતાથી નિર્જરા કેવી રીતે હોય ? એ હુ સમજતો નથી. તેનું સમાધાન —

સમાધાન—ભાઈ ! સાંભળો સ્થિરતારૂપ પરિણામને વિશુદ્ધતા કહીએ છીએ એ સ્થિરતા યથાખ્યાત ચારિ[illegible] છે તે અપેક્ષાએ વિશુદ્ધતામા શુદ્ધતા આવી

આવી એમ માન્યું, એમાં વાંધો નથી. વિશુદ્ધતા સદાકાળ મોક્ષનો માર્ગ છે, પરંતુ ગ્રંથિભેદ વિના શુદ્ધતાનું જોર ચાલતું નથી ને ! જેમ કોઈ પુરુષ નદીમાં ડૂબકી મારે, જ્યારે ફરી તે ઉછળે ત્યારે દૈવયોગાત્ તે પુરુષની ઉપર નૌકા આવી જાય. જો કે તે તારક [તારુ] છે તો પણ કેવી રીતે તે નીકળે ? કારણ કે તેનું કાંઈ જોર ચાલતું નથી, ઘણો કલ-બલ કરે પણ તેને વશ કાંઈ પણ નથી. તેમ વિશુદ્ધતાથી ઊર્ધ્વતા જાણવી. માટે ગર્ભિત શુદ્ધતા કહી; ગ્રંથિભેદ થતાં એ ગર્ભિત શુદ્ધતા મોક્ષમાર્ગ તરફ ચાલી. પોતાના સ્વભાવવડે વર્દ્ધમાન રૂપ થઈ ત્યારે તે પૂર્ણ યથાખ્યાતરૂપ પ્રગટ કહેવાઈ. વિશુદ્ધતાની જે ઊર્ધ્વતા એ જ તેની શુદ્ધતા.

જ્યાં મોક્ષમાર્ગ સાધ્યો ત્યાં કહ્યું કે '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' તથા એમ પણ કહ્યું કે '**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' તે સંબંધી વિચારઃ-ચોથા [અવિરત સમ્યક્ત્વ] ગુણસ્થાનથી માંડી ચૌદમા ગુણસ્થાન પર્યંત મોક્ષમાર્ગ કહ્યો તેનું વિવરણઃ—

સમ્યગ્રૂપ જ્ઞાનધારા, વિશુદ્ધરૂપ ચારિત્રધારા—બન્ને ધારા મોક્ષમાર્ગ તરફ ચાલી. ત્યાં જ્ઞાનવડે જ્ઞાનની શુદ્ધતા અને ક્રિયાવડે ક્રિયાની (ચારિત્રની) શુદ્ધતા થવા લાગી (અહીં પરિણતિની સ્થિરતારૂપ ક્રિયા સમજવી). વિશુદ્ધતામાં જે શુદ્ધતા છે તે (ક્રમશઃ) યથાખ્યાત ચારિત્રરૂપ થાય છે. જો વિશુદ્ધતામાં શુદ્ધતાનો અંશ ન હોત તો જ્ઞાન ગુણ શુદ્ધ હોત અને ક્રિયા [પરિણતિ] અશુદ્ધ રહેત. પણ કેવલી ભગવાનમાં એમ તો હોતું નથી. [તેથી સિદ્ધ થાય છે કે] તેમાં [વિશુદ્ધ શુદ્ધતા [illegible]] વિશુદ્ધતા થઈ.

ર ી કોઇ કહે કે જ્ઞાનની શુદ્ધતાવડે ક્રિયા શુદ્ધ થઈ, પણ અમ નથી કેઇ ગુણ અન્ય ગુણને આશ્રે નથી સર્વ અસ હાયરૂપ છ નથી માનજો જો ક્રિયાપદ્ધતિ સર્વથા અશુદ્ધ હોત તો જ્ઞાતાની એટલી શકિત તો નથી કે તે મોક્ષમાર્ગ તરફ ગતિ કરે વિશુદ્ધતામા યથાખ્યાત ચારિત્રનો અંશ છે તેથી તે અંશ ક્રમશ પૂર્ણ થશે

હે ભાઇ ત *વિશુદ્ધતામા શુદ્ધતા માની કે નહિ ? જો તે મ ની છે તો કાઇ અન્ય કહેવાનુ કાર્ય નથી જો તે નથી માની તો તારૂ દ્રવ્ય એ પ્ર રે પરિણ મુ છે ત્યા અમે શુ કરીએ ? જો માને તો તને શ બાશી એ પ્રમાણે દ્રવ્યાર્થિકની ચૌભગી પૂર્ણ થઈ

નિમિત્ત-ઉપાદાન શુદ્ધ અશુદ્ધરૂપ વિચાર —

હવે પર્યાયાર્થિકની ચૌભગી સાભળો —

૧ વક્તા અને શ્રોતા બ ને અજ્ઞાની તે નિમિત્ત અને ઉપાદાન બ ને અશુદ્ધ

૨ વક્તા અજ્ઞાની અને શ્રોતા જ્ઞાની તે નિમિત્ત અશુદ્ધ અને ઉપાદાન શુદ્ધ

૩ વક્તા જ્ઞાની અને શ્રોતા અજ્ઞાની તે નિમિત્ત શુદ્ધ અને ઉપાદાન અશુદ્ધ

૪ વક્તા જ્ઞાની અને શ્રોતા જ્ઞાની તે નિમિત્ત અને ઉપાદાન બ ને શુદ્ધ

(એ પ્રમાણે પર્યાયાર્થિક ચોભગી કહી)

ઇતિ નિમિત્ત ઉપાદાન શુદ્ધાશુદ્ધરૂપ વિચાર વચનિકા

---

*અહીં વિશુદ્ધતા એ લે મદ કષાય તથા શુદ્ધતા એટલે કષાયરહિતપણુ સમજવુ

નિમિત્ત–ઉપાદાનના દોહા.

દોહા

પ્રશ્ન—ગુરૂઉપદેશ નિમિત્ત વિન, ઉપાદાન બલહીન
જ્યોં નર દૂજે પાંવ વિન, ચલવેકો આધીન ૧

હૌં જાનૈ થા એક હી ઉપાદાનસોં કાજ,
થકૈ સહાઈ પૌન વિન, પાનીમાંહિ જહાજ ૨

ઉત્તર—જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઉ શિવમગ ધાર,
ઉપાદાન નિહચૈ જહાં, તહાં નિમિત્ત વ્યોહાર ૩

ઉપાદાન નિજ ગુણ જહાં, તહું નિમિત્ત પર હોય
ભેદ જ્ઞાન પરવીન વિધિ વિરલા બૂઝૈ કોય ૪

ઉપાદાન બલ જહં તહાં, નહિ નિમિત્ત કો દાવ
એક ચક્રસૌં રથ ચલૈ, રવિકો યહૈ સ્વભાવ ૫

સધૈ વસ્તુ અસહાય જહં, તહં નિમિત્ત હૈ કૌન
જ્યોં જહાજ પરવાહમેં, તિરૈ સહજ વિન પૌન ૬

ઉપાદાન વિધિ નિરવચન, હૈ નિમિત્ત ઉપદેશ
બસૈ જુ જૈસે દેશમેં, કરૈ સુ તૈસે ભેષ ૭

ઇતિ શુભમ્.

---

*ક્રિયા, દયા વિન ની વિશુદ્ધતા નમે તેમજ થઈ હોય તો પણ તે પ્રમાણે કશી ગતી જ નથી તેથી જ તે દ્રવ્યચારિત્ર નામ કહેવાય છે. દ્રવ્યલિંગી મુનિને પણ એ અપેક્ષાએ મિથ્યા દૃષ્ટિ કહ્યા, અને ચોથા અવિરત સમ્યગ્દ્રષ્ટિને મોક્ષમાર્ગી કહ્યા તેનું પણ એ જ કારણ છે

નાટકસમયસારસિદ્ધાંતના પાઠાંતર કલશોનો ભાષાનુવાદ.

મનહર છંદ

પ્રથમ અજ્ઞાની જીવ કહે મૈં સદીવ એક,
દૂસરો ન ઔર મૈં હી કરતા કરમકો,
અંતર વિવેક આયો આપા-પર-ભેદ પાયો,
ભયો બોધ ગયો મિટ ભારત ભરમકો
ભાસે છહૌ દ્રવ્યનકે ગુણ પરજાય સબ,
નાસે દુખ લખ્યો મુખ પૂરણ પરમકો,
કરમકો કરતાર માન્યો પુદ્ગલ પિંડ,
આપ કરતાર ભયો આતમ ધરમકો ૧

દોહા

જીવ ચેતના સંજુગત, સદાકાલ સબ હૌર,
તાતૈં ચેતનભાવકો કર્તા જીવ ન ઔર ૨

ગીતિ

જે પૂર્વ કર્મઉદય વિષયરસ, ભોગમગન સદા રહૈં,
આગમ વિષયસુખ ભોગ વાંછહિં, તે ન પંચમગતિ લહૈં
જિસ હિયે કેવલ વૃક્ષ અંકૂર, શુદ્ધ અનુભવ દીપ હૈ,
ક્રિયા સકલ તજ હોહિં સમરસ, તિનહિ મોક્ષ સમીપ હૈ ૩
કોઉ વિચક્ષણ કહે મો હિય, શુદ્ધ અનુભવ મોહરે,
મૈં ભવિ નર પરિમાણ નિર્મલ, નિરાશી નિરમોહરે
સમધ્યાન દેવલ માંહિ કેવલ દેવ પરગટ ભાસહીં,
કર ભ્રષ્ટયોગ વિભાવ પરિણતિ, અષ્ટ કર્મ વિનાશહીં ૪

બનારસીદાસ

राग-[illegible].

ઐસેં ગોં પ્રભુ પાઇયે, સુન [illegible] પ્રાની;
જ્યોં મથિ માખન કાઢિયે, [illegible]
જ્યોં રસલીન રસાયની, [illegible]
ત્યોં ઘટમેં પરમારથી, [illegible]—ઐસેં० ૨.
જૈસેં વૈદ્ય વિથા[2] લહૈ, [illegible]
તૈસેં પંડિત પિંડકી, [illegible]
પિંડસ્વરૂપ અચેત હૈ, [illegible]—ઐસેં० ૩.
જાનૈ માનૈ રમિ રહે, [illegible]
ચેતન લચ્છન હૈ ધની, [illegible]—ઐસેં० ૪.
ચંચલ લચ્છન ચિત્ત હૈ, [illegible]
લચ્છન ભેદ વિલેચ્છકો, [illegible]—ઐસેં० ૫.
સત્તસરૂપ હિયે ધરૈ, [illegible]
[illegible]—ઐસેં० ૬.
જ્યોં રજ સોધૈ ન્યારિયા,[3] [illegible]
ત્યોં મુનિ કર્મવિપાકમેં, [illegible]
આપ લખૈ જબ આપકો, [illegible]
સેવક સાહિબ એક હૈ, [illegible]
[illegible]

૨

૩. ચોટલી

. રંગો. ૨. વ્યથા. [illegible]

॥ ॐ ॥

॥ श्री प्रणव माहात्म्य ॥

ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

ધનાક્ષરી.

ॐकार શબ્દ વિશદ[1] યાકે ઉભયરૂપ,
 એક આતમીક ભાવ એક પુદ્ગલકો;
શુદ્ધતા સ્વભાવલિયે ઉડયો રાય ચિદાનંદ[2],
 અશુદ્ધ વિભાવ લે પ્રભાવ જડબલકો.
ત્રિગુણ ત્રિકાલ તાતેં વ્યય ધ્રુવ ઉતપાત,
 જ્ઞાતાકો સુહાત વાત નહીં લાગ ખલકો;
બાનારસીદાસજૂકે હ્રદય ॐकार વાસ,
 જૈસો પરકાશ શશિ[3] પક્ષકે શુકલકો.
નિરમલ જ્ઞાનકે પ્રકાર પંચ નરલોક,
 તામેં શ્રુતજ્ઞાન પરધાન કર પાયા હે;

[1] ળ, ૨ જ્ઞાનસ્વરૂપનો આનંદ, ૩ ચંદ્ર,

જો મૂલ રોપરૂપ અક્ષર અનક્ષરમેં,
અનાહદ અધ પિંડ રૈનમેં જગાયો હૈ.
આસન વજ્ર કરી અસંખ્યાત સતિપત,
તિનિમેં નૂપ ઑંકાર ઝનઝન ગુંજાયો હૈ;
ખાનાદરશીદાસ એમ કારણ વિચાર યામેં,
ઐસો ઑંકાર કંઠ પાઠ તોહિ આયો હૈ. ૨.
મહામંત્ર ગાયત્રીકે મુખ બ્રહ્મરૂપ મંડ્યો,
આતમ પ્રેમ હોઈ પરમ પ્રકાશ હૈ;
તા પર અકાર છત્ર ધ્વજ ચામર સો,
પવન અગનિ જલ વસે એક વાસ હૈ;
એસી આકાર તાને રહ રૂપ ચિતવન,
મહાતમ મહત્વ તામેં બહુ ભાસ હૈ;
ઐસો ઑંકાર અમૃત સૂક્ષ્મ મૂલરસ,
ખાનાદરશીદાસજીકે ધ્યાન વિલાસ હૈ. ૩.

૧ [illegible] ૨ [illegible] ૩ [illegible] ૪ ચોટલી
[illegible]

શારદાષ્ટક.

વસ્તુછંદ.

નમો કેવલ નમો કેવલરૂપ ભગવાન,
મુખ ઓંકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ.
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.
સો સત્યારથ શારદા તાસુ, ભક્તિ ઉર આન;
છન્દ ભુજંગપ્રયાતમેં, અષ્ટક કહૌં બખાન. ૧.

ભુજંગપ્રયાત.

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા,
વિશુદ્ધપ્રબુદ્ધા નમો લોકમાતા.
દુરાચાર દુર્નૈહરા શંકરાની;
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૨.
સુધાધર્મસંસાધની ધર્મશાલા,
સુધા તાપનિર્નાશિની [illegible]
મહામોહવિ[illegible]ની
નમો [illegible]
[illegible]ની સદૈ

અખેવૃક્ષશાખા વ્યતીતાભિલાષા,
કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા;
ચિદાનન્દ-ભૂપાલકી રાજધાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૪

સમાધાનરૂપા[1] અનૂપા અછુદ્રા,
અનેકાન્તધા સ્યાદ્વાદાંકમુદ્રા;
ત્રિધા[2] સપ્તધા[3] દ્વાદશાંગી વખાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૫

અકોપા અમાના અદંભા અલોભા,
શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાનશોભા;
મહાપાવની ભાવના ભવ્યમાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૬.

અતીતા અજિતા સદા નિર્વિકારા,
વિષૈવાટિકાખંડિની ખડ્ગધારા;
પુરાપાપવિક્ષેપકર્તૃ[4] કૃપાણી,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૭.

---

૧. ચિત્ત શ, ઉદાર. ૨. ઉત્પાદ, વ્યય, ધ્રુવ—ત્રિપદિ નયસ્વરૂપ
વચનરૂપ, ભાવરૂપ અસ્તિ, નાસ્તિ, અવક્તવ્યરૂપ. ૩ સપ્તભંગી
૪. તરવાર જેવી મોટી છરી

અગાધા અબાધા નિરધ્ધા[1] નિરાશા;
    અનન્તા અનાદીશ્વરી કર્મનાશા;
નિશંકા નિરંકા[2] ચિદંકા[3] ભવાની,
    નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૮

અશોકા મુદેકા[4] વિવેકા વિધાની,
    જગજ્જન્તુમિત્રા વિચિત્રાવસાની[5]:
સમસ્તાવલોકા નિરસ્તાનિદાની[6],
    નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૯

જૈનવાણી જૈનવાણી સુનહિં જે જીવ,
જે આગમ રુચિ ધરે જે પ્રતીતિ મનમાંહિ આનહિં;
અવધારહિં જે પુરુષ સમર્થ પદ અર્થ જાનહિં
જે હિતહેતુ બનારસી, દેહિં ધર્મ ઉપદેશ;
તે સબ પાવહિં પરમસુખ, તજ સંસાર ક્લેશ ૧૦

---

૧ નિર્ગ્રંથ ૨ કલંકરહિત, ન્યૂનતારહિત ૩ ચૈતન્યસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ છે ચિહ્ન જેનું ૪ હર્ષરૂપા, પ્રસન્નરૂપા ૫ નાના પ્રકારના પોશાકવાળી ૬ નિદાન કરવાનો નિષેધ કરનારી

પંડિતપ્રવર ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી

અર્થાત્

આધ્યાત્મિક પ્રશ્નોત્તરી પત્રિકા.

ભૂમિકા.

सर्वमंगलनिधौ हृदि यस्मिन् सङ्गते निरुपमं सुखमेति।
मुक्तिशर्म च वशीभवति द्राक् तं बुधा भजत शान्त-
रसेन्द्रम्।

અર્થ:—હે બુદ્ધિમાન પુરુષો! જે અનુભવ, હૃદયમાં પ્રાપ્ત થવાથી અનુપમ સુખની પ્રાપ્તિ થાય છે અને મુક્તિ-લક્ષ્મી શીઘ્ર વશમાં આવે છે તે સંપૂર્ણ મંગળોના સમુદ્રસ્વરૂપ શાન્ત રસેન્દ્રના અનુભવને તમે સેવો.

કોઈપણ વિદ્યાને શીખી જે પોતાના [illegible] સાધારણ યા વિશેષ કાર્યોમાં તેનો નિરંતર ઉપયોગ કરે [illegible] છે અથવા તો વ્યાવહારિક કાર્યોમાં જેમની વિદ્યાની [illegible] આવે છે તે [illegible] સત્પુરુષો વાસ્તવ અને આદર્શ વિદ્વાન [illegible] છે. જેઓએ પોતાના સતત પ્રયત્નોદ્વારા આત્માની [illegible] શક્તિઓનું [illegible] ધારન કરીને શાન્તિ-સુખનું તત્ત્વ નિચો[illegible] [illegible] ગૂઢ રહસ્યોનો તાગ લીધો છે અને તેમને [illegible] શંકાઓના સમાધાન કરવામાં પોતાના [illegible] તેવા આદર્શ વિદ્વાનો પાસે, જેમ [illegible]

ઉપસ્થિત થાય છે તેમ પ્રત્યેક દેશના મહાન્ પુરષો હાથ જોડી ખડા રહે છે

આવા અપૂર્વ વિદ્વાનોમા પંડિતપ્રવર ટોડરમલજી પણ આદર્શ વિદ્વાન થઇ ગયા છે તેઓ અધ્યાત્મ-રસના રસિક અને જ્ઞાની હતા જેઓએ ગોમ્મટસાર, લબ્ધિસાર આત્માનુશાસન આદિ પૂજ્ય સાહિત્યદર્શક મહાન્ ગ્રંથોપરની તેમની ટીકાઓનુ અવલોકન કર્યું છે તેમનાથી તેમની વિદ્વતા છાની નથી આજે તેમના બનાવેલ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથનો જૈન સમાજમા બહુ પ્રચાર છે જૈન ધર્મનો થોડો પણ મર્મ સમજનાર પ્રત્યેક જિજ્ઞાસુ તેમના બનાવેલા મોક્ષમાર્ગપ્રકાશકનુ નિત્ય અધ્યયન કરીને (તેમાથી આત્માને મળતા) શાન્ત રસના આસ્વાદનથી પોતાને કૃતકૃત્ય માની મુક્તમુખે પં० ટોડરમલજીની પ્રશસા કરવામા પોતાનુ સૌભાગ્ય સમજે છે યથાર્થપણે તેમનુ નામ આચાર્યોની શ્રેણિમા લખવા યોગ્ય છે.

તેવા પંડિતપ્રવરના આ અધ્યાત્મના ગૂઢ રહસ્યોથી પૂર્ણ ચિઠ્ઠીને અમે નાનુસરખું શાસ્ત્ર પણ કહીએ તો અત્યુક્તિ નથી તે એક પ્રાચીન ભંડારમાથી પ્રાપ્ત થઇ છે તે તેમણે પોતાના મુલતાન નિવાસી શિષ્યોના પ્રશ્નોના ઉત્તરરૂપે લખી છે પંડિત ટોડરમલજીએ તે પ્રશ્નોના ઉત્તરો કેવી ખૂબીથી આપ્યા છે તે વિષયમાં અમારે કાંઈ કહેવાની આવશ્યકતા નથી, કેમકે તે તો પાઠકોની સમક્ષ જ છે પરંતુ આપણા પૂર્ણ વિદ્વાન, અધ્યાત્મ રસના રસિક હોવા છતા પણ વ્યવહારમા કેવા દક્ષ હતા તે આ ચિઠ્ઠીના શારિક-વ્યવહારથી જ્ઞાત થાય છે

'તમને સહજાનંદની પ્રાપ્તિ હો' કેવુ શિષ્ટાચારપૂર્ણ

આધ્યાત્મિક આનંદદાયક વાક્ય છે। જો પાઠકગણ સ્વયં આ વાક્યપર થોડો પણ વિચાર કરે તો માલૂમ પડશે કે આ વાક્ય કેટલું મહત્વપૂર્ણ છે। એ પ્રમાણે ચિઠ્ઠીના સંપૂર્ણ વાક્યોમાં અનુભવની ઝલક દેખાઈ આવે છે યદ્યપિ વર્તમાન શૈલિની હિંદી ભાષામાં તેને પ્રકાશિત કરવાથી તેના વિષયો જન સાધારણને વિશેષ સુગમતાથી સમજાય પરંતુ જૈન સમાજના એક પ્રસિદ્ધ વિદ્વાનની કીર્તિરક્ષા તથા જે ભાવ વા આનંદ તેમની ભાષામાં વાંચવાથી આવે તે નવીન ભાષામાં ઉતારવાથી આવે કે કેમ તે સંદેહ છે, એમ વિચારી શ્રી છોટેલાલ જૈને તેમની જ ભાષામાં તે પ્રગટ કરેલ છે

આ જૂની હિન્દી ભાષાને નહિ સમજનાર ગુજરાત કાઠિયાવાડના જૈન સમાજને તે આધ્યાત્મિક ચિઠ્ઠીના મધુર રસનું આસ્વાદન કરાવવાને યથામતિ, તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે પરંતુ મૂળ વિષયની ભાષા અને આશયને વળગી રહેવા માટે ધર્મસ્નેહી ભાઇશ્રી રામજીભાઈ માણેકચંદ વકીલે આગ ભાષામાં યોગ્ય ફેરફાર કર્યો છે તે જાણી આનંદ થાય છે આ ભાષાન્તરમાં કાંઈ સ્ખલના રહી હોય તો મૂળ સંપાદકની અને વાચકોની ક્ષમા યાચી તથા ભૂલો સૂચવવા વિનતિ કરી વિરમું છું

કલોલ ૨૪૬૪ વીરશાસન જયન્તી	સેવક, શાહ સોમચંદ અમથાલાલ.

શ્રી

[illegible] મુ [illegible] નગર મહાશુભસ્થાન વિષે સ્વધર્મી ભાઈ [illegible] ઉત્તમ [illegible] અધ્યાત્મ રોચક ભાઇશ્રી ખાનચંદજી [illegible] સિદ્ધારથદાસજી આદિ સર્વ સ્વધર્મી [illegible] શ્રી મુખ વિનય શબ્દ અવધારજો [illegible] અને છે તમારા ચિદાનંદઘનના અનુભવથી [illegible] છુ

[illegible] એક પત્ર [illegible] અમિચંદજી ભુવાનીદાસજી [illegible] સમય [illegible] નામથી અન્ય સ્વધર્મી [illegible] તમારા જેવા જ [illegible] ઓળખીમા [illegible] ના રસિક જીવો બહુ [illegible] ધન્ય છે તમો જે સ્વ અનુભવની વાર્તા પણ [illegible] છે—

[illegible] प्रतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
[illegible] स भवत्भव्या भाविनिर्वाणभाजनम् ॥
पद्मनंदिपंचविंशतिका ।

અર્થ—જે જીવ [illegible] ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત જ સાંભળી છે તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનો [illegible] થાય છે અર્થાત્ તે જરૂર મોક્ષમાં જાય છે

[illegible] તમે જે [illegible] લખ્યા તેના ઉત્તર મારી બુદ્ધિ [illegible] લખ્યા છે તે [illegible] અને અધ્યાત્મ આગમનો [illegible] પત્રતા [illegible] લખ્યા કરશો. મેળાપ તો [illegible] થશે [illegible] નિરંતર સ્વરૂપ અનુભવમાં રહેશો. શ્રીરસ્તુ

હવે સ્વાનુભવદશા વિષે પ્રત્યક્ષ પરોક્ષાદિક પ્રશ્નના ઉત્તર

તેમા પ્રથમ સ્વાનુભવનુ સ્વરૂપ જાણવા નિમિત્તે લખુ છુ —

જીવ [નામનો ચેતન] પદાર્થ અનાદિ [કાળ] થી મિથ્યાદૃષ્ટિ છે, સ્વ પરના યથાર્થરૂપથી વિપરીત શ્રદ્ધાનનુ નામ તે મિથ્યાત્વ છે વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ ક્ષયોપશમથી સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનરૂપે તત્ત્વાર્થ શ્રધાન હોય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે સ્વ પરના યથાથ શ્રદ્ધાનમા શુદ્ધાત્મ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે વળી જેને સ્વપરનુ યથાર્થ શ્રદ્ધાન નથી પણ જૈન મતમા કહેલા દેવ ગુરુ અને ધર્મ–એ ત્રણેને માને છે તથા અન્યમત વિષે કહેલા દેવાદિ વા તત્ત્વાદિને માને નહિ તો એવા કેવળ વ્યવહાર સમ્યક્ત્વવડે તે [વાસ્તવિક] સમ્યક્ત્વી નામને પામે નહિ માટે સ્વ–પર ભેદ વિજ્ઞાનપૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવુ

વળી એવા સમ્યક્ત્વી થતાની સાથે, જે જ્ઞાન [પૂર્વે] પાચ ઇંદ્રિય તથા છઠ્ઠા મન દ્વારા ક્ષયોપશમરૂપ મિથ્યાત્વ દશામા કુમતિ કુશ્રુતરૂપ થઈ રહ્યુ હતુ તે જ્ઞાન હવે મતિ–શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયુ સમ્યગ્દૃષ્ટિ જે કાઈ જાણે તે સર્વ સમ્યગ્જ્ઞાનરૂપ છે

એ [સમ્યગ્દૃષ્ટિ] કદાચિત્ ઘટપટાદિ પદાર્થોને અયથાર્થ પણ જાણે તો તે આવરણજનિત ઉદયનો અજ્ઞાન ભાવ છે, તે ક્ષયોપશમરૂપ પ્રગટ જ્ઞાન છે, તેથી તે સર્વ સમ્યગ્જ્ઞાન જ છે કેમકે જાણવામા પદાર્થસ્વરૂપને વિપરીતરૂપે સાધતો નથી માટે તે સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનનો અશ છે જેમ થોડા ઘણા મેઘપટલ [વાદળા] વિલય થતા જે કઈ પ્રકાશ પ્રગટે છે તે સર્વપ્રકાશનો અશ છે

જે જ્ઞાન મતિ-શ્રુતરૂપ પ્રવર્તે છે તે જ જ્ઞાન વધતું વધતું કેવળજ્ઞાનરૂપ થાય છે તેથી સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે. વળી એ સમ્યગ્દૃષ્ટિના પરિણામમાં [એ જ્ઞાન] સવિકલ્પ તથા નિર્વિકલ્પ એમ બે પ્રકાર પ્રવર્તે છે. ત્યાં જે વિષય કષાયાદિરૂપ વા પૂજા-દાન-શાસ્ત્રાભ્યાસાદિરૂપ પ્રવર્તે છે તે સવિકલ્પ જાણવું.

પ્રશ્ન — જ્યાં શુભ-અશુભરૂપ પરિણમતો હોય ત્યાં સમ્યક્ત્વનું અસ્તિત્વ કેવી રીતે હોય?

સમાધાન —જેમ કોઈ ગુમાસ્તો શેઠના કાર્યમાં પ્રવર્તે છે, તે કાર્યને પોતાનું કાર્ય પણ કહે છે, હર્ષ-વિષાદને પણ પામે છે, એ કાર્યમાં પ્રવર્તતાં તે પોતાની અને શેઠની આપસમાં જુદાઈ નથી સમજતો નથી, પરંતુ તેને એવું અંતરંગ શ્રદ્ધાન છે કે 'આ મારું કાર્ય નથી.' એ પ્રમાણે કાર્ય કરનાર તે ગુમાસ્તો શાહુકાર છે. વળી તે શાહુકારના ધનને ચોરી તેને પોતાનું માને તો તે ગુમાસ્તો ચોર જ કહેવાય. તેમ કર્મોદયજનિત શુભાશુભ કાર્યનો કર્તા થઈ તદ્રૂપ પરિણમે તોપણ તેને એવા પ્રકારનું અંતરંગ શ્રદ્ધાન છે કે 'આ કાર્ય મારાં નથી.' તેમ શરીરાશ્રિત વ્રત-સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્તા માને) તો તે મિથ્યાદૃષ્ટિ છે. આવી રીતે સવિકલ્પ પરિણામ હોય છે.

હવે સવિકલ્પના દ્વારવડે નિર્વિકલ્પ પરિણામ થવાના વિધાન [વિધિ] કહીએ છીએ:—

તે સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ સ્વરૂપ ધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યારે પ્રથમ સ્વ-પર સ્વરૂપનું ભેદવિજ્ઞાન [વિવેક] કરે

નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મરહિત ચૈતન્યચિત્તચમત્કારમાત્ર પોતાનુ સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય અને કેવલ સ્વાત્મ વિચાર જ રહે છે, ત્યા નિજસ્વરૂપમા અનેક પ્રકારની અહબુદ્ધિ ધારે છે હુ ચિદાનદ છુ, શુદ્ધ છુ સિદ્ધ છુ, ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનદ તરગ ઉઠે છે, રોમાચ [ઉ૯્લસિત] થાય છે, ત્યાર પછી એવા વિચારો પણ છૂટી જાય અને [પોતાનુ] સ્વરૂપ કેવલ ચિન્માત્રરૂપ ભાસવા લાગે ત્યા સર્વ પરિણામ તે રૂપવિષે એકાગ્ર થઈ પ્રવર્ત્તે દર્શન-જ્ઞાનાદિકના વા નય પ્રમાણાદિના વિચાર [વિકલ્પ] પણ વિલય થઈ જાય.

સવિકલ્પ ચૈતન્ય સ્વરૂપવડે જે નિશ્ચય કર્યો હતો તેમા જ વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈ એવો પ્રવર્ત્તે કે જ્યા ધ્યાતા-ધ્યાયપણુ [ધ્યેય] દૂર થઈ જાય અને એવી દશાનુ નામ નિર્વિકલ્પ અનુભવ છે મોટા નયચક્ર ગ્રથમા પણ એમજ કહ્યુ છે કે-

तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण ।
णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा ॥ २६६ ॥
तत्वान्वेषणकाले समयं बुध्यस्व युक्तिमार्गेण ।
नो आराधनसमये प्रत्यक्षोऽनुभवो यस्मात् ॥ २६६ ॥

અર્થ:—પહેલા તત્ત્વના અવલોકન કાળે સમય અર્થાત્ શુદ્ધાત્માને યુક્તિમાર્ગથી અર્થાત્ નય પ્રમાણ વડે પહેલા જાણ ત્યાર પછી આરાધન સમય જે અનુભવ કાળ છે તેમા નય, પ્રમાણ છે નહિ કારણ ત્યા તો પ્રત્યક્ષ અનુભવ [વર્તે] છે જેમ રત્નની ખરીદ કરતે તો અનેક વિકલ્પ થાય છે પણ જ્યારે તે રત્ન પ્રત્યક્ષ પહેરવામા આવે ત્યારે વિકલ્પ હોતો નથી ત્યા તો રત્નને પહેરવાનુ સુખ જ વર્ત્તે છે એ પ્રમાણે

નિ   નિર્વિકલ્પ અનુભવ હોય છે

વળી જે જ્ઞાન પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મનદ્વારા પ્રવર્તતુ હતુ તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઇ નિર્વિકલ્પ અનુભવમા કેવળ સ્વરૂપ સન્મુખ થયુ કેમકે જે જ્ઞાન ક્ષયોપશમરૂપ છે તે એક કાળમા એક જ્ઞેયને જ જાણી શકે હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યુ ત્યારે અન્યને જાણવાનુ સહજે જ બંધ થયુ ત્યા એવી દશા થઇ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતા પણ સ્વરૂપ-ધ્યાનીને તેની કાંઈ ખબર નથી એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપ સન્મુખ થયુ વળી નયાદિના વિચારો મટવાથી શ્રુતજ્ઞાન પણ સ્વરૂપ સન્મુખ થયુ આવુ વર્ણન સમયસારની ટીકા આત્મખ્યાતિમા કર્યું છે તથા આત્મઅવલોકનાદિમા છે તેના માટે જ નિર્વિકલ્પ અનુભવને અતીન્દ્રિય કહીએ છીએ કારણ કે ઇન્દ્રિયોનો ધર્મ તો એ છે કે તે સ્પર્શ, રસ, ગંધ વર્ણને જાણે તે અહીં નથી અને મનનો ધર્મ એ છે કે તે અનેક વિકલ્પ કરે તે પણ અહીં નથી, [અર્થાત્ એ બને અહીં સ્વરૂપ ધ્યાનીને નથી] તેથી જે જ્ઞાન ઇન્દ્રિયો તથા મનદ્વારા પ્રવર્તતુ હતુ તે જ જ્ઞાન નિજ અનુભવમા પ્રવર્તે છે, તથાપિ આ જ્ઞાનને અતીન્દ્રિય કહીએ વળી આ સ્વાનુભવ મનદ્વારા થયો એમ પણ કહીએ કેમકે આ અનુભવમા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન જ છે, અન્ય કોઈ જ્ઞાન નથી

મતિશ્રુતજ્ઞાન ઇંદ્રિય તથા મનના અવલંબન વિના હોય નહિ પણ ઇન્દ્રિય તથા મનનો તો અહીં અભાવ જ છે, કારણ કે ઇન્દ્રિયનો વિષય મૂર્તિક પદાર્થો જ છે વળી અહીં મતિજ્ઞાન

છે. કારણ મનનો વિષય મૂર્તિક, અમૂર્તિક પદાર્થો છે. તેથી અહીં મન સબંધી પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થઈ અન્ય ચિન્તા [ચિંતવન] નો નિરોધ કરે છે તેથી તેને મનદ્વારા થયું એમ કહીએ

"एकाग्रचिन्तानिरोधो ध्यानम्" એવું ધ્યાનનુ પણ લક્ષણ કહ્યું છે એમ અનુભવદશામાં સભવે છે વળી સમયસાર નાટકના કવિતમા કહ્યુ છે કે—

દોહા

वस्तु विचारत +भावसें मन पावै विश्राम ।
रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम ॥

સમયસાર નાટક.

એ પ્રમાણે મન વિના જુદા પરિણામ સ્વરૂપમાં પ્રવર્ત્તતા નથી તેથી સ્વાનુભવને મનજનિત પણ કહીએ. એટલે તેને અતીન્દ્રિય કહેવામાં અથવા તો મનજનિત કહેવામાં કાંઈ વિરોધ નથી, વિવક્ષા ભેદ છે

વળી તમે લખ્યું કે "જે આત્મા અતીન્દ્રિય છે તે અતીન્દ્રિયવડે જ ગ્રાહ્ય થઈ શકે" [તેના ઉત્તરમાં લખવાનું કે-] મન અમૂર્તિક [પદાર્થ] ને પણ ગ્રહણ કરે છે તેથી જ કહ્યું છે કે મતિ-શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો કહ્યા છે તત્ત્વાર્થ-સૂત્રમાં કહ્યું છે કે—

*'मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु' ॥ १-२६ ॥

તત્ત્વાર્થસૂત્ર.

+ પાઠાં० ध्यावतें

* મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, જીવાદિ છએ દ્રવ્યોની સમસ્ત પર્યાયોને જાણતા નથી, થોડી થોડી પર્યાયોને જ જાણી શકે છે.

[illegible] પ્રત્યક્ષ—પરોક્ષ સબધી પત્ર લખ્યો પણ [illegible]) પ્રત્યક્ષ-પરોક્ષરૂપ ભેદ નથી ચોથા [illegible] સમાન ક્ષાયિક સમ્યક્ત્વ થઈ જાય છે, તેથી [illegible] યથાર્થ શ્રદ્ધાન રૂપ જ છે. તે જીવ શુભ-[illegible] પણ હોય છે, [તેથી કાંઈ યથાર્થ પદાર્થ [illegible] એમ હોતુ નથી] તમે જે લખ્યુ હતુ કે "[illegible] છે અને વ્યવહાર સમ્યક્ત્વ પરોક્ષ [illegible] સમ્યક્ત્વના તો ત્રણ ભેદ છે તેમા ઉપ-શમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ તો નિર્મલ છે કેમકે તે મિથ્યાત્વના ઉદયરહિત છે તથા ક્ષયોપશમ સમ્યક્ત્વ સમલ છે. પણ આ સમ્યક્ત્વનિ‍ે પ્રત્યક્ષ-પરોક્ષરૂપ ભેદ તો છે નહિ

શુભાશુભરૂપ પ્રવર્ત્તતા વા સ્વાનુભવરૂપ પ્રવર્ત્તતા ક્ષાયિક સમ્યક્ત્વમા સમ્યક્ત્વ ગુણ તો સામાન્ય જ છે, તેથી સમ્યક્ત્વના પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ ન માનવા પણ પ્રમાણના પ્રત્યક્ષ, પરોક્ષરૂપ બે ભેદ છે હવે પ્રમાણ સમ્યગ્જ્ઞાન છે, તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તો પરોક્ષ પ્રમાણ છે, અવધિ, મનપર્યય અને કેવલજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે યથા —

"आद्ये परोक्षं प्रत्यक्षमन्यत्" ॥ ११-१२ ॥

એવા સૂત્રો કહ્યા છે [illegible] ર્થસૂત્ર
આવુ લક્ષણ કહ્યુ છે [illegible] પરોક્ષનુ
"स्पष्ट[illegible]
અર્થ[illegible]

જાણે તે પરોક્ષ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના વિષય તો ઘણા છે પરંતુ તે એક જ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતા નથી તેથી તે પરોક્ષ છે. અને અવધિ-મનઃપર્યયજ્ઞાનનો વિષય થોડો છે. પરંતુ તે પોતાના વિષયને સ્પષ્ટ જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે, અને કેવલ [જ્ઞાન] સર્વ જ્ઞેયને પોતે સ્પષ્ટ રીતે જાણે તેથી તે સર્વપ્રત્યક્ષ છે.

વળી પ્રત્યક્ષના બે ભેદ છે. પરમાર્થ પ્રત્યક્ષ અને વ્યવહાર પ્રત્યક્ષ. અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન તો સ્પષ્ટ પ્રતિભાસરૂપ છે તેથી તે પારમાર્થિક [પ્રત્યક્ષ] છે. અને નેત્રાદિવડે વર્ણાદિકને જાણીએ છીએ તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ. પરંતુ એક વસ્તુમાં મિશ્ર અનેક વર્ણ છે તે નેત્રવડે સારી રીતે ગ્રહ્યા જાય છે તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ.

વળી પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ છે; સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ. તેનું સ્વરૂપ:—

૧. પૂર્વે જાણેલી વસ્તુને યાદ કરીને જાણવી તે સ્મૃતિ કહીએ.
૨. દ્રષ્ટાંતવડે વસ્તુનો નિશ્ચય કરીએ તે પ્રત્યભિજ્ઞાન કહીએ.
૩. હેતુથી જે વિચારમાં લીધું તે જ્ઞાનને તર્ક કહીએ.
૪. હેતુથી સાધ્ય વસ્તુનું જે જ્ઞાન તેને અનુમાન કહીએ.
૫. આગમથી જે જ્ઞાન થાય તે આગમ કહીએ.

એ પ્રમાણે પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણના ભેદ કહ્યાં છે. ર સ્વાનુભવ દશામાં આત્માને જે જાણવામાં આવે છે, તે શ્રુત જ્ઞાનવડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પરોક્ષ કહેલ છે તેથી ત્યાં આત્માનું જાણ પ્રત્યક્ષરૂપ હોતું નથી. વળી અવધિ, મનઃપર્યયજ્ઞાનનો વિષય, રૂ

વળી તથા કેવળજ્ઞાન છદ્મસ્થ જીવોને હોય નહિ, તેથી [અવ]ધિ મન પર્યવ-કેવળજ્ઞાનવડે આત્માનુ [પ્રત્યક્ષ ન] થઈ શકે નહિ વળી અહીં જે આ માને સારી રીતે સ્પષ્ટ ન [જાણે] તેમ પરમ [અવ]ધિ પ્રત્યક્ષપણુ પણ સભવતુ નથી વળી જેમ નેત્રાદિકે જાણવામા આવે છે તેમ એકદેશ નિર્મળતારૂપ પણ આ માના અસખ્યાત પ્રદેશાદિ જાણવામા આવતા નથી તેથી સાવ્યવહારિક પ્રત્યક્ષપણુ પણ સભવતુ નથી

અહીં તો આગમ અનુમાનાદિક પરોક્ષજ્ઞાનવડે આત્માનો અનુભવ હોય છે જૈનાગમમા જેવુ આત્માનું સ્વરૂપ કહ્યુ છે તેને જાણી તેમા પોતાના પરિણામોને મગ્ન કરે છે તેથી તેને આગમ પરોક્ષ પ્રમાણ કહીએ અથવા હુ આત્મા જ છુ તેથી મારામા જ્ઞાન છે જ્યા જ્યા જ્ઞાન છે ત્યા ત્યા આત્મા છે, જેમકે —સિદ્ધાદિક વળી જ્યા આત્મા નહિ ત્યાં જ્ઞાન પણ નહિ જેમકે મૃત કલેવરાદિ એ રીતે અનુમાનવડે વસ્તુનો નિશ્ચય કરી તેમા [તે પોતાના] પરિણામોને મગ્ન કરે છે, તથી તને અનુમાન પરોક્ષ પ્રમાણ કહીએ અથવા આગમ અનુમાનાદિવડે જે વસ્તુ (સ્વરૂપ) જાણવામા આવી તેને યાદ રાખીને તેમા [પોતાના] પરિણામોને મગ્ન કરે છે તેથી તેને સ્મૃતિ કહીએ ઇત્યાદિ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષ પ્રમાણ વડે જ આ માને જાણવાનુ હોય છે પછી જે સ્વરૂપ જાણ્યુ તેમાં જ પરિણામ મગ્ન હોય તેનુ કઈ વિશેષ જાણપણુ હોતુ નથી

પ્રશ્ન — વિકલ્પ નિર્વિકલ્પ દશામા જો જાણવાનુ વિશેષ નથી તો અધિક આનદ કેમ હોય ?

સમાધાન—સવિકલ્પ દશામાં જ્ઞાન અને જ્ઞેયને જાણવા રૂપે પ્રવર્તતું હતું તે નિર્વિકલ્પ દશામાં માત્ર આત્માને જ જાણવામાં પ્રવર્ત્ત છે એક તો એ વિશેષ છે બીજું એ વિશેષ છે કે જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતા હતા તે માત્ર સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યાં ત્રીજું એ વિશેષ છે કે એ બન્ને વિશેષતાઓથી કોઈ વચનાતીત અપૂર્વ આનંદ થાય છે કે વિષય સેવનના આનંદમાં તે આનંદના અંશની જાત પણ હોતી નથી તેથી એ આનંદને અતીન્દ્રિય કહીએ છીએ

પ્રશ્ન.—એ સ્વાનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રંથોમાં એ અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે? કારણ કે ઉપરની ગાથામાં જ કહ્યું છે કે "**पच्चक्खो अणुहवो जम्हा**"

સમાધાન—અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશનો આકાર તો ભાસતો નથી. પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં જે સ્વાનુભવ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે એ સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમ–અનુમાનાદિક પરોક્ષ પ્રમાણાદિવડે જણાતો નથી પોતે જ એ અનુભવના રસાસ્વાદને વેદે છે જેમ કોઈ અંધ મનુષ્ય સાકરનો આસ્વાદ કરે છે ત્યાં સાકરના આકારાદિ તો પરોક્ષ છે પણ જીભવડે જે સ્વાદ લીધો છે તે સ્વાદ પ્રત્યક્ષ છે એમ [તે અનુભવના સંબંધમાં] જાણવું

અથવા જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ, જેમ લોકમાં પણ કહીએ છીએ કે 'અમે સ્વપ્નમાં વા ધ્યાનમાં ફલાણા પુરુષને પ્રત્યક્ષ દીઠો', હવે તેને પ્રત્યક્ષ દીઠો તો નથી, પરંતુ

પ્રત્યક્ષ માફક પ્રત્યક્ષવત્ (તે પુરુષને) યથાર્થ દેખ્યો તેથી તેને પ્રત્યક્ષ કહો શકાય, તેમ અનુભવમા આત્મા પ્રત્યક્ષ માફક યથાર્થ પ્રતિભાસ આ ન્યાયે આત્માનું પણ પ્રત્યક્ષ જાણવુ હોય છે એમ કહીએ તો તેમા દોષ નથી. કથન તો અનેક પ્રકારનું હોય છે પણ સર્વ આગમ-અધ્યાત્મ શાસ્ત્રથી વિરોધ ન આવે તેમ વિવક્ષા બે વડે કથન જાણવા.

પ્રશ્ન — એવો અનુભવ કયા ગુણસ્થાનમાં કહ્યો છે?

સમાધાન:—ચોથા ગુણસ્થાનથી જ હોય છે પરંતુ ચોથા ગુણસ્થાને તો ઘણા કાળના અંતરાળે હોય છે અને ઉપરના ગુણસ્થાને શીઘ્ર શીઘ્ર થાય છે

પ્રશ્ન:—અનુભવ તો નિર્વિકલ્પ છે તો ઉપરના અને નીચેના ગુણસ્થાનકે [સ્વાનુભવમાં પરસ્પર] ભેદ શો?

ઉત્તર:—પરિણામોની મગ્નતામા વિશેષ છે, જેમ બે પુરુષ નામ લે છે અને બન્નેના પરિણામ નામવિષે છે ત્યા એકને તો વિશેષ મગ્નતા છે, જ્યારે બીજાને થોડી છે તેમ આમા પણ જાણવુ

પ્રશ્ન:—જો નિર્વિકલ્પ અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ જે પૃથક્ત્વવિતર્ક-વિચાર કહ્યો છે તેમાં પૃથક્ત્વવિતર્ક નાના પ્રકારના શ્રુત [રૂપ] અને વિચાર અર્થ, વ્યંજન, યોગ, સંક્રમણરૂપ એમ કેમ કહ્યુ હશે?

ઉત્તર:—કથન બે પ્રકારે હોય છે એક સ્થૂલરૂપ છે અને સૂક્ષ્મરૂપ છે જેમ સ્થૂલરૂપે તો છઠ્ઠા ગુણસ્થાને જ સંપૂર્ણ વ્રત કહ્યુ પણ સૂક્ષ્મતાએ તો નવમા ગુણસ્થાન સુધી

મતિજ્ઞાનમાં ત્હી તેમ અહીં સ્વાનુભવમા નિર્વિકલ્પતા સ્થૂલરૂપે ત્હી છે વળી સૂક્ષ્મનાએ તો પૃથક્ત્વવિતર્ક વિચારાદિ ભેદ વા કષાયાદિ દશમા ગુણસ્થાન સુધી કહ્યા હવે પોતાના તથા અન્યના જાણવામા આવી શકે એવા ભાવનુ કથન સ્થૂલ જાણવુ અને જે પોતે પણ ન જાણી શકે, [માત્ર] કેવલી ભગવાન જ જાણી શકે એવા ભાવોનુ કથન સૂક્ષ્મ જાણવુ ચરણાનુયોગમા સ્થૂલ કથનની મુખ્યતા છે અને કરણાનુયોગાદિમા સૂક્ષ્મ કથનની મુખ્યતા છે એવા ભેદ અન્ય ઠેકાણે પણ જાણવા એ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનુ સ્વરૂપ જાણવુ

વળી ભાઈશ્રી! તમે ત્રણ દષ્ટાંત લખ્યા અથવા દષ્ટાંતદ્વારા પ્રશ્ન લખ્યા પણ દષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દષ્ટાંત છે તે એક પ્રયોજનને દર્શાવે છે અહીં બીજનો ચન્દ્ર, જળબિન્દુ, અગ્નિકણ તો એકદેશ [અંશ] છે અને પૂર્ણિમાનો ચન્દ્ર, મહા સાગર, અગ્નિકુંડ એ સર્વદેશ છે તે જ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થયા છે તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણો સર્વદેશરૂપ પ્રગટ થયા છે તેની એક જ જાતિ છે [એમ સમજવુ].

પ્રશ્ન:—જો એક જાતિ છે તો જેમ કેવલી સર્વ જ્ઞેયને પ્રત્યક્ષ જાણે છે તેમ ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ આત્માને પ્રત્યક્ષ જાણતો હશે?

ઉત્તર:—ભાઈશ્રી! પ્રત્યક્ષતાની અપેક્ષાએ તે [બન્નેની] એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ [એ જાતિ છે ચોથા ગુણસ્થાનવાળાને મતિ-શ્રુતરૂપ

આ ને મા ગુણસ્થાનને કેવલરૂપ સમ્યગ્જ્ઞાન છે. વળી એકદેશ, સર્વદેશમાં અંતર તો એટલો જ છે કે મતિ–શ્રુતજ્ઞાનવાળા અમૂર્તિક વસ્તુને અપ્રત્યક્ષ અને મૂર્તિક વસ્તુને પણ પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ કિંચિત્ અનુક્રમપૂર્વક જાણે છે. તથા કેવલજ્ઞાની સર્વ વસ્તુને સર્વથા યુગપત્ જાણે છે પ્રથમનો પરોક્ષરૂપે જાણે છે અને બીજો પ્રત્યક્ષરૂપે જાણે છે, એટલું જ તેમાં વિશેષ છે. વળી જો સર્વ પ્રકારે એ બન્ને જ્ઞાનની એક જ જાતિ કહીએ તો જેમ કેવળજ્ઞાની યુગપત્ અપ્રત્યક્ષ અપ્રયોજનરૂપ જ્ઞેયને નિર્વિકલ્પરૂપ જાણે તેમ એ (મતિશ્રુતસમ્યક્જ્ઞાની) પણ જાણે પણ એમ તો નથી તેથી પ્રત્યક્ષ પરોક્ષનો વિશેષ (ભેદ) જાણવું કહ્યું છે કે —

स्याद्वादकेवलज्ञाने सर्वतत्त्वप्रकाशने ।
भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत् ॥

अष्टसहस्री–दशम-परिच्छेदः-१०५.

અર્થ:—સ્યાદ્વાદ જે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન–એ બન્ને સર્વ તત્ત્વોને પ્રકાશનાર છે ભેદ એટલો જ કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે વસ્તુરૂપે એ બન્ને એક બીજાથી અન્યરૂપે નથી વળી તમે લખ્યું કે —

પ્રશ્ન:—નિશ્ચય અને વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ શું ?

ઉત્તર.—તે [બે પ્રકારે] સત્ય છે, પરંતુ એટલું જાણવું કે સમ્યક્ત્વીને વ્યવહાર સમ્યક્ત્વમાં નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત નિરંતર ગમન [પરિભ્રમન] રૂપ છે. વળી તમે લખ્યું કે ...ર્મો કહે છે કે —

...ને પ્રત્યક્ષ જાણે તો કર્મવર્ગણાઓને પ્રત્યક્ષ કેમ

ન જાણે ? તે માટે કહ્યુ છે કે આત્માને પ્રત્યક્ષ તો કેવલી જ જાણે છે તો કર્મવર્ગણાને અવધિજ્ઞાન પણ જાણે છે વળી તમે લખ્યું કે બીજના ચદ્રની જેમ આત્માના પ્રદેશ થોડા ખુલ્લા છે એમ કહો છો ?"

ઉત્તર.—એ દ્રષ્ટાત પ્રદેશની અપેક્ષાએ નથી પણ ગુણની અપેક્ષાએ છે અને સમ્યકૃત્વ, સ્વાનુભવ, પ્રત્યક્ષાદિક સબધી તમે જે પ્રશ્નો લખ્યા હતા તેનો પ્રત્યુત્તર મારી બુદ્ધિ અનુસાર લખ્યો છે તમે પણ જિનવાણીને, પોતાની પરિણતિ સાથે મેળવી લેશો અને વિશેષ ક્યા સુધી લખીએ ? કારણ જે વાત જાણવામા આવે તે લખવામા આવી શકે નહિ મળ્યે કાઈક કહી શકાય, પરતુ મળવુ તો કર્માધીન છે માટે સારૂ તો એ છે કે ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિના ઉદ્યમમા—અનુભવમા રહેવુ—વર્તવુ વર્તમાનકાળમા અધ્યાત્મતત્ત્વ તો આત્મા છે

તે સમયસાર ગ્રથની શ્રી અમૃતચદ્ર આચાર્યકૃત ટીકા સસ્કૃતમા છે અને આગમની ચર્ચા ગોમ્મટસારમા છે તથા બીજી પણ અન્ય ગ્રથોમા છે જે જાણી છે તે સર્વ લખવામા આવે નહિ તેથી તમે અધ્યાત્મ તથા આગમ ગ્રથોનો અભ્યાસ રાખજો અને નિજસ્વરૂપમા મગ્ન રહેજો વળી તમે કોઈ વિશેષ ગ્રથોમા જાણ્યુ હોય તો મને લખી મોકલજો સ્વધર્મીને તો પરસ્પર [ધર્મ] ચર્ચા જ જોઈએ વળી મારી તો એટલી બુદ્ધિ છે નહિ, પરતુ તમારા જેવા ભાઈઓથી [આ] પરસ્પર વિચાર છે તે હવે ક્યા સુધી લખીએ ? જ્યા સુધી મળવુ થાય નહી ત્યા સુધી પત્ર તો શીઘ્ર જ લખ્યા કરો મિતિ ફાગણ વદ ૫ સવત ૧૮૧૧ ૐ શાતિ

ॐ

શ્રી પદ્મનન્દિ આચાર્ય વિરચિત પદ્મનન્દિ પંચવિંશતિકામાંથી આલોચના અધિકારનો

હિન્દીપરથી ગુજરાતી અનુવાદ

૧ અર્થ—હે જિનેશ ! હે પ્રભો ! જે સજ્જનોનું મન આતંર તથા બાહ્ય મળરહિત થઇને તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક અનંતના નિધાન એવા આપનો આશ્રય કરે છે તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજૂદ હોય અને આપના ગ્રંથ પ્રવર્તક થઇને સમ્યગ્દર્શન સમ્યજ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને ઇચ્છિત વિષયની પ્રાપ્તિમાં વિઘ્ન શેનું હોય? અર્થાત્ ન હોય.

ભાવાર્થ—જે સજ્જનોના મનમાં આપનું ધ્યાન હોય તથા આપના નામ સ્મરણરૂપ મહામંત્ર મોજૂદ હોય અને તેઓ મોક્ષમાર્ગમાં ગમન કરવાવાળા હોય તો તેમને અભીષ્ટની પ્રાપ્તિમાં કોઈ પ્રકારનું વિઘ્ન આવી શકતું નથી.

વળી આચાર્ય સ્તુતિ કરે છે કે—

૨ અર્થ—હે જિનેન્દ્ર દેવ ! સંસારના ત્યાગ અર્થે પરિગ્રહ રાગરહિત થઇ સમતા સર્વથા કર્મોનો નાશ અને તમસુખ અનંતવીર્ય સહિત સમસ્ત લોકાલોકને

પ્રગટાવનારૂ કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો પરંતુ આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી તેથી આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે

ભાવાર્થ —હે ભગવન્! આપે જ સમતા થી મુક્ત થવા અર્થે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કર્યો છે તથા રાગભાવને ટાળ્યો છે અને મમતાને ધારણ કરી છે તથા અનંત વિજ્ઞાન અનંત દર્શન અનંત સુખ અને અનંત વીર્ય આપને જ પ્રગટ થયા છે તેથી આપ જ શુદ્ધ અને સજ્જનોની સેવાને પાત્ર છો.

૩ **અર્થ** —હે ત્રૈલોક્યપતે! આપની સેવામાં જો મારો દૃ. નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસારરૂપ વૈરીને જીતવા માંઈ મુશ્કેલ નથી કેમકે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જે માસનો પ્રખર મધ્યાહ્ન તાપ શું કરી શકે તેમ છે? અર્થાત્ કઈ કરી શકે નહિ.

ભાવાર્થ —હે ત્રણેના નાઈશ! જેમ શીતળ જળ વડે ઉછળતા ફુવારાથી સુશોભિત ઉત્તમ ઘરમાં બેઠેલા પુરુષને જે માસની બપોરની અત્યંત સખ્ત ગરમી પણ કાંઈ કરી શકે નહિ તેમ દૃ નિશ્ચયપૂર્વક આપની સેવામાં દૃઢપણે ચિત્ત છું તો મને બળવાન સંસારરૂપ વૈરી પણ કાંઈપણ ત્રાસ આપી શકે નહિ

૪ **અર્થ** —આ પદાર્થ સારરૂપ છે અને આ પદાર્થ અસાર રૂપ છે એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એ ચિત્ત થઈ, જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો અવાચ્ય ગ ભીર દૃષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની ...

અ ન જ એક માગભૂત પદાર્થ છો અને આપથી ભિન્ન સમસ્ત પ શ્રે અસારભૂત જ છે અત આપના આશ્રયથી જ મને પરમ સતાર થયો છે

૫ અર્થ -હે જિનેશ્વર ! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારૂ આપનુ જ્ઞાન છે સમસ્ત લોકાલોકને એક સાથે દેખનાર આપનુ દર્શન છે આપને અનત સુખ અને અનત બળ છે તથા આપની પ્રભુતા પણ નિર્મલતર છે વળી આપનું શરીર પણ દેદીપ્યમાન છે તેથી જે યોગીશ્વરોએ સમ્યગ્ યોગરૂપ નેત્ર દ્વારા આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શુ ન જાણી લીધુ ? શુ ન દેખી લીધુ ? તથા તેઓએ શુ ન પ્રાપ્ત કરી લીધુ ? અર્થાત્ સર્વ કરી લીધુ

ભાવાર્થ —જે યોગીશ્વરોએ પોતાની ઉત્કૃષ્ટ યોગદૃષ્ટિથી અનંતગુણસ રત્ન આપને જોઈ લીધા તો તેઓએ સર્વ દેખી લીધુ સર્વ જાણી લીધુ અને સર્વ પ્રાપ્ત કરી લીધુ

૬ અર્થ -હે જિનેન્દ્ર ! આપને જ હુ ત્રણ લોકના સ્વામી માનુ છુ, આપને જ જિન અર્થાત્ અષ્ટકર્મોના વિજેતા તથા મારા સ્વામી માનુ છુ માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરુ છુ સદા આપનુ જ ધ્યાન કરુ છુ આપની જ સેવા અને સ્તુતિ કરુ છુ અને કેવલ આપને જ મારૂ શરણુ માનુ છુ અધિક શુ કહેવુ ? જે કઈ સસારમા પ્રાપ્ત થાઓ તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે

ભાવાર્થ —હે ભગવન્ ! આપ સાથે જ મારે પ્રયોજન રહે આપથી ભિન્ન અન્યથી મારે કોઈ પ્રકારનું પ્રયોજન ન એવી વિનયપૂર્વક પ્રાર્થના છે

૭ અર્થ:–હે જિનેશ્વર ! મે ભ્રાંતિથી મન, વચન અને કાયાદ્વારા ભૂતકાળમા અન્યપાસે પાપ કરાવ્યા છે સ્વય કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદ્યા છે તથા તેમા મારી સમ્મતિ આપી છે વળી વર્તમાનમા હુ મન, વચન અને કાયાદ્વારા અન્યપાસે પાપ કરાવુ છુ, સ્વય પાપ કરુ છુ અને પાપ કરનારા અન્યોને અનુમોદુ છુ તેમજ ભવિષ્યકાળમા હુ મન, વચન અને કાયાદ્વારા અન્યપાસે પાપ કરાવીશ, સ્વય પાપ કરીશ અને પાપ કરનારા અન્યોને અનુમોદીશ–તે સમસ્ત પાપની આપની સામે બેસી જાતે નિન્દા–ગર્હા કરનાર એવો હુ તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ

ભાવાર્થ:—હે જિનેશ્વર ! ભૂત, વર્તમાન, ભવિષ્યત્–ત્રણે કાળમા જે પાપો મે મન વચન કાયાદ્વારા કારિત, કૃત અને અનુમોદનથી ઉપાર્જન કર્યા છે, કરુ છુ અને કરીશ–એ સમસ્ત પાપોનો અનુભવ કરી હુ આપની સમક્ષ સ્વનિન્દા કરુ છુ, માટે મારા તે સમસ્ત પાપો મિથ્યા થાઓ

૮ અર્થ:–હે જિનેન્દ્ર ! જો આપ ભૂત, ભવિષ્ય, વર્તમાન–ત્રિકાળગોચર અનત પર્યાયયુક્ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો, તો હે સ્વામિન્ ! મારા એક જન્મના પાપોને શુ આપ નથી જાણતા ? અર્થાત્ અવશ્યમેવ આપ જાણો છો તેથી હુ આત્મનિંદા કરતો કરતો આપની પાસે સ્વદોષોનુ કથન (આલોચન) કરુ છુ, અને તે કેવળ શુદ્ધિ અર્થેજ કરુ છુ

...ન્ ! જો આપ અનતભેદસ...

તપ અને કર્મ એમ સારે જાણો છો અને દેખો છો તો આપ
મમ ન દ ા તે પણ સારીરીતે જાણતા હો વળી હુ
અ પની અ મે નિજદે ર નુ કથન (આલોચન) કરુ છુ તે કેવળ
આપને સભળાવવા માટે નહિ કિ તુ શુદ્ધિ અર્થે જ કરુ છુ

૯ **અર્થ**—હે પ્રભો! યવત નતનો આશ્રય કરનાર અથવા
મૂળ ગુ તથા ઉત્તરગુણોને ધારણ કરનાર માગ જેવા મુનિઓ જે
દ્વ ન્ નુ લપૂ રીતે સ્મરણ છે તે દૂષણ ની શુદ્ધિ અર્થે આનો
ચન કરવને અપની સમે સાવધાનીપૂર્વક એગ છુ કેમકે
ગનવાન ભ ર જીવાએ સદા પોતાના હૃદય માયાશ ય નિ ાન
શલ્ય અને મિથ્યાત્વશ ય એ ત્રણ શ ય રહિત જ રાખવુ જોઇએ

૧૦ **અર્થ**—હે ભગવન્! આ સસરમા સર્વ જીવ વાર
વાર અસખ્યાત લેકપ્રમ ણ પ્રકર તથા અપ્રકર નાના પ્રકારના
વિક પા સહિત હેય છે વ ળી એ જીવ જેટલા પ્રકારના
વિક પ સહિત છે તેના જ વિવિધ પ્રકારના દુ ખો સહિત પણ
છે પરતુ જેટલા વિક પો છે તેના પ્રાયશ્ચિત્તો શાસ્ત્રમા નથી
તેથી ત સમસ્ત અસખ્યાત લોકપ્રમાણ વિક પોની શુદ્ધિ
આપની સમીપ જ થાય છે

ભાવાર્થ—યદ્યપિ દૂષણોની શુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરવાથી થાય
છે કિ તુ હે જિનપતે! જેટલા દૂષણો છે તેના પ્રાયશ્ચિત્ત શા
સ્ત્રમા કહ્યા નથી તેથી સમસ્ત દૂષણ ની શુદ્ધિ આપની સમીપે
જ થાય છે

૧૧ **અર્થ**—હે દેવ! સર્વ પ્રકારના પરિગ્રહરહિત સમસ્ત
તા દોષ દિ કષાયરહિત શા ત એક તવાસી ભવ્ય

જીવ બધા બાહ્ય પદાર્થોથી મન તથા ઇંદ્રિયોને પાછા હઠાવી અને અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમા સ્થિર થઈ, આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાંનિધ્ય [સમીપતા] ને પ્રાપ્ત કરે છે

ભાવાર્થ — જ્યાસુધી મન તથા ઇંદ્રિયના વ્યાપાર બાહ્ય પદાર્થોમા જોડાએલા રહે છે ત્યાસુધી કોઈપણ મનુષ્ય આપના સ્વરૂપને પ્રાપ્ત કરી શકતો નથી પરંતુ જે મનુષ્ય મન તથા ઇંદ્રિયોને બાહ્ય પદાર્થોથી પાછા હઠાવી લે છે તે વાસ્તવિકપણે આપના સ્વરૂપને દેખી અને જાણી શકે છે માટે જે મનુષ્યે સમસ્ત પ્રકારના પરિગ્રહોથી રહિત થઈ શાસ્ત્રોના સારીરીતે જ્ઞાતા થઈ, શાન્ત અને એકાન્તવાસી થઈ મન તથા ઇંદ્રિયોને બાહ્ય પદાર્થોથી પાછા હઠાવી લઈ અને તેમને આપના સ્વરૂપમા જોડી દઈ આપને જોઈ લીધા છે તે મનુષ્યે આપના સમીપપણાને પ્રાપ્ત કર્યું છે એમ સારીરીતે નિશ્ચિત છે

૧૨ અર્થ.—હે અર્હંત્ પ્રભુ! પૂર્વભવમા કષ્ટથી સચય કરેલા મહા પુન્યથી જે મનુષ્ય ત્રણ લોકના પૂજનીય (પૂજાને યોગ્ય) આપને પામ્યો છે તે મનુષ્યને, બ્રહ્મા વિષ્ણુ આદિને પણ નિશ્ચયપૂર્વક અપ્રાપ્ય એવુ ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે હે નાથ! હુ શુ કરુ? આપનામા એક ચિત્ત કર્યા છતા મારૂ મન પ્રબળ પણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે એ મોટો ખેદ છે

ભાવાર્થ.—યદિ કોઈ મનુષ્ય એમ ઇચ્છે કે હુ આપને પ્રાપ્ત કરી લઉ પરંતુ તે સ્વપ્નમા પણ તેમ કરી શકતો નથી કેમકે પૂર્વભવમા સચય કરેલા મહાન્ પુણ્યથી જ આપની પ્રાપ્તિ થાય છે તેથી હે ભગવન્! જે મનુષ્યે આપને પ્રાપ્ત કર્યા છે

ત્ય સ [નમ] ૨ે છે અને મ ણથી કરે છે જે
અ મ ન ય ના નિશ્ચયનય પ્રમાણે ન તો કોઈ જીવે
કેમ ન પણ એ જ્ઞનને જે અનેક પ્રકારે
ન ય પર્યાય નયની અપેક્ષાએ જ દેખ્યું છે
કાચિ ક ન િ ચ એ નહીં તથી હે જિનેંદ્ર! આ મારા
આ ન જ ર ય ન દ કરો

૧૭ અર્થ —વ પુથી વ્યાપ્ત સમુ ની દ ર્ગિક જીન્દરી
ને ! સમ સમ ન સર્વ દા ! તથા સર્વક્ષેત્રે આ જ્ગત્ સમુ
માત્રમા નિ ની છે એવા સમ્યક્ પ્રકારે વિચાર કરી આ મારૂ
મન સમગ્ન સ સ રને ઉ પજ વનાર વ્યા ર (પ્રવૃત્તિ) થી રહિત
થઇ હે જિનેદ્ર! આપના નિર્વિકાર પરમાનદમય પરબ્રહ્મસ્વરૂપમા
જ સ્થિર થવાને ઇચ્છા કરે છે

૧૮ અર્થ —જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે
તો પાપની ઉત્પત્તિ થય છ અ ! તે પાપથી જીવ ન ના પ્રકારના
દુ ખને અનુભવ છે જે સમયે શુભ ઉપયોગ વર્ત્તે છે તે સમયે
પુણ્યની ઉત્પત્તિ થાય છે અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત
થય છે એ બન્ન પાપપુણ્યરૂપ દ્વન્દ્વ સસારનુ જ કારણ છે
અર્થાત્ એ બન્નથી સદા સસાર જ ઉત્પન્ન થય છે કિન્તુ
શુદ્ધોપયોગથી અવિનાશી અને આનદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે
હે અર્હંત પ્રભો! આપ તો તે પદમા નિવાસ કરી રહ્યા છો
પણ હુ એ શુદ્ધોપયોગરૂપ પ મા નિવાસ કરવાને ઇચ્છુ છું

ભાવાર્થ —ઉપયોગના ત્રણ ભેદ છે પહેલો અશુભોપયોગ
શુભોપયોગ અને ત્રીજો શુદ્ધોપયોગ તેમા પહેલાં બે

ઉપયોગથી તો સસારમા જ ભટકવુ પડે છે, કેમકે જે સમયે જીવનો ઉપયોગ અશુભ હશે તે સમયે તેને પાપનો બધ થશે અને પાપનો બધ થવાથી તેને નાના પ્રકારની માઠી ગતિઓમા ભ્રમણ કરવુ પડશે અને જે સમયે ઉપયોગ શુભ હશે તે સમયે તે શુભયોગની કૃપાથી તેને રાજા મહારાજા આદિ પદોની પ્રાપ્તિ થશે, તેથી તે પણ સસારને વધારનાર છે કિન્તુ જે સમયે તેને શુદ્ધોપયોગની પ્રાપ્તિ થશે તે સમયે સસારની પ્રાપ્તિ થશે નહીં પણ નિર્વાણની પ્રાપ્તિ જ થશે માટે હે ભગવન્! હુ શુદ્ધોપયોગ મા જ સ્થિત રહેવાને ઇચ્છુ છુ

૧૯ અર્થ:—જે આત્મસ્વરૂપ-જ્યોતિ નથી તો સ્થિત અદર કે નથી સ્થિત બાહ્ય તથા નથી તો સ્થિત દિશામા તેમજ નથી સ્થૂલ કે નથી સૂક્ષ્મ તે આત્મજ્યોતિ નથી તો પુલ્લિંગ, નથી સ્ત્રીલિગ કે નથી નપુસકલિગ પણ, વળી તે નથી ભારી કે નથી હલકી તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગધ, સખ્યા, વચન, વર્ણથી રહિત છે, નિર્મળ છે અને સમ્યગ્ જ્ઞાન-દર્શન સ્વરૂપ મૂર્તિ છે તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હુ છુ, કિંતુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ-જ્યોતિથી હુ ભિન્ન નથી.

૨૦ અર્થ.—હે ભગવન્! ચૈતન્યની ઉન્નત્તિનો નાશ કરનાર અને વિનાકારણે સદા વૈરી એવા આ દુષ્ટ કર્મે આપમા અને મારામા ભેદ પાડયો છે પરતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે આ સમયે તે કર્મ અને હુ આપની સામે ખડા છીએ તેથી તે દુષ્ટ કર્મને હઠાવી દૂર કરો કેમકે નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે કે તે સજ્જનોની [illegible] તે દુષ્ટોનો નાશ કરે

ભાવાર્થ—હે ભગવન્! જેવા અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય આદિ ગુણોના ધારક આપનો આત્મા છે તેવો જ—તે જ ગુણો સહિત મારો આત્મા પણ છે પરંતુ ભેદ એટલો જ છે કે આપના અનંત ગુણો પ્રકટ થઈ ગયા છે જ્યારે મારે તે ગુણો પ્રગટ્યા નથી આ ભેદ પાડનાર તે જ કર્મ છે કેમકે તે કર્મની કૃપાથી મારા આત્મસ્વભાવ પર આવરણ પડ્યું છે હવે આ સમયે અમ ભક્ત આપની મદદ માગે તો તે દુષ્ટ કર્મને દૂર કરો કેમકે આપ ત્રણ લોકના સ્વામી છો અને નીતિજ્ઞનો ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે તથા દુષ્ટોનો નાશ કરે

૨૧ અર્થ—હે ભગવન્! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળાં આકાશમાં હોવા છતાં પણ જેમ આકાશના સ્વરૂપનો કાંઈપણ ફેરફાર કરી શકતાં નથી તેમ આધિ વ્યાધિ જરા મરણ આદિ પણ મારા સ્વરૂપનો કાંઈપણ ફેરફાર કરી શકે તેમ નથી કેમકે એ મૂર્ત શરીરના વિકાર છે, જડ છે જ્યારે મારો આત્મા જ્ઞાનવાન્ અને શરીરથી ભિન્ન છે

ભાવાર્થ—જેમ આકાશ અમૂર્ત છે તેથી રંગબેરંગી વાદળાં તેના પર પોતાનો કાંઈપણ પ્રભાવ પાડી શક્તાં નથી તથા તેના સ્વરૂપનું પરિવર્તન પણ કરી શક્તાં નથી તેમ આત્મા જ્ઞાન દર્શનમય અમૂર્ત પદાર્થ છે તેથી તેના પર પણ આધિ વ્યાધિ જરા મરણ આદિ પોતાના કાંઈપણ પ્રભાવ પાડી શક્તાં નથી (તથા તેના સ્વરૂપનું પરિવર્તન પણ કરી શક્તાં નથી) કેમકે તે મૂર્ત શરીરનો ધર્મ છે જ્યારે આત્મા સર્વથા ભિન્ન છે

૨૨ અર્થ:—જેમ માછલી પાણી વિનાની ભૂમિપર પડતા તરફડી દુખી થાય છે, તેમ હું પણ (આપની શીતલ છાયા વિના) નાના પ્રકારના દુખોથી ભરપૂર સસારમા સદા બળીઝળી રહું છુ જેમ તે માછલી જ્યારે જળમા રહે છે ત્યારે સુખી રહે છે તેમ જ્યા સુધી મારુ મન આપના કરૂણારસપૂર્ણ અત્યત શીતલ ચરણોમા પ્રવિષ્ટ રહે છે ત્યાસુધી હુ પણ સુખી રહુ છુ તેથી હે નાથ! મારૂ મન આપના ચરણકમળો છોડી અન્ય સ્થળ કે જ્યા હુ દુખી થાઉ ત્યા પ્રવેશ ન કરે એ પ્રાર્થના છે

૨૩ અર્થ.—હે ભગવન્! મારૂ મન ઇંદ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે જે સબધ કરે છે તેથી નાના પ્રકારના કર્મો આવી મારા આત્મા સાથે બધાય છે પરતુ વાસ્તવિકપણે હું તે કર્મોથી સર્વકાળ સર્વક્ષેત્રે જુદો જ છુ તથા તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા જ છે અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામા આપ જ કારણ છો તેથી હે શુદ્ધાત્મન્! હે જિનેંદ્ર! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમા જ છે

ભાવાર્થ.—યદિ નિશ્ચયનયથી જોવામા આવે તો હે જિનેન્દ્ર! આપ તથા હુ સમાન જ છીએ કેમકે નિશ્ચયનયથી આપનો આત્મા કર્મબધરહિત છે તેમ મારા આત્મા સાથે પણ કોઈ પ્રકારના કર્મોનુ બધન રહેતુ નથી તેથી હે ભગવન્! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપના સ્વરૂપમા જ છે

૨૪ અર્થ:—હે આત્મન્! તારે નથી તો લોકથી કામ નથી તો અન્યના આશ્રયથી કામ, તારે નથી તો દ્રવ્યથી પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન, તારે વચન તથા ઇંદ્રિયોથી

પણ કામ કામ નથી તેમ જ [દશ] પ્રાણોથી પણ મારે જ
નથી અને નાના પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી કેમ
ન એ સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાય છે વળી તારાથી ભિન્ન
તો પણ બહુ જ નવાઈ જેવી વાત એ છે કે તું તેમને પોતાના મ
તેમનો આશ્રય કરે છે તેથી શું તું દૃઢ બંધનથી બંધાશે
નહિ ? અવશ્ય બંધાઈશ

ભાવાર્થ —હે આત્મન્ ! તું તો નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપ
છો. સમસ્ત લોક તથા શરીર ઇન્દ્રિય, દ્રવ્ય વચન આદિ સર્વ
પદાર્થો પુદ્ગલ દ્રવ્યના પર્યાય છે અને તારાથી સર્વથા ભિન્ન
છે. એમ હોવા છતાં પણ જો તું તેમને પોતાના સમજી તેમનો
આશ્રય કરીશ તો તું અવશ્યમેવ બંધાઈશ તેથી તે સર્વ પર
પદાર્થોપરની મમતા છોડી શુદ્ધાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માનું
ધ્યાન કર કે જેથી તું કર્મોથી ન બંધાય.

૨૫ અર્થ—ધર્મ દ્રવ્ય અધર્મ દ્રવ્ય આકાશ દ્રવ્ય કાળ
દ્રવ્ય—એ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારું અહિત કરતાં નથી.
કિન્તુ એ ચારે દ્રવ્યો ગતિ સ્થિતિ આદિ કાર્યોમાં મને સહ
કારી છે તેથી મારા સહાયક થઈને જ રહે છે, પરન્તુ નોકર્મ
(નવું શરીર છ પર્યાપ્તિ) અને કર્મ જેનું સ્વરૂપ છે એવું
તથા સમીપે રહેનાર અને બંધને કરનાર એક પુદ્ગલ દ્રવ્ય જ
મારું વૈરી છે તેથી આ સમયે મેં તેના બે વિજ્ઞાનરૂપ તલ
વારથી ખંડ-ખંડ કરી દીધા છે

ભાવાર્થ —ધર્મ અધર્મ આકાશ કાળ અને પુદ્ગલ એ
પાંચ દ્રવ્ય મારાથી ભિન્ન છે તેમાથી ધર્મ અધર્મ આકાશ

અને કાળ–એ ચાર દ્રવ્ય તો મારૂ કોઈ પ્રકારે અહિત કરતા નથી, પરંતુ મને સહાય કરે છે અર્થાત્ ધર્મ દ્રવ્ય તો મારા ગમનમા સહકારી છે, અધર્મ દ્રવ્ય સ્થિતિ કરવામા સહકારી છે, આકાશ દ્રવ્ય અવકાશદાન દેવામા પણ મને મહકારી છે, અને કાલ દ્રવ્યથી પરિવર્તન થાય છે તેથી તે પરિવર્તન કરવામા પણ સહકારી છે. પરતુ એક પુદ્ગલ દ્રવ્યજ મારૂ બહુ અહિત કરનાર છે કેમકે પુદ્ગલ દ્રવ્ય નોકર્મ તથા કર્મ સ્વરૂપમા પરિણત થઈ મારા આત્મા સાથે સબધ કરે છે અને તેની કૃપાથી મારે નાના પ્રકારની ગતિઓમા ભ્રમણ કરવુ પડે છે તેમજ મને સત્યમાર્ગ પણ સૂઝતો નથી તેથી ભેદ–વિજ્ઞાનરૂપ તરવારથી મે તેના ખડ, ખડ ઊડાવી દીધા છે

૨૬ અર્થ:—જીવોના નાના પ્રકારના રાગદ્વેષ કરનાર પરિણામોથી જે પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ અધર્મ, આકાશ અને કાલ–એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગ દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી તે રાગદ્વેષદ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સસાર ઉભો થાય છે તેથી સસારમા અનેક પ્રકારના દુખો ભોગવવા પડે છે માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનોએ તે રાગ અને દ્વેષને સર્વથા છોડવા જોઇએ

ભાવાર્થ:—પુદ્ગલના અનેક પરિણામ થાય છે તેમા જે રાગદ્વેષ, પુદ્ગળના પરિણામ છે તેનાથી આત્મામા સદા કર્મ આવી બધાના કરે છે અને તે કર્મોને લીધે આત્માને સસારમા પરિભ્રમણ કરવુ પડે છે તથા ત્યા તેને વિવિધ પ્રકારના દુખો

પણ મારૂ કામ નથી તેમ જ [દશ] પ્રાણોથી પણ પ્રયોજન નથી અને નાના પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી કેમકે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાયો છે વળી તારાથી ભિન્ન છે તો પણ બહુ ખેદની વાત એ છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે તેથી શું તું દૃઢ બંધનથી બંધાઈશ નહિ? અવશ્ય બંધાઈશ.

ભાવાર્થ:—હે આત્મન્! તું તો નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપી છો, સમસ્ત લોક તથા શરીર, ઇંદ્રિય, મન, વચન આદિ સર્વ પદાર્થો પુદ્ગલ દ્રવ્યના પર્યાય છે અને તારાથી સર્વથા ભિન્ન છે એમ હોવા છતાં પણ જો તું તેમને પોતાના સમજી તેમનો આશ્રય કરીશ તો તું અવશ્યમેવ બંધાઈશ. તેથી તે સર્વ પર પદાર્થોપરની મમતા છોડી શુદ્ધાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માનું ધ્યાન કર કે જેથી તું કર્મોથી ન બંધાય

૨૫ **અર્થ**.—ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશ દ્રવ્ય, કાળ દ્રવ્ય—એ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારૂં અહિત કરતા નથી. કિન્તુ એ ચારે દ્રવ્યો, ગતિ, સ્થિતિ આદિ કાર્યોમા મને સહકારી છે, તેથી મારા સહાયક થઈને જ રહે છે, પરન્તુ નોકર્મ (ત્રણ શરીર, છ પર્યાપ્તિ) અને કર્મ જેનુ સ્વરૂપ છે એવુ તથા સમીપે રહેનાર અને બંધને કરનાર એક પુદ્ગલ દ્રવ્ય જ મારૂં વૈરી છે તેથી આ સમયે મે તેના ભેદવિજ્ઞાનરૂપ તરવારથી ખંડખંડ કરી દીધા છે

ભાવાર્થ.—ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગલ એ પાચ દ્રવ્ય મારાથી ભિન્ન છે તેમાથી ધર્મ, અધર્મ, આકાશ

અને દેવ-એ ચાર દ્રવ્ય તો મારું કોઈ પ્રકારે અહિત કરતાં નથી, પરંતુ મને સહાય કરે છે. અર્થાત્ ધર્મ દ્રવ્ય તો મારા ગમનમાં સહકારી છે, અધર્મ દ્રવ્ય સ્થિતિ કરવામાં સહકારી છે, આકાશ દ્રવ્ય અવકાશદાન દેવામાં પણ મને સહકારી છે, અને કાલ દ્રવ્યથી પરિવર્તન થાય છે. તેથી તે પરિવર્તન કરવામાં પણ સહકારી છે. પરંતુ એક પુદ્ગલ દ્રવ્ય જ મારું બહુ અહિત કરનાર છે. કેમકે પુદ્ગલ દ્રવ્ય નોકર્મ તથા કર્મ સ્વરૂપમાં પરિણત થઈ મારા આત્મા સાથે સંબંધ કરે છે. અને તેની કૃપાથી મારે નાના પ્રકારની ગતિઓમાં ભ્રમણ કરવું પડે છે તેમજ મને આત્મમાર્ગ પણ સૂઝતો નથી. તેથી ભેદ–વિજ્ઞાનરૂપે તરવારથી મેં તેના ખંડ, ખંડ ઊડાવી દીધા છે.

૨૬. અર્થ:—જીવોના નાના પ્રકારના રાગદ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ અધર્મ, આકાશ અને કાલ—એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી. તે રાગદ્વેષદ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઉભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવાં પડે છે. માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનોએ તે રાગ અને દ્વેષને સર્વથા છોડવાં જોઈએ.

ભાવાર્થ:—પુદ્ગળના અનેક પરિ[illegible] થાય છે તેમાં જે રાગદ્વેષ, પુદ્ગળના પરિણામ છે તેના[illegible]માં સદા કર્મ આવી બંધાયા કરે છે અને તે કર્મોને [illegible] [illegible]માં પરિભ્રમણ કરવું પડે છે તથા ત્યાં [illegible]

સ ન ત ૧ ૭ મ રે ભવ્યજીવો એ એવા પરમ અદ્વૈત
… …ાં ધામ અવશ્યમેવ કરી દેવા જોઈએ

૭ અર્થ —હે મન વચન તથા તાગથી ભિન્ન જે શ્રી
પુન અ[ ] પ ય ક નમન મા ગગનના સ્વરૂપ અનેક પ્રકારના
વિ ક ની ગુ રામ ર દુખ અશુભ કર્મો દ્વારા બાંધ
ન ગુ આનંદ પ જવાના સમુ ના શુદ્ધાત્મને પામી તેમાં નિવાસ
કરીશ ત ગુ નિરંજન વિભૂતિનું સુખને અવશ્ય પ્રાપ્ત કરીએ
એ વા મ ટ ત ર અ નંદસ્વરૂપ શુદ્ધ આત્મામાં જ નિવાસ કરવા
જાઈએ અ। તેનું જ ધ્યાન તથા મનન કરવુ જોઈએ.

૨૮ અર્થ —હે જિનેન્દ્ર ! આપના ચરણ કમળની કૃપાથી
પૂર્વાભ્યાસને સમ્યક્પ્રકારે મનમાં વિચારી જે સમયે આ જીવ
શુદ્ધિ મ રે અધ્યાત્મરૂપ આગ્યામ. પગ મૂકે છે તે જ સમયે તેને
દેખિન બનવવાને કર્મરૂપ ભયંકર વૈરી સામા પ ામા હા ઃ
છે હે ભગવન્ તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો

ભાવાર્થ —મ ાન બે ૭ નકા હોય છે તેમા અધ્યાત્મરૂપ
એક ધામ ામાં ઉપર શુદ્ધિ અર્થ ચડે છે તે સમયે બીજા છા
ધ ામા કર્મરૂપ વેરી તે આ ીને દેખી બનાવવા સામે હાજર
જ છે અ ર પ્રસંગે હે ભગવન્ ! આપ આ ગન વચ્ચે સાક્ષી
છો તેથી અ પે નીતિપૂર્વક ન્યાય કરવો પડશે.

હવે વિકલ્પરૂપ દર્શન તો સંસારસ્વરૂપ છે અને નિર્વિકલ્પ
ધ્યાન મોક્ષસ્વરૂપ છે એમ આચાર્ય દર્શાવે છે —

૨૯ અર્થ —દ્વૈત (સવિકલ્પકધ્યાન) તો વાસ્તવિક રીતે
સ … પ છે અને અદ્વૈત (નિર્વિકલ્પક ધ્યાન) મોક્ષ સ્વરૂપ

છે. સંસાર તથા મોક્ષમાં પ્રાપ્ત થની અંત [ઉત્કૃષ્ટ] દશાનું આ સંક્ષેપથી કથન છે. જે મનુષ્ય પૂર્વોક્ત બેમાંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે તે પુરુષ નિશ્ચયનયથી નામ રહિત થઈ જાય છે અને તે પુરુષ વ્યવહારનયથી બ્રહ્મા, ધાતા આદિ નામોથી સંબોધાય છે.

ભાવાર્થ:—જે પુરુષ સવિકલ્પધ્યાન કરે છે તે તો સંસારમાં જ ભટક્યા કરે છે કિન્તુ જે પુરુષ નિર્વિકલ્પધ્યાન આચરે છે તે મોક્ષમાં જઈ સિદ્ધપદને પ્રાપ્ત કરે છે; સિદ્ધોનું નિશ્ચયનયથી કોઈ નામ નહિ હોઈને તે નામરહિત થઈ જાય છે અને વ્યવહારનયથી તેને બ્રહ્મા આદિ નામથી પણ સંબોધવામાં આવે છે.

૩૦. અર્થ:—હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે તે ચારિત્ર તો આ વિષમ કલિકાળ [દુષમ પંચમકાળ] માં મારા જેવો મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે. પરંતુ પૂર્વોપાર્જિત પુન્યોથી આપમાં મારી જે દૃઢ ભક્તિ છે તે ભક્તિ જ, હે જિન! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ. અર્થાત મને સંસાર સમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે

ભાવાર્થ:—કર્મોનો નાશ કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી અને કર્મોનો નાશ તો આપદ્વારા વર્ણિત ચારિત્ર (તપ) થી થાય છે. હે ભગવન્! શક્તિના અભાવથી આ પંચમ કાળમાં મારા જેવો મનુષ્ય તે તપ કરી શકતો નથી; તેથી હે પરમાત્મા! મારી એ પ્રાર્થના છે કે સદ્‌ભાગ્યે આપમાં મારી

જે દૃઢ ભક્તિ છે તેનાથી મારા કર્મ નષ્ટ થઈ જાઓ અને મને મોક્ષની પ્રાપ્તિ થાઓ.

૧ અર્થ—આ સંસારમા ભ્રમણ કરી મે ઇન્દ્રપણુ, રાજ્ય મહારાજ વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ અનન્તવાર પ્રાપ્ત કરી છે તેથી એ પદવીઓમાથી કોઈ પણ પદવી મારા માટે અપૂર્વ નથી કિન્તુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રની પદવી જે અપૂર્વ છે તે મે હજુ સુધી પ્રાપ્ત નથી તેથી હે દેવ! મારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો.

ભાવાર્થ—યદ્યપિ સંસારમા ઇન્દ્ર, ચક્રવર્તિ આદિ પદવીઓ છે તે સમસ્ત પદવીઓ પણ મે પ્રાપ્ત કરી લીધી છે કિન્તુ હે ભગવન્! જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પદવી નવીન મોક્ષરૂપ સુખ આપનાર છે તે મે હજુસુધી પ્રાપ્ત કરી નથી તેથી વિનમ્રતાપૂર્વક એ પ્રાર્થના છે કે કૃપા કરી મને સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પદવીનું પૂર્ણતયા પ્રદાન કરો.

૩૨ અર્થ:—બાહ્ય [અતિશય આદિ] તથા આભ્યંતર [કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ] લક્ષ્મીથી શોભિત શ્રી વીરનાથ ભગવાને પોતાના પ્રભાવશાળીતાથી સંસારના પદવીની પ્રાપ્તિ અર્થે જગત નિમિત્તમા ઉપદેશની જે વ્યાખ્યા કરી છે અર્થાત્ ઉપદેશ દીધા છે તે ઉપદેશ પામે ક્ષણમાત્રમા વિનાશી એવુ પૃથ્વીનુ રાજ્ય મને પ્રિય નથી, તે વાત તો દૂર રહી, પરન્તુ હે પ્રભો! હે જિનેશ! તે ઉપદેશ પામે ત્રણ લોકનુ રાજ્ય પણ મને પ્રિય નથી.

ભાવાર્થ:—યદ્યપિ સંસારમાં પૃથ્વીનું રાજ્ય અને સ્વર્ગ લોકના રાજ્યની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે. પરંતુ હે પ્રભો! શ્રી વીરનાથ ભગવાને પ્રસન્નચિત્તે મને જે ઉત્કૃષ્ટ ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે આ બન્ને વાતો એક કોડી સમાન નથી તેથી હું આવા ઉપદેશનો જ પ્રેમી છું.

૩૧. **અર્થ:**—પ્રકાશી જેનું શરીર નિર્મળ છે એવો જે મનુષ્ય, શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત આલોચના નામની કૃતિને ત્રણે [પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં] કાળ શ્રી અર્હંત પ્રભુ સામે ભણે તે બુદ્ધિમાન મનુષ્ય એવા ઉત્કૃષ્ટ પદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિઓ ચિરકાળ પર્યંત તપ કરી ઘોર પ્રયત્ને પામી શકે છે.

ભાવાર્થ:—જે મનુષ્ય પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સાયંકાળ-ત્રણે કાળે શ્રી અર્હંતદેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે અંતે મોક્ષ પ્રાપ્ત કરે છે. તેથી મોક્ષાભિલાષીઓએ શ્રી અર્હંતદેવ સામે શ્રી પદ્મનંદિ આચાર્ય રચેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાળે અવશ્ય કરવો જોઈએ.

ઇતિ આલોચના અધિકાર સમાપ્ત.

ધૂન-સંચય.

આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.

*   *   *

શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર હ્વૈ, અમૃત-ધારા બરસે.

*   *   *

સહજાત્મસ્વરૂપ પરમગુરુ

*   *   *

પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ.

*   *   *

मा मुज्झह मा रज्जह मा दुस्सह इट्ठणिट्ठअत्थेसु ।
थिरमिच्छह जइ चित्त, विचित्तझाणप्पसिद्धीए ॥

અર્થ—હે ભવ્ય જનો! જો તમે નાનાપ્રકારના ધ્યાન અથવા વિકલ્પ રહિત ધ્યાનની સિદ્ધિમાટે ચિત્તને સ્થિર કરવા ચાહતા હો તો ઇષ્ટ તથા અનિષ્ટરૂપ ઇંદ્રિયોના વિષયોમા મોહ, રાગ અને દ્વેષ ન કરો.

जं किंचिवि चितंतो णिरीहवित्ती हवे जदा साहू ।
लद्धूण य एयत्तं तदाहु, तं तस्स णिश्चय झाण ॥

અર્થ:—ધ્યેય પદાર્થોમા એકાગ્રચિત્ત કરી જે કોઈ પદાર્થને ધ્યાવતા સાધુ જ્યારે નિસ્પૃહવૃત્તિ (સર્વ પ્રકારની ઇચ્છાઓથી રહિત) થાય છે તે સમયે તેનુ ધ્યાન નિશ્ચય ધ્યાન થાય છે

સહજાનંદી, શુદ્ધસ્વરૂપી, અવિનાશી હું આત્મસ્વરૂપ.

શ્રીનડિયાદ. આસો વદ ૧ ગુરુ. ૧૯૫૨

ૐ

શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર.

શ્રીસદ્‌ગુરુચરણાય નમઃ

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧.

જે આત્મસ્વરૂપ સમજ્યાવિના ભુતકાળે હું અનંત દુઃખ પામ્યો, તે પદ જેણે સમજાવ્યું એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવાજોગ એવા અનંત દુઃખ પામત તે મૂળ જેણે છેદ્યુ એવા શ્રીસદ્‌ગુરુ ભગવાનને નમસ્કાર કરું છું ૧

વર્ત્તમાન આ કાળમાં, મોક્ષ માર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય ૨.

આ વર્ત્તમાન કાળમા મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે, જે મોક્ષમાર્ગ આત્માર્થિને વિચારવા માટે (ગુરુશિષ્યના સંવાદરૂપે) અત્રે પ્રગટ કહીએ છીએ ૨

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ. ૩.

કોઈ ક્રિયાને જ વળગી રહ્યા છે, અને કોઈ શુષ્ક જ્ઞાનને જ વળગી રહ્યા છે, એમ મોક્ષમાર્ગ માને છે, જે જોઈને દયા આવે છે

બાહ્યક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ.

ક્રિયામાં જ માની રહ્યા છે અંતર કંઈ ભે
દ નથી અને જ્ઞાનમાંને નિષેધ કરે છે તે અહીં ક્રિયા
જડ કહ્યા છે ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ,
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ ૫

બંધ મોક્ષ માત્ર કલ્પના છે એવા નિશ્ચયવાક્ય માત્ર
વાણીમાં કહે છે અને તથારૂપ દશા થઈ નથી મોહના પ્ર
ભાવમાં વર્તે છે એ અહીં શુષ્કજ્ઞાની કહ્યા છે ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણા નિદાન ૬

વૈરાગ્યાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે
અર્થાત્ આત્મની પ્રાપ્તિના હેતુ છે અને જ્યાં આત્મજ્ઞાન ન હોય
ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતા હોય
તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન ૭

જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં
ન હોય તેને જ્ઞાન ન થાય અને જે ત્યાગ વિરાગમાં જ અટકી
રહી આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે, તે પોતાનું ભાન ભૂલે
અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગ વૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી
પરાભવ પામે અને આત્માર્થ ચૂકી જાય ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ ૮

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજે, અને ત્યાં ત્યાં તે તે આચરે એ આત્માર્થી પુરુષનાં લક્ષણો છે. ૮.

સેવે સદ્ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯.

પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્ગુરુના ચરણને સેવે તે પરમાર્થને પામે, અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય. ૯.

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ,
અપૂર્વ વાણી પરમ શ્રુત, સદ્ગુરુ લક્ષણયોગ્ય. ૧૦.

આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્તે છે, માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવાઆદિ ક્રિયા છે, અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જૂદી પડે છે અને ષડ્દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્ગુરુનાં ઉત્તમ લક્ષણો છે. ૧૦.

પ્રત્યક્ષસદ્ગુરુ સમ નહીં, પરોક્ષજિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર. ૧૧.

જ્યાંસુધી જીવને પૂર્વકાળે થઈ ગયેલા એવા જિનની વાતપર જ લક્ષ રહ્યા કરે અને તેનો ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્ગુરુનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષજિનોનાં વચન કરતાં મોટો ઉપકાર સમાયો છે, તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય. ૧૧.

સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યાવણ ઉપકાર શો?, સમજ્યે જિનસ્વરૂપ ૧૨

સદ્ગુરુના ઉપદેશવિના જિનનુ સ્વરૂપ સમજાય નહીં અને સમજ્યાવિના ઉપકાર શો થાય? જો સદ્ગુરુઉપદેશે જિનનુ સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પામે. ૧૨

આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર ૧૩

જે જિનાગમાદિ આત્માના હોવાપણાના તથા પરલોકાદિના હોવાપણાનો ઉપદેશ કરનારાં શાસ્ત્રો છે તે પણ જ્યાં પ્રત્યક્ષ સદ્ગુરુનો જોગ ન હોય ત્યાં સુપાત્ર જીવને આધારરૂપ પણ સદ્ગુરુ સમાન તે ભ્રાંતિના છેદક કહી ન શકાય ૧૩

અથવા સદ્ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાજ ૧૪

અથવા જે સદ્ગુરુએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય તે તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે નિત્ય વિચારવા ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ ૧૫

જીવ અનાદિકાળથી પોતાના ડાહાપણે અને પોતાની ઈચ્છાએ ચાલ્યો છે એનુ નામ સ્વચ્છંદ છે જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે એમ રાગ દ્વેષ અને અજ્ઞાન એમાંનો એકે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે ૧૫

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬.

પ્રત્યક્ષસદ્ગુરુના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતાં ઘણું કરીને તે બમણો થાય છે ૧૬

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭.

સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્ગુરુના લક્ષે ચાલે તેને પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે ૧૭

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય,
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮.

માન, અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહા શત્રુ છે, તે પોતાના ડહાપણે ચાલતા નાશ પામે નહી અને સદ્ગુરુના શરણમા જતા સહજ પ્રયત્નમા જાય ૧૮

જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯.

જે સદ્ગુરુના ઉપદેશથી કોઈ કેવળજ્ઞાન પામ્યા, તે સદ્ગુરુ હજુ છદ્મસ્થ રહ્યા હોય તો પણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળી ભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્ગુરુની વૈયાવચ્ચ કરે ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦.

સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યાવણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨.

સ ગુરુના ઉપદેશવિના જિનનું સ્વરૂપ સમજાય નહીં અને ર પ સમજ્યાવિના ઉપ ર શો થાય ? જો સદ્ગુરુઉપદેશે જિનનુ સ્વરૂપ સમજે તા સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પ મે ૧૨

આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર ૧૩.

જે જિનાગમ દિ આ માના હોવાપણાના તથા પરલોકા દિના હોવાપણાનો ઉપદેશ કરવાવાળા શ સ્ત્રો છે તે પણ જ્યા પ્રત્યક્ષ સદ્ગુરુનો જોગ ન હોય ત્યા સુપાત્ર જીવને આધારરૂપ પણુ સદ્ગુરુ સમાન તે ભ્રાન્તિના છેદક કહી ન શકાય ૧૩

અથવા સદ્ગુરુએ કહ્યા, જે અવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાજ. ૧૪

અથવા જે સદ્ગુરુએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મત ન્તર એટલે કુળધર્મને સ ર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છ ડીને માત્ર આત્માર્થે નિત્ય વિચારવા ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યુ જિન નિર્દોષ ૧૫

જીવ અનાદિ ‌ ‌ઇથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચા ો ‌ એનું નામ 'સ્વચ્છંદ' છે, જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે અને એ રીતે ભૂતકાળે અનત જીવ મોક્ષ પામ્યા છે એમ રાગ દ્વેષ અ ાન એમાંનો કોઇ દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે ૧૫

ત્રે

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વછંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય ૧૬.

પ્રત્યક્ષસદ્ગુરુના યોગથી તે સ્વછંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતા ઘણુ કરીને તે બમણો થાય છે ૧૬

સ્વછંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ ૧૭.

સ્વછંદને તથા પોતાના મતના આગ્રહો તજીને જે સદ્ગુરુના લક્ષે ચાલે તેને પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગે 'સમકિત' કહ્યુ છે ૧૭

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય,
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય ૧૮

માન, અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહા શત્રુ છે તે પોતાના ડહાપણે ચાલતા નાશ પામે નહીં અને સદ્ગુરુના શરણમા જતા સહજ પ્રયત્નમા જાય ૧૮

જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન ૧૯.

જે સદ્ગુરુના ઉપદેશથી કોઈ કેવળજ્ઞાન પામ્યા, તે સદ્ગુરુ હજુ છદ્મસ્થ રહ્યા હોય તો પણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળી ભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્ગુરુની વૈયાવચ્ચ કરે ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ

એવ વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે. એ માર્ગનો મૂળ હેતુ શો છે તથી આત્માને શો ઉપકાર થાય છે તે કોઈક સુભાગ્ય અને સુલભબોધી અથવા આરાધક જીવ હોય તે સમજે ૨૦

અસદ્ગુરુ એ વિનયનો લાભ લહે જો કાંઈ,
મહામોહિની કર્મથી, બૂડે ભવજળ માંહિ ૨૧

આ વિનયમાર્ગ કહ્યો તેનો લાભ એટલે તે શિષ્યાદિ પાસે કરાવવાની ઈચ્છા કરીને જો કોઈ પણ અસદ્ગુરુ પોતાને વિષે સદ્ગુરુપણું સ્થાપે તો તે મહામોહિનીય કર્મ ઉપાર્જન કરીને ભવસમુદ્રમાં બૂડે ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર ૨૨

જે મોક્ષાર્થી જીવ હોય તે આ વિનયમાર્ગાદિનો વિચાર સમજે અને જે મતાર્થી હોય તે તેનો અવળો નિર્ધાર લે એટલે કાં પોતે તેવો વિનય શિષ્યાદિ પાસે કરાવે અથવા અસદ્ગુરુને વિષે પોતે સદ્ગુરુની ભ્રાંતિ રાખી આ વિનયમાર્ગનો ઉપયોગ કરે ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ,
તેહ મતાર્થીલક્ષણો, અહીં કહ્યા નિર્પક્ષ ૨૩

જે મતાર્થી જીવ હોય તેને આત્મજ્ઞાનનો લક્ષ થાય નહીં મતાર્થી જીવના અહીં નિષ્પક્ષપાતે લક્ષણો કહ્યાં છે ૨૩

મતાર્થીલક્ષણ

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરુ સત્ય,
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ ૨૪

જેને માત્ર બાહ્યથી ત્યાગ દેખાય છે પણ આત્મજ્ઞાન નથી અને ઉપલક્ષણથી અંતરંગ ત્યાગ નથી તેવા ગુરુને સાચા ગુરુ માને અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરુ હોય તોપણ તેમાં જ મમત્વ રાખે ૨૪

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ,
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજબુદ્ધિ ૨૫

જે જિનના દેહાદિનું વર્ણન છે તેને જિનનું વર્ણન સમજે છે અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે માનેલા કલ્પિત રાગે સમવસરણાદિ માહાત્મ્ય કહ્યા કરે છે અને તેમાં પોતાની બુદ્ધિને રોકી રહે છે એટલે પરમાર્થહેતુસ્વરૂપ એવું જિનનું જે અંતરંગસ્વરૂપ જાણવાયોગ્ય છે તે જાણતા નથી તથા તે જાણવાનો પ્રયત્ન કરતા નથી અને માત્ર સમવસરણાદિમાં જ જિનનું સ્વરૂપ કહીને મતાર્થમાં રહે છે ૨૫

પ્રત્યક્ષસદ્ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,
અસદ્ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય ૨૬

પ્રત્યક્ષસદ્ગુરુનો ક્યારેક યોગ મળે તો દુરાગ્રહાદિ છેદક તેની વાણી સાંભળીને તેથી અવળી રીતે ચાલે અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહીં અને પોતે ખરેખરા દૃઢ મુમુક્ષુ છે એવું માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્ગુરુ સમીપે જઈને પોતે તેના પ્રત્યે પોતાનું વિશેષ દૃઢપણું જણાવ

દેહાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિનિદાન   ૨૭

દેહાદિક ગતિના ભાંગા આદિના સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થ હેતુથી કહ્યા છે તે હેતુને જાણ્યો નથી અને તે ભંગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે તથા પોતાના મતનો-વેશનો આગ્રહ રાખવામાં જ મુક્તિનો હેતુ માને છે ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન   ૨૮.

વૃત્તિનું સ્વરૂપ શું ? તે પણ જે જાણ્યું નથી, અને 'હું વ્રતધારી છું' એવું અભિમાન ધારણ કર્યું છે ક્વચિત્ પરમાર્થના ઉપદેશનો યોગ બને તોપણ લોકમાં પોતાનું માન અને પૂજાસત્કારાદિ જતાં રહેશે અથવા તે માનાદિ પછી પ્રાપ્ત નહીં થાય એમ જાણીને તે પરમાર્થને ગ્રહણ કરે નહીં ૨૮

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય,
લોપે સદ્‌વ્યવહારને, સાધનરહિત થાય   ૨૯

અથવા 'સમયસાર' કે 'યોગવાસિષ્ઠ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચયનયને ગ્રહણ કરે કેવી રીતે ગ્રહણ કરે ? માત્ર કથનરૂપે અંતરંગમાં તથારૂપ ગુણની કંઈ સ્પર્શના નહીં અને સદ્‌ગુરુ સત્શાસ્ત્ર તથા વૈરાગ્ય વિવેકાદિ સાચા વ્યવહારને લોપે તેમ જ પોતાને જ્ઞાની માની લઈને સાધનરહિત વર્તે ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ,
[illegible] સંગ જે, તે બૂડે ભવમાંહિ   ૩૦.

તે જ્ઞાનદશા પામે નહીં, તેમ વૈરાગ્યાદિ સાધનદશા પણ તેને નથી, જેથી તેના જીવનો સંગ બીજા જે જીવને થાય તે પણ ભવસાગરમાં ડૂબે. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ,
પામે નહીં પરમાર્થને, અનઅધિકારીમાં જ ૩૧.

એ જીવ પણ મતાર્થમાં જ વર્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ તેને જેમ કુળધર્માદિથી મતાર્થતા છે, તેમ આને જ્ઞાની ગણાવાના માનની ઇચ્છાથી પોતાના શુષ્કમતનો આગ્રહ છે, માટે તે પણ પરમાર્થને પામે નહીં, અને અનઅધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા જીવોમાં તે પણ ગણાય. ૩૧

નહીં કષાયઉપશાંતતા, નહિં અંતર્ વૈરાગ્ય,
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨.

જેને ક્રોધ-માન-માયા લોભરૂપ કષાય પાતળા પડ્યા નથી તેમ જેને અંતર્વૈરાગ્ય ઉત્પન્ન થયો નથી, આત્મામાં ગુણ ગ્રહણ કરવારૂપ સરળપણું જેને રહ્યું નથી, તેમ સત્યાસત્યતુલના કરવાને જેને અપક્ષપાતદૃષ્ટિ નથી, તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદનાવાળા મોક્ષમાર્ગને પામવા યોગ્ય એવું તેનું ભાગ્ય ન સમજવું. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ,
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩.

એમ મતાર્થી જીવના લક્ષણ કહ્યા, તે કહેવાનો હેતુ-એ છે કે કોઈ [illegible]નો તે જાણીને મતાર્થ જાય.

ત્માર્થી જીવના લક્ષણ કહીએ છીએ તે લક્ષણ કેવા છે ? તો કે—આત્માને અ સામાધ સુખની સામગ્રિના હેતુ છે ૩૩

આત્માર્થીલક્ષણ

આત્મજ્ઞાન ત્યા મુનિપણ, તે સાચા ગુરુ હોય,
બાકી કુળગુરુકલ્પના, આત્માર્થી નહીં જોય ૩૪

જ્યા આત્મજ્ઞાન હોય ત્યા મુનિપણુ હોય અર્થાત્ આત્મજ્ઞાન ન હોય ત્યા મુનિપણુ ન સભવે "**जं समंति पासह तं मोणंति पासह**"—જ્યા સમકિત એટલે આત્મજ્ઞાન છે ત્યા મુનિપણુ જાણ એમ આચારાગસૂત્રમા કહ્યુ છે એટલે જેમા આત્મજ્ઞાન હોય તે સાચા ગુરુ છે એમ જાણે છે, અને આત્મજ્ઞાનરહિત એવા માત્ર પોતાના કુળના ગુરુને સદ્ગુરુ માનવા એ માત્ર કલ્પના છે તેથી કઈ ભવછેદ ન થાય એમ આત્માર્થી જુએ છે ૩૪

પ્રત્યક્ષસદ્ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર ૩૫

પ્રત્યક્ષસદ્ગુરુની પ્રાપ્તિનો મોટો ઉપકાર જાણે અર્થાત્ શાસ્ત્રાદિથી જે સમાધાન થઈ શકવાયોગ્ય નથી અને જે દોષો સદ્ગુરુની આજ્ઞા ધારણ કર્યા વિના જતા નથી તે સદ્ગુરુયોગથી સમાધાન થાય અને તે દોષો ટળે માટે પ્રત્યક્ષ સદ્ગુરુનો મોટો ઉપકાર જાણે અને તે સદ્ગુરુ પ્રત્યે, મન વચન, કાયાની એકતાથી આજ્ઞાધીનપણે વર્તે ૩૫

એક હોય ત્રણ કાળમા, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત ૩૬.

ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઇએ, અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઇએ—બીજો નહીં ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુયોગ,
કામ એક આત્માર્થનું. બીજો નહીં મનરોગ. ૩૭.

એમ અંતરમાં વિચારીને જે સદ્ગુરુના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે પણ માનપૂજાદિક સિદ્ધિ-રિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં, એ રોગ જેના મનમાં નથી ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ ૩૮.

જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસારપર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણી માત્ર પર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય ૩૮

દશા ન એવી જ્યાંસુધી, જીવ લહે નહીં જોગ્ય,
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯.

જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતરરોગ ન મટે ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય,
તે બોધે [illegible] પ્રગટે સુખદાય.

એવી દશા જ્યાં આવે ત્યાં સદ્ગુરુનો બોધ શોભે, અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧.

જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે ૪૧.

ઊપજે તે સુવિચારણા, મોક્ષ માર્ગ સમજાય,
ગુરુશિષ્યસંવાદથી, ભાખું ષટ્પદ આંહી. ૪૨.

જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને મોક્ષમાર્ગ સમજવામાં આવે તે છ પદરૂપે ગુરુશિષ્યના સંવાદથી કરીને અહીં કહું છું ૪૨

ષટ્પદનામકથન:

'આત્મા[1] છે,' 'તે નિત્ય[2] છે,' 'છે કર્તા[3] નિજકર્મ,'
'છે ભોક્તા,[4]' વળી 'મોક્ષ[5] છે,' 'મોક્ષઉપાય સુધર્મ.[6]' ૪૩

'આત્મા છે,' 'તે આત્મા નિત્ય છે,' 'તે આત્મા પોતાના કર્મનો કર્તા છે,' 'તે કર્મનો ભોક્તા છે,' 'તેથી મોક્ષ થાય છે,' અને 'તે મોક્ષનો ઉપાય એવો સદ્ધર્મ છે.' ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષડ્દર્શન પણ તેહ,
સમજવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

એ છ સ્થાનક અથવા છ પદ અહીં સક્ષેપમા મ્હ્યા છે, અને વિચાર કરવાથી ષડ્દર્શન પણ તે જ છે પરમાર્થ સમજવાને માટે જ્ઞાની પુરુષે એ છ પદો મ્હ્યા છે ૪૪

૧ શંકા:—શિષ્ય ઉવાચ

(શિષ્ય આત્માના હોવાપણાની શંકા કહે છે:—)

નથી દૃષ્ટિમા આવતો, નથી જણાતુ રૂપ,
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ ૪૫

દૃષ્ટિમા આવતો નથી તેમ જેનુ કંઈ રૂપ જણાતુ નથી તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણુ નથી માટે જીવનુ સ્વરૂપ નથી અર્થાત્ જીવ નથી. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ,
મિથ્યા જૂદો માનવો, નહીં જૂદુ એંધાણ ૪૬

અથવા દેહ જ છે તે આત્મા છે, અથવા ઇંદ્રિો છે તે આત્મા છે અથવા શ્વાસોશ્વાસ છે તે આત્મા છે અર્થાત્ એ સૌ એકના એક દેહરૂપે છે માટે આત્માને જૂદો માનવો તે મિથ્યા છે, કેમકે તેનુ કશુ જૂદુ એંધાણ એટલે ચિહ્ન નથી ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ ૪૭

અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં? જો ઘટ પટ આદિ પદાર્થો છે તો જેમ જણાય છે તેમ આત્મા હોય તો શા માટે ન જણાય? ૪૭

[illegible] આત્મા, મિથ્યા મોક્ષઉપાય,
[illegible] શંકા તણો, સમજાવો સદુપાય ૪૮

[illegible] અને આત્મા નથી એટલે તેના [illegible] ઉપાય [illegible] તે [illegible] છે એ મારા અંતરની [illegible] સમજાવો એટલે સમાધાન દેવ [illegible]

૨ સમાધાન — સદ્ગુરુ ઉવાચ

('આત્મા છે' એમ સદ્ગુરુ સમાધાન કરે છે —)

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન,
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટલક્ષણે ભાન ૪૯

દેહ [illegible] એટલે અનાદિ [illegible] ને લીધે દેહનો [illegible] આત્મા દેહ જેવો અર્થાત્ તો દેહ ભાસ્યો [illegible] અને દેહ બન્ને જુદા છે [illegible] બન્ને [illegible] ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહસમાન,
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

[illegible] દેહના પરિચયથી દેહ [illegible] આત્મા દેહ [illegible] ભાસ્યો છે પણ [illegible] ને [illegible] બન્ને જુદા [illegible] અને દેહ [illegible] જુદાં છે ૫૦

જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે તે છે જીવસ્વરૂપ. ૫૧

તે આત્મા દષ્ટિ એટલે આંખથી ક્યાથી દેખાય ? કેમકે ઉલટો તેનો તે જોનાર છે સ્થૂળ સૂક્ષ્માદિ રૂપને જે જાણે છે, અને સર્વને બાધ કરતા કરતા કોઈ પણ પ્રકારે જેનો બાધ કરી શકતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે જીવનુ સ્વરૂપ છે ૫૧

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન,
પાંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન ૫૨.

કર્ણેન્દ્રિયથી સાભળ્યુ તે તે કર્ણેંદ્રિય જાણે છે, પણ ચક્ષુ-ઇંદ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ-ઇંદ્રિયે દીઠેલુ તે કર્ણેંદ્રિય જાણતી નથી અર્થાત્ સૌ સૌ ઇંદ્રિયને પોતપોતાના વિષયનુ જ્ઞાન છે, પણ બીજી ઇંદ્રિયોના વિષયનુ જ્ઞાન નથી અને આત્માને તો પાચે ઇંદ્રિયના વિષયનુ જ્ઞાન છે અર્થાત્ જે, તે પાચે ઇંદ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે તે 'આત્મા' છે અને આત્માવિના એકેક ઇંદ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યુ તે પણ ઉપચારથી કહ્યુ છે ૫૨.

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય પ્રાણ,
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ ૫૩.

દેહ તેને જાણતો નથી, ઇંદ્રિયો તેને જાણતી નથી અને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ પણ તેને જાણતો નથી, તે સૌ એક આત્માની સત્તા પામીને પ્રવર્તે છે, નહીં તો જડપણે પડ્યા રહે છે, એમ જાણ ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ [illegible] એ એંધાણ સદાય

જાગ્રત સ્વપ્ન અને નિદ્રા એ અવસ્થામાં વર્તતો છતાં તે અવસ્થાઓથી જૂદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણું છે અને તે તે અવસ્થાને જે જાણે છે એવા પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે, અને એ તેની નિશાની સદા વર્ત્તે છે કોઈ દિવસ તે નિશાનીનો ભંગ થતો નથી ૫૪

ઘટ પટ આદિ જાણુ તું તેથી તેને માન,
જાણનાર તે માન નહિ કહિયે કેવું જ્ઞાન? ૫૫

ઘટ પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે અને જે તે ઘટ પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી એ જ્ઞાન તે કેવું કહેવું? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા ઘટે ન આમ વિકલ્પ ૫૬

દુબળા દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂળ દેહને વિષે થોડી બુદ્ધિ પણ જોવામાં આવે છે જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ ૫૭

કોઈ કાળ જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ અને સદા જે જાણવાના સ્વભાવવાન છે તે ચેતન એવા બેયનો કેવળ જૂદો સ્વભાવ છે અને તે કોઈ પણ પ્રકારે એકપણું

પામવાયોગ્ય નથી. ત્રણે કાળ જડ જડભાવે, અને ચેતન ચેતનભાવે રહે એવો બેયનો જૂદો જૂદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે. આ વિષય ઉપર બે સુંદર કાવ્યો શ્રીમદે રચેલાં છે. ૫૭.

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮.

આત્માની શંકા આત્મા આપ પોતે કરે છે. જે શંકાનો કરનાર છે તે જ આત્મા છે. તે જાણતો નથી એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે. ૫૮.

૨. શંકાઃ—શિષ્ય ઉવાચ.

('આત્મા નિત્ય નથી' એમ શિષ્ય કહે છે):—

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,
સંભવ તેનો થાય છે, અંતર્ કર્યે વિચાર. ૫૯.

આત્માના હોવાપણા વિષે આપે જે જે પ્રકાર કહ્યા તેનો અંતર્માં વિચાર કરવાથી સંભવ થાય છે. ૫૯.

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ,
દેહયોગથી ઉપજે, દેહવિયોગે નાશ. ૬૦.

પણ બીજી એમ શંકા થાય છે કે, આત્મા છે તોપણ તે અવિનાશ એટલે નિત્ય નથી; ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી, માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય અને વિયોગે નાશ પામે. ૬૦.

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય,
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧.

અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે તેથી સર્વ વસ્તુ ક્ષણિક છે અને અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી ૬૧

૨ સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ

('આત્મા નિત્ય છે' એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે-)

દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દૃશ્ય,
ચેતનના ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

દેહમાત્ર પરમાણુનો સંયોગ છે અથવા સંયોગે કરી આત્માના સબંધમાં છે વળી તે દેહ જડ છે રૂપી છે અને દૃશ્ય એટલે બીજા કોઈ દૃષ્ટાનો તે જાણવાનો વિષય છે એટલે તે પોતે પોતાને જાણતો નથી તો ચેતનના ઉત્પત્તિ અને નાશ તે ક્યાથી જાણે? તે દેહના પરમાણુએ પરમાણુનો વિચાર કરતા પણ તે જડ જ છે એમ સમજાય છે તેથી તેમાંથી ચેતનઉત્પત્તિ થવાયોગ્ય નથી અને ઉત્પત્તિ થવા યોગ્ય નથી તેથી ચેતન તેમા નાશ પણ પામવાયોગ્ય નથી વળી તે દેહ રૂપી એટલે સ્થૂલાદિ પરિણામવાળો છે અને ચેતન દૃષ્ટા છે ત્યારે તેના સંયોગથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થાય? અને તેમાં લય પણ કેમ થાય? દેહમાથી ચેતન ઉત્પન્ન થાય છે અને તેમા જ નાશ પામે છે એ વાત કોના અનુભવને વશ રહી? અર્થાત્ એમ કોણે જાણ્યુ? કેમકે જાણનાર એવા ચેતનની ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં અને નાશ તો તેથી પહેલાં છે ત્યારે એ અનુભવ થયો કોને? ૬૨.

જેના અનુભવવશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,
તે તેથી જૂદા વિના, થાય ન કેમે ભાન. ૬૩.

જેના અનુભવમા એ ઉત્પત્તિ અને નાશનું જ્ઞાન વર્તે તે ભાન તેથી જૂદા વિના કોઈ પ્રકારે પણ સંભવતું નથી અર્થાત્ ચેતનના ઉત્પત્તિ, લય થાય છે, એવો કોઇને પણ અનુભવ થવાયોગ્ય છે નહીં. ૬૩

દેહની ઉત્પત્તિ અને દેહના લયનુ જ્ઞાન જેના અનુભવમા વર્તે છે, તે તે દેહથી જૂદો ન હોય તો કોઈ પણ પ્રકારે દેહની ઉત્પત્તિ અને લયનુ જ્ઞાન થાય નહિ અથવા જેની ઉત્પત્તિ અને લય જે જાણે છે તે તેથી જૂદો જ હોય, કેમકે તે ઉત્પત્તિલયરૂપ ન ઠર્યો, પણ તેનો જાણનાર ઠર્યો માટે તે બેની એકતા કેમ થાય?

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય,
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪.

જે જે સયોગો દેખીએ છીએ તે તે અનુભવસ્વરૂપ એવા આત્માના દશ્ય એટલે તેને આત્મા જાણે છે, અને તે સયોગનુ સ્વરૂપ વિચારતાં એવો કોઈ પણ સંયોગ સમજાતો નથી કે જેથી આત્મા ઉત્પન્ન થાય છે, માટે આત્મા સયોગથી નહીં ઉત્પન્ન થયેલો એવો છે, અર્થાત્ અસયોગી છે, સ્વાભાવિક પદાર્થ છે, માટે તે પ્રત્યક્ષ 'નિત્ય' સમજાય છે. ૬૪.

જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય,
એવો અનુભવ કોઈને, કયારે કદી ન થાય. ૬૫.

[illegible] ચેતનથી જડ ઉપજ થાય [illegible]

[illegible] અનુભવ થાય નહી. ૬૫

[illegible] થી નહીં, જેની ઉત્પત્તિ થાય,

[illegible] ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

[illegible] ઓથી થાય નહીં તેનો [illegible] પણ નહી, માટે આત્મા નિત્ય [illegible]

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,

પૂર્વજન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭

[illegible] પ્રત્યક્ષ [illegible] સર્પ વગેરે પ્રાણીઓ [illegible] પૂર્વજન્મનો [illegible] જીવની નિત્યતા સિદ્ધ કરે છે ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,

બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

[illegible] નિત્ય છે [illegible] જ્ઞાનાદિ પરિ- [illegible] ([illegible]) [illegible]

ભેદ થયો તે પર્યાયભેદ છે, પણ તે ત્રણે અવસ્થામા આત્મ દ્રવ્યનો ભેદ થયો નહી અર્થાત્ અવસ્થાઓ બદલાઈ પણ આત્મા બદનાયો નથી આત્મા એ ત્રણે અવસ્થાને જાણે છ અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે ત્રણે અવસ્થામા આત્મા એક હોય તો એમ બને પણ જો આત્મા ક્ષણે ક્ષણે બદનાતો હોય તો તેવો અનુભવ બને જ નહી ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર ૬૯

વળી અમુક પદાર્થ ક્ષણિક છે એમ જે જાણે છે અને ક્ષણિકપણુ કહે છે તે કહેનાર અર્થાત્ જાણનાર ક્ષણિક હોય નહીં કેમકે પ્રથમ ક્ષણે અનુભવ થયો તેને બીજે ક્ષણે તે અનુભવ કહી શકાય ત બીજે ક્ષણે પોતે ન હોય તો ક્યાથી કહે? માટે એ અનુભવથી પણ આત્માના અક્ષણિકપણાનો નિશ્ચય કર ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમા ભળે તપાસ ૭૦.

વળી કોઈ પણ વસ્તુનો કોઈ પણ કાળે કેવળ તો નાશ થાય જ નહીં, માત્ર અવસ્થાતર થાય, માટે ચેતનનો પણ કેવળ નાશ થાય નહીં અને અવસ્થાનરૂપ નાશ થતો હોય તો તે કેમા ભળે? અથવા કેવા પ્રકારનુ અવસ્થાતર પામે? તે તપાસ. અર્થાત્ ઘટાદિ પદાર્થ ફુટી જાય છે, એટલે લોકો એમ કહે છે કે ઘડો નાશ પામ્યો છે, કઈ માટીપણુ નાશ પામ્યુ નથી. તે

[...]જઈ સૂક્ષ્મમા સૂક્ષ્મ ભૂકો થાય,

સમૂહરૂપે રહે પણ કેવળ નાશ ન થાય અને તેમાનું એક રજકણ પણ ઘટે નહીં કેમકે અનુભવથી જોતા અવસ્થાતર થાય કે પણ પદાર્થનો સમૂળગો નાશ થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી એટલે જો તું ચેતનનો નાશ કહે તોપણ કેવળ નાશ તો કહી જ શકાય નહીં અવસ્થાતરરૂપ નાશ કહે પણ જેમ ઘટ ફુટી જઈ ક્રમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમા રહે તેમ ચેતનનો અવસ્થાતરરૂપ નાશ તારે કહેવો હોય તો તે શી સ્થિતિમા રહે અથવા ઘટના પરમાણુઓ જેમ પરમાણુ સમૂહમા ભળ્યા તેમ ચેતન કઈ વસ્તુમા ભળવાયોગ્ય છે તે તપાસ અર્થાત્ એ પ્રકારે તું અનુભવ કરી જોઈશ તો કોઈમા નહીં ભળી શકવાયોગ્ય અથવા પરસ્વરૂપે અવસ્થાતર નહીં પામવાયોગ્ય એવુ ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે. ૭૦

૩. શંકા-શિષ્ય ઉવાચ.

('આત્મા કર્મનો કર્તા નથી,' એમ શિષ્ય કહે છે—

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

જીવ કર્મનો કર્તા નથી કર્મના કર્તા કર્મ છે અથવા અનાયાસે તે થયા કરે છે એમ નહીં ને જીવ જ તેનો કર્તા છે એમ કહો તો પછી તે જીવનો ધર્મ જ છે અર્થાત્ ધર્મ હોવાથી ક્યારે નિવૃત્ત ન થાય ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ,
ઇશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ ૭૨

અથવા એમ નહીં, તો આત્મા સદા અસંગ છે અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે; તેમ નહીં તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે તેથી ઈશ્વરેચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી 'અબંધ' છે. ૭૨.

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહીં કાં નહિ જાય. ૭૩.

માટે જીવ કોઈ રીતે કર્મનો કર્તા થઈ શકતો નથી અને મોક્ષનો ઉપાય કરવાનો કોઈ હેતુ જણાતો નથી; કાં જીવને કર્મનું કર્તાપણું નથી અને જો કર્તાપણું હોય તો કોઈ રીતે તે તેનો સ્વભાવ મટવાયોગ્ય નથી. ૭૩.

૩. સમાધાનઃ-સદ્‌ગુરુ ઉવાચ.

(કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે સદ્‌ગુરુ સમાધાન કરે છેઃ—)

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪.

ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ ન હોય તો કર્મને કોણ ગ્રહણ કરે? જડનો સ્વભાવ પ્રેરણા નથી. જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ. ૭૪.

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫.

આત્મા જો કર્મ કરતો નથી, તો તે થતાં નથી; તેથી સહજ સ્વભાવે એટલે અનાયાસે તે થાય એમ કહેવું ઘટતું

નથી તેમજ તે જીવનો ધર્મ પણ નથી કેમકે સ્વભાવને નર થતું નથી અને આત્મા ન કરે તો કર્મ થાય નહિ એ લએ ભાવ ટળી શકે છે માટે તે આત્માનો સ્વાભવિક ધમ નહીં ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ ૭૬

કેવળ જો અસંગ હોત અર્થાત્ ક્યારે પણ તેને કર્મનું ગ્વાપણું ન હોત તો તને પોતાને તે આત્મા પ્રથમથી કેમ ન ભાસત? પરમાર્થથી તે આત્મા અસંગ છે પણ તે તો જ્યારે સ્વરૂપનુ ભાન થાય ત્યારે થાય ૭૬

કર્ત્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ ૭૭

જગતનો અથવા જીવોના કર્મનો ઈશ્વર કર્તા કોઈ છે નહીં શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઈશ્વર છે અને તેને જો પ્રેરક એટલે કર્મકર્ત્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ માટે ઈશ્વરની પ્રેરણા જીવના કર્મ કરવામાં પણ કહેવાય નહી ૭૭

ચેતન જો નિજભાનમા, કર્ત્તા આપસ્વભાવ,
વર્તે નહિ નિજભાનમા, કર્ત્તા કર્મ પ્રભાવ ૭૮

આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમા વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્ત્તા છે અર્થાત્ તે જ સ્વરૂપમા પરિણમિત છે અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમા વર્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્ત્તા છે ૭૮

૪. શંકા:—શિષ્ય ઉવાચ.

(તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય!

એમ શિષ્ય કહે છે:—)

જીવ કર્મકર્ત્તા કહો, પણ ભોક્તા નહીં સોય,
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯.

જીવને કર્મનો કર્તા કહીએ તોપણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે: કેમકે જડ એવાં કર્મ શું સમજે કે તે ફળ દેવામાં પરિણામી થાય? અર્થાત્ ફળદાતા થાય? ૭૯.

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય,
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦.

ફળદાતા ઈશ્વર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ અર્થાત્ જીવને ઈશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય, પણ પરને ફળ દેવા આદિ પ્રવૃત્તિવાળો ઈશ્વર ગણીએ તો તેનું ઈશ્વરપણું જ રહેતું નથી, એમ પણ પાછો વિરોધ આવે છે. ૮૦.

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત્ નિયમ નહિ હોય,
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧.

તેવો ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી એટલે જગત્‌નો નિયમ પણ કોઈ રહે નહીં અને શુભાશુભ કર્મ ભોગવવાનાં કોઈ સ્થાનક પણ ઠરે નહીં; એટલે જીવને કર્મનું ભોક્તૃત્વ ક્યાં રહ્યું? ૮૧.

૪ સમાધાન સદ્‌ગુરુ ઉવાચ
અને પાતાના કરેલા કર્મનુ ભોક્તાપણુ છે
એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે —)

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,
જીવવીર્યની સ્ફુરણા ગ્રહણ કરે જડધૂપ ૮૨

ભાવકમ જીવને પોતાની ભ્રાતિ છે માટે તે ચેતનરૂપ છે અને તે ભ્રાતિને અનુસરીને જીવવીર્ય સ્ફુરાયમાન થાય છે તેથી જડ એવા દ્રવ્યકમની વગણા તે ગ્રહણુ કરે છે ૮૨

આશંકા—કમ જડ છે તો તે શુ સમજે કે આ જીવને આ રીતે મારે ફળ આપવુ અથવા તે સ્વરૂપે પરિણમવુ ? માટે જીવ કમનો ભોક્તા થવા સભવતો નથી એ આશંકાનુ સમાધાન—જીવ પોતાના સ્વરૂપના અજ્ઞાનથી કર્મનો કર્તા છે અજ્ઞાન તે ચેતનરૂપ છે અથાત્ જીવની પોતાની કલ્પના છે અને તે કલ્પનાને અનુસરીને તેના વીર્યસ્વભાવની સ્ફુર્તિ થાય છે અથવા તેનુ સામર્થ્ય તદનુયાયીપણે પરિણમે છે અને તેથી જડની ધૂપ એ લે દ્રવ્ય કર્મરૂપ પુગળની વર્ગણાને તે ગ્રહણુ કરે છે

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય,
એમ શુભાશુભ કર્મનુ, ભોક્તાપણુ જણાય ૮૩

ઝેર અને અમૃત પાતે જાણુતા નથી કે અમારે આ જીવને ફળ આપવુ છે તોપણ જે જીવ ખાય છે તેને તે ફળ થાય છે એમ શુભાશુભ કર્મ આ જીવને આ ફળ આપવુ છે એમ જાણુતા નથી તોપણ ગ્રહણુ કરનાર જીવ ઝેર અમૃતના પરિ રીતે ફળ પામે છે

ઝેર અને અમૃત પોતે એમ સમજતા નથી કે અમને ખાનારને મૃત્યુ, દીર્ઘાયુપણા થાય છે, પણ સ્વભાવે તેને ગ્રહણ કરનાર પ્રત્યે જેમ તેનું પરિણમવું થાય છે, તેમ જીવમાં શુભાશુભ કર્મ પણ પરિણમે છે અને ફળસન્મુખ થાય છે, એમ જીવને કર્મનું ભોક્તાપણું સમજાય છે ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણવિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય ૮૪.

એક રાંક છે, અને એક રાજા છે, એ આદિ શબ્દથી નીચપણું ઊંચપણું કુરૂપપણું સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે અને એવો જે ભેદ રહે છે તે-સર્વને સમાનતા નથી-તે જ શુભાશુભ કર્મનું ભોક્તાપણું છે એમ સિદ્ધ કરે છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. ૮૪

તે શુભાશુભ કર્મનું ફળ ન થતું હોય તો એક રાંક અને એક રાજા એ આદિ જે ભેદ છે તે ન થવા જોઈએ, કેમકે જીવપણું સમાન છે તથા મનુષ્યપણું સમાન છે, તો સર્વને સુખ અથવા દુઃખ પણ સમાન જોઈએ, જેને બદલે આવું વિચિત્રપણું જણાય છે તે જ શુભાશુભ કર્મથી ઉત્પન્ન થયેલો ભેદ છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, એમ શુભ અને અશુભ કર્મ ભોગવાય છે

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગવી દૂર. ૮૫

ફળદાતા ઈશ્વરની એમાં કંઈ જરૂર નથી. ઝેર અને અમૃતની રીતે શુભ ... સ્વભાવે પરિણમે છે, અને [illegible]

યોધી ઝેર અને અમૃત ફળ દેતા જેમ નિવૃત્ત થાય છે તેમ શુભાશુભ કર્મને ભોગવવાથી તે નિ સત્ત્વ થયે નિવૃત્ત થાય છે

ઝેર ઝેરપણે પરિણમે છે અને અમૃત અમૃતપણે પરિણમે છે તેમ અશુભ કર્મ અશુભપણે પરિણમે અને શુભ કર્મ શુભ પણ પરિણમે છે માટે જીવ જેવા જેવા અધ્યવસાયથી કર્મને ગ્રહણ કરે છે તેવા તેવા વિપાકરૂપે કર્મ પરિણમે છે, અને જેમ ઝેર અને અમૃત પરિણમી રહ્યા નિ સત્ત્વ થાય છે, તેમ ભોગથી તે કર્મ દૂર થાય છે ૮૩

તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ શુભ ગતિ છે અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભ ગતિ છે શુભાશુભ અધ્યવસાય મિશ્રગતિ છે અને તે જીવપરિણામ તે જ મુખ્યપણે તો ગતિ છે તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનું ઊર્ધ્વ ગમન ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનુ અધોગમન શુભાશુભની મધ્ય સ્થિતિ એમ દ્રવ્યનો વિશેષ સ્વભાવ છે અને તે આદિ હેતુથી તે તે ભોગ્યસ્થાનક હોવા યોગ્ય છે હે શિષ્ય ! જડ ચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મસ્વરૂપનો અત્રે ઘણો વિચાર શમાય છે માટે આ વાત ગહન છે તોપણ તને સાવ સંક્ષેપમાં કહી છે ૮૬

૫ શંકા—શિષ્ય ઉવાચ

(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે–)

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ,
કાળ અનંત પણ, વર્તમાન છે દોષ ૮૭

ર્ત્તા ભોક્તા જીવ હો, પણ તેથી તેનો મોક્ષ થવાયોગ્ય નથી કેમકે અનત કાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્ત્તમાન જ છે ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય,
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય. ૮૮.

શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમા તેનુ શુભ ફળ ભોગવે અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનુ અશુભ ફળ ભોગવે પણ જીવ કર્મરહિત કોઈ સ્થળે હોય નહીં ૮૮

૫ સમાધાનઃ-સદ્ગુરુ ઉવાચ

(તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે એમ સદ્ગુરુ સમાધાન કરે છે—)

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ ૮૯

જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તે થતા જાણ્યા, અને તેથી તેનુ ભોગ્તાપણુ જાણ્યુ, તેમ નહીં કરવાથી અથવા તે કર્મનિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવાયોગ્ય છે, માટે તે નિવૃત્તિનુ પણ સફળપણુ છે, અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતા નથી, તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવાયોગ્ય નથી માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ! તુ વિચાર. ૮૯

વીત્યો કાળ અનત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ [illegible] છેદતાં, ઉપજે મ[illegible]

ક્રમસર િત અનતકાળ વીત્યો તે તે શુભાશુભ કર્મપ્રત્યેની જીવની અસક્તિને લીધે છે પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય ૯૦

દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ ૯૧

દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય ૯૧

૬ શંકા—શિષ્ય ઉવાચ

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે —)

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય,
કર્મો કાળ અનંતના શાથી છેદ્યા જાય? ૯૨

મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઈ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી કેમકે અનંત કાળના કર્મો છે તે આવા અલ્પ આયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યા જાય? ૯૨

અથવા મત દર્શન ઘણા, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો? બને ન એહ વિવેક ૯૩

અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પ આયુષ્ય વગેરેની શંકા ... પણ મત અને દર્શન ઘણાં છે અને તે મોક્ષના

અનેક ઉપાયો કહે છે અર્થાત્ કોઈ કંઈ કહે છે અને કોઈ કંઈ કહે છે, તેમા કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી ૯૩

કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪.

બ્રાહ્મણાદિ કઈ જાતિમા મોક્ષ છે અથવા કયા વેષમા મોક્ષ છે એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે, કેમકે તેના ઘણા ભેદો છે, અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવાયોગ્ય દેખાતો નથી ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય,
જીવાદિ જાણ્યાતણો, શો ઉપકાર જ થાય? ૯૫.

તેથી એમ જણાય છે કે મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઈ શકે એવું નથી, માટે જીવાદિનુ સ્વરૂપ જાણવાથી પણ શો ઉપકાર થાય ? અર્થાત્ જે પદને અર્થે જાણવા જોઇએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે ૯૫.

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ,
સમજુ મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬.

આપે પાચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ એટલે બધી રીતે મારી શકાનુ સમાધાન થયુ છે, પણ જો મોક્ષનો ઉપાય સમજુ તો સદ્ભાગ્યનો ઉદય ઉદય થાય (અત્ર 'ઉદય' ઉદય' બે વાર શબ્દ છે તે પાચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષ પદની જિજ્ઞાસાન   ુ દર્શાવે છે) ૯૬

૯. સમાધાન—સદ્ગુરુ ઉવાચ

(મોક્ષનો ઉપાય છે એમ સદ્ગુરુ સમાધાન કરે છે—)

પાંચ ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત ૯૭

પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઈ છે, તો મોક્ષના ઉપાયની પણ એ જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે. [અત્રે થશે અને સહજ એ બે શબ્દ સદ્ગુરુએ કહ્યા છે તે જેને પાંચ પદની શંકા નિવૃત્તિ થઈ છે તેને મોક્ષોપાય સમજાવો કંઈ કઠણ જ નથી એમ દર્શાવવા તથા શિષ્યનું વિશેષ જિજ્ઞાસુપણું જાણી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે એમ સદ્ગુરુના વચનનો આશય છે] ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

કર્મભાવ છે તે જીવનું અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને વિષે સ્થિતિ થવી તે છે. અજ્ઞાનનો સ્વભાવ અંધકાર જેવો છે તેથી જેમ પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર છતાં નાશ પામે છે તેમ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાન પણ નાશ પામે છે ૯૮

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,
તે કારણ છેદક દશા, મોક્ષ-પંથ ભવઅંત ૯૯

જે જે કારણો કર્મબંધનાં છે તે તે કર્મબંધનો માર્ગ
છે.

છે અને તે તે કારણોને છેદે એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે ભવનો અંત છે ૯૯

રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ ૧૦૦

રાગ, દ્વેષ અને અજ્ઞાન એનું એકત્વ એ કર્મની મુખ્ય ગાંઠ છે અર્થાત્ એ વિના કર્મનો બંધ ન થાય, તેની જેથી નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત ૧૦૧.

'સત્' એટલે 'અવિનાશી અને 'ચૈતન્યમય' એટલે 'સર્વભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય' 'અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો' 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' પામિયે, તેમ પ્રવર્ત્તાય તે મોક્ષમાર્ગ છે ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહિનીય, હણાય તે કહુ પાઠ ૧૦૨

કર્મ અનંત પ્રકારના છે, પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે તેમા પણ મુખ્ય મોહનીયકર્મ છે તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહુ છુ ૧૦૨

કર્મ મોહિનીય ભેદ બે, [1]દર્શન [2]ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ ૧૦૩

તે મોહનીય કર્મ બે ભેદે છે;–એક 'દર્શનમોહનીય' એટલે ' [illegible] અપરમાર્થબુદ્ધિ અને

નિજ ૫ માગ્ર બુદ્ધિરૂ૫, બીજુ ચારિત્રમોહનીય' 'તથારૂપ ૫ માયને પગમાય જાણીને આત્મસ્વભાવમા જે સ્થિરતા થય ત સ્થિરતાને રોધક એવા પૂર્વસસ્કારરૂપ કષાય અને નોકષાય તે ચારિત્રમોહનીય ૧૦૩

દર્શનમોહનીયને આત્મબોધ, અને ચારિત્રમોહનીયને વીત ગગપણુ નાશ કરે છે આમ તેના અચૂક ઉપાય છે કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે અને ચારિત્રમોહનીય ગગાદિ પરિણામરૂપ છે, તેનો પ્રતિ પક્ષ વીતરાગભાવ છે એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે તે તના અચૂક ઉપાય છે તેમ બોધ અને વીત ગગતા અનુક્રમે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામા પ્રકાશસ્વરૂપ છે માટે તે તેના અચૂક ઉપાય* છે

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમા શો સદેહ ? ૧૦૪

ક્રોધાદિ ભાવથી કર્મબધ થાય છે અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે અર્થાત્ ક્ષમા ગખવાથી ક્રોધ રોકી શકાય છે સરળતાથી માયા રોકી શકાય છે સતોષથી લોભ રોકી શકાય છે એમ રતિ અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે ત જ કર્મબધનો નિરોધ છે, અને તે જ તેની

---

* દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકન દૃષ્ટિ પરિણમે છે

મહત્પુરુષોનો નિરતર અથવા વિશેષ સમાગમ, વીતરાગ શ્રુત ચિતવન અને ગુરુજિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટ મુખ્ય હેતુ છે તેથી સ્વરૂપદૃષ્ટિ સહજમા પરિણમે છે

નિવૃત્તિ છે. વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે. ક્રોધાદિ રોકયાં રોકાય છે અને જે કર્મબંધને રોકે છે, તે અકર્મદશાનો માર્ગ છે. એ માર્ગ પરલોકે નહીં, પણ અત્રે અનુભવમાં આવે છે; તો એમાં સંદેહ શો કરવો? ૧૦૪.

છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫.

'આ મારો મત છે; માટે મારે વળગી જ રહેવું અથવા આ મારું દર્શન છે, માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે તે-સાધશે તેના અલ્પ જન્મ જાણવા. ૧૦૫.

(અહીં 'જન્મ' શબ્દ બહુવચનમાં વાપર્યો છે, તે એટલું જ દર્શાવવાને કે ક્વચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી, અથવા જઘન્ય કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય તેથી સર્વ કર્મ, ક્ષય થઈ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે; પણ તે બહુ નહીં; બહુ જ અલ્પ. "સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામાં ઘણા પંદર ભવ થાય, એમ જિને કહ્યું છે." અને "જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય;" અત્રે તે વાતનો વિરોધ નથી.)

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછયાં કરી વિચાર,
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિરધાર. ૧૦૬.

હે શિષ્ય! તેં ૭ પદનાં ૭ પ્રશ્નો વિચાર કરીને પૂછયાં છે અને તે પદની સર્વાંગતામાં મોક્ષમાર્ગ છે, એમ

કર અર્થાત્ એમાનુ કોઈ પણ પ એમને કે અવિચારથી ઉત્થાપના મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. ૧૦૬

જાતિ, વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુક્તિ લહે, એમા ભેદ ન કોય ૧૦૭

જે મોક્ષનો માર્ગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેશથી મોક્ષ થાય એમા કઈ ભેદ નથી જે સાધે તે મુક્તિપદ પામે અને તે મોક્ષમા પણ બીજા કશા પ્રકારનો ઊંચ નીચ વાદિ ભેદ નથી અથવા આ વચન કહ્યા તેમા બીજો કઈ ભેદ એટલે ફેર નથી. ૧૦૭

કષાયની ઉપશાતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અતર દયા, તે કહિયે જિજ્ઞાસ ૧૦૮

ક્રોધાદિ કષાય જેના પાતળા પડ્યા છે, માત્ર આત્માને વિષે મોક્ષ થવા સિવાય બીજી કોઈ ઇચ્છા નથી અને સસારના ભોગ પ્રત્યે ઉદાસીનતા વર્ત્તે છે તેમ જ પ્રાણીપર અતરથી દયા વર્ત્તે છે, તે જીવને મોક્ષમાર્ગનો જિજ્ઞાસુ કહીએ અર્થાત્ તે માર્ગ પામવાયોગ્ય કહીએ ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ,
તો પામે સમકીતને, વર્ત્તે અતરશોધ ૧૦૯

તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે અને અતરની શોધમા વર્ત્તે ૧૦૯

મત દર્શન આગ્રહ તજી વર્ત્તે સદ્ગુરુ લક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમા ભેદ ન પક્ષ. ૧૧૦

મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્‌ગુરુને લક્ષે વર્તે, તે શુદ્ધ સમકિતને પામે કે જેમા ભેદ તથા પક્ષ નથી ૧૧૦

વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમા, પરમાર્થે સમકિત ૧૧૧

આત્મસ્વભાવનો જ્યા અનુભવ લક્ષ અને પ્રતીત વર્તે છે તથા વૃત્તિ આત્માના સ્વભાવમા વહે છ ત્યા પરમાર્થે સમકિત છે ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ ૧૧૨

તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિ જે કંઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમા સ્થિતિ થાય ૧૧૨

કેવળ નિજસ્વભાવનુ અખડ વર્તે જ્ઞાન
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતા નિર્વાણ ૧૧૩.

સર્વ આભાસરહિત આત્મસ્વભાવનુ જ્યા અખડ એટલે ક્યારે પણ ખડિત ન થાય મદ ન થાય, નાશ ન પામે એવુ જ્ઞાન વર્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવન્મુક્તદશારૂપ નિર્વાણ દેહ છતા જ અત્રે અનુભવ થાય છે ૧૧૩

કોટિ વર્ષનુ સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
[illegible] અનાદિનો, જ્ઞાન થતા દૂર થાય

કરોડો વર્ષનુ સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતા તરત તે શમાય છે તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતા દૂર થાય છે ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ,
નહીં ભોક્તા તુ તેહનો, એ જ ધર્મનો મર્મ ૧૧૫

હે શિષ્ય ! દેહમા જે આત્મતા મનાઈ છે અને તેને લીધે સ્ત્રી-પુત્રાદિ સર્વમા અહ મમત્વપણુ વર્તે છે, તે આત્મતા જો આત્મામા જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામા દેહબુદ્ધિ છે તે છૂટે, તો તુ કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી, અને એ જ ધર્મનો મર્મ છે ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ ૧૧૬

એ જ ધર્મથી મોક્ષ છે અને તુ જ મોક્ષસ્વરૂપ છો, અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે તુ અનત જ્ઞાન-દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ. ૧૧૭.

તુ દેહાદિક સર્વ પદાર્થથી જુદો છે, કોઈમા આત્મદ્રવ્ય ભળતુ નથી, કોઈ તેમા ભળતુ નથી દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી*

* દ્રવ્યથી દ્રવ્ય મળતુ નથી, એમ જાણનારને કઈ કર્તવ્ય કદી ભ[illegible]ય નહીં, પણ તે ક્યારે ? સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, [illegible] ત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપ પરિણામે પરિણમી

સ'ગથી ભિન્ન છે, માટે તુ શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્ય-પ્રદેશાત્મક છો, સ્વયંજ્યોતિ છો એટલે કોઈ પણ તને પ્રકાશતુ નથી, સ્વભાવે જ તુ પ્રકાશસ્વરૂપ છો અને અવ્યાબાધ સુખનુ ધામ છો બીજુ કેટલુ કહીએ? અથવા ઘણુ શુ કહેવુ? ટૂંકામા એટલુ જ કહીએ છીએ, જો વિચાર કર તો તે પદને પામીશ ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર શમાય,
ધરી મૌનતા એમ કહીં, સહજ સમાધિમાંય. ૧૧૮.

સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવીને શમાય છે એમ કહીને સદ્ગુરુ મૌનતા ધરીને સહજસમાધિમા સ્થિત થયા અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી ૧૧૮

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન.

સદ્ગુરુના ઉપદેશથી, આવ્યુ અપૂર્વ ભાન,
નિજપદ નિજમાંહી લહ્યુ, દૂર થયું અજ્ઞાન ૧૧૯.

શિષ્યને સદ્ગુરુના ઉપદેશથી અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલુ એવુ ભાન આવ્યુ, અને તેને પોતાનુ સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યુ અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયુ ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચૈતનારૂપ,
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦.

અન્ય દ્રવ્યપ્રત્યે કેવળ ઉદાસ થઈ, કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતુ નથી એમ ઘટે છે, અને એમ જ છે

પોતાનું સ્વરૂપ-શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અજર અમર અવિનાશી અને દેહથી સ્પષ્ટ જૂદું ભાસ્યું ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય ૧૨૧

જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્ત્તે છે ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્તાપણું અને ભોક્તાપણું છે આત્મસ્વભાવમાં વૃત્તિ વહી તેથી અકર્તા થયો ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ,
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ ૧૨૨

અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેનો નિર્વિકલ્પરૂપે કર્તા ભોક્તા થયો ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ ૧૨૩

આત્માનું શુદ્ધપદ છે તે મોક્ષ છે અને જેથી તે પમાય તે તેનો માર્ગ છે શ્રીસદ્ગુરુએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર ૧૨૪

અહો ! અહો ! કરુણાના અપાર સમુદ્રસ્વરૂપ આત્મલક્ષ્મીએ યુક્ત સદ્ગુરુ ! આપ પ્રભુએ આ પામર જીવ પર આશ્ચર્યકારક એવો ઉપકાર કર્યો ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું ? આત્માથી સૌ હીન,
પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન ૧૨૫

હુ પ્રભુના ચરણ આગળ શુ ધરુ ? (સદ્‌ગુરુ તો પરમ નિષ્કામ છે એક નિષ્કામ-કરુણાથી માત્ર ઉપદેશના દાતા છે, પણ શિષ્યધર્મે શિષ્યે આ વચન કહ્યુ છે) જે જે જગતમા પદાર્થ છે, તે સૌ આત્માની અપેક્ષાએ નિર્મૂલ્ય જેવા છે, તે આત્મા તો જેણે આપ્યો તેના ચરણ સમીપે હુ બીજુ શુ ધરુ ? એક પ્રભુના ચરણને આધીન વર્તુ એટલુ માત્ર ઉપચારથી કરવાને હુ સમર્થ છુ ૧૨૫.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુઆધીન,
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

આ દેહ આદિ શબ્દથી જે કઈ મારૂ ગણાય છે તે આજથી કરીને સદ્‌ગુરુ પ્રભુને આધીન વર્તો, હુ તે પ્રભુનો દાસ છુ, દાસ છુ દીન દાસ છુ ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ ૧૨૭

છએ સ્થાનક સમજાવીને હે સદ્‌ગુરુ દેવ ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તરવાર જૂદી કાઢીને બતાવીએ તેમ સ્પષ્ટ જૂદો બતાવ્યો, આપે મપાઈ શકે નહીં એવો ઉપકાર કર્યો * ૧૨૭

*** શ્રીસુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુ કાજ,**
તથા ભવ્ય હિત કારણે, કહ્યો બોધ સુખસાજ

શ્રી સોભાગ્ય અને શ્રી અચળ—શ્રી ડુગર આદિ મુમુક્ષુ અને અન્ય ભવ્ય જીવોના હિતને કારણે આ બોધરૂપ '**આત્મસિદ્ધિ**' શ્રીમદે રચી ... ઉપરના પદથી જાણી શકાય છે

ઉપસંહાર.

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનકમાંહિ,
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

છએ દર્શન આ છ સ્થાનકમાં શમાય છે. વિશેષકરીને વિચારવાથી કોઈ પણ પ્રકારનો સંશય રહે નહીં. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહીં એવો બીજો કોઈ રોગ નથી. સદ્‌ગુરુ જેવા તેના કોઈ સાચા અથવા નિપુણ વૈદ્ય નથી. સદ્‌ગુરુઆજ્ઞાએ ચાલવા સમાન બીજું કોઈ પથ્ય નથી. અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઈ તેનું ઔષધ નથી. ૧૨

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

જો પરમાર્થને ઇચ્છતા હો તો સાચો પુરુષાર્થ કરો અને ભવસ્થિતિ આદિનું નામ લઈને આત્માર્થને છેદો નહીં. ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧.

આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ છે, એવી નિશ્ચય મુખ્ય વાણી સાંભળીને સાધન તજવા યોગ્ય નથી. પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં રાખી સાધન કરીને તે નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ ૧૩૨

અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી, બેય જ્યા જ્યા જેમ ઘટે તેમ સાથે રહ્યા છે ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર,
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩.

ગચ્છ, મતની કલ્પના છે તે સદ્વ્યવહાર નથી પણ આત્માર્થીના* લક્ષણમા કહી તે દશા અને મોક્ષોપાયમા જિજ્ઞાસુના લક્ષણ* આદિ કહ્યા તે સદ્વ્યવહાર છે, જે અત્રે તો સક્ષેપમા કહેલ છે પોતાના સ્વરૂપનુ ભાન નથી અર્થાત્ જેમ દેહ અનુભવમા આવે છે તેવો આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્ત્તે છે અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યા વિના નિશ્ચય પોકાર્યા કરે છે, તે નિશ્ચય સારભૂત નથી ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્ત્તમાનમાં હોય,
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહીં કોય. ૧૩૪.

ભૂતકાળમાં જે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે વર્ત્તમાનકાળમા જે છે અને ભવિષ્યકાળમા થશે, તેને કોઇને માર્ગનો ભેદ નથી અર્થાત્ પરમાર્થે તે સૌનો એક માર્ગ છે, અને તેને પ્રાપ્ત કરવાયોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતા એક ફળ ઉત્પન્ન કરનાર હોવા

*જુઓ આત્મસિ[illegible] ૩૮, ૧૦૮.

તેમાં પણ પરમાર્થે ભેદ નથી.+ ૧૩૪.

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫.

સર્વ જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે; પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય. તે પ્રગટ થવામાં સદ્‌ગુરુની આજ્ઞાથી પ્રવર્ત્તવું તથા સદ્‌ગુરુએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો, તે બેય નિમિત્ત કારણ છે. ૧૩૫.

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬.

સદ્‌ગુરુઆજ્ઞા આદિ તે આત્મ સાધનનાં નિમિત્ત કારણ છે અને આત્માનાં જ્ઞાન દર્શનાદિ ઉપાદાન કારણ છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઈ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે; કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારું સાચા નિમિત્ત મળ્યાં છતાં કામ નહીં થાય, માટે સાચા નિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું અને પુરુષાર્થરહિત ન થવું; એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે. ૧૩૬.

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭.

+વિશેષ સ્પષ્ટિકરણ માટે જુઓ પત્ર આંક ૩૨, ૫૨–શ્રીમદ્ રાજચંદ્ર [...ની આવૃત્તિ], અથવા ૪૬, ૬૧ ગુજરાની પહેલી આવૃત્તિ.

મુખથી નિશ્ચયમુખ્ય વચનો કહે છે, પણ અંતરથી પોતાને જ મોહ છૂટયો નથી, એવા પામર પ્રાણીમાત્ર જ્ઞાની કહેવરાવવાની કામનાએ સાચા જ્ઞાનીપુરુષનો દ્રોહ કરે છે. ૧૩૭.

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮.

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્ય એ ગુણો મુમુક્ષુના ઘટમાં સદાય સુજાગ્ય એટલે જાગ્રત હોય અર્થાત્ એ ગુણોવિના તો મુમુક્ષુપણું પણ ન હોય. ૧૩૮.

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,
તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯.

મોહભાવનો જ્યાં ક્ષય થયો હોય, અથવા જ્યાં મોહદશા બહુ ક્ષીણ થઈ હોય ત્યાં જ્ઞાનીની દશા કહીએ, અને બાકી તો જેણે પોતાનામાં જ્ઞાન માની લીધું છે, તેને ભ્રાંતિ કહીએ. ૧૩૯.

સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્નસમાન,
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦.

સમસ્ત જગત્ જેણે એઠ જેવું જાણ્યું છે, અથવા સ્વપ્ન જેવું જગત્ જેને જ્ઞાનમાં વર્તે છે તે જ્ઞાનીની દશા છે, બાકી માત્ર વાચાજ્ઞાન એટલે કહેવામાત્ર જ્ઞાન છે. ૧૪૦.

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ,
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧.

પાંચે સ્થાનકને વિચારીને છઠ્ઠે સ્થાનકે વર્તે એ

મોક્ષના જે ઉપાય કહ્યા છે તેમા પ્રવર્તે તો પાચમુ સ્થાનક એવે મોક્ષપદ તેને પામે

દેહ છતા જેની દશા, વર્ત્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમા, હો ! વદન અગણિત ૧૪૨

પૂર્વપ્રારબ્ધયોગથી જેને દેહ વર્તે છે પણ તે દેહથી અતીત એટલે દેહાદિની કલ્પનારહિત, આત્મામય જેની દશા વર્તે છે તે જ્ઞાનીપુરુષના ચરણકમળમા અગણિત વાર વદન હો ! ૧૪૨

શ્રીસદ્ગુરુચરણાર્પણમસ્તુ

રાજકોટ ચૈત્ર શુદ ૯ ૧૯૫૭

અતિમ સદેશો.

પરમાર્થ માર્ગ અથવા શુદ્ધ આત્મપદ પ્રકાશ

ૐ શ્રી જિનપરમાત્મને નમ

૧ ઇચ્છે છે જે જોગી જન અનત સુખસ્વરૂપ
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ ૧
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલબન આધાર,
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨
જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહીં કાઈ
લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાઈ ૩
જિનપ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિમાન
અવલબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહીત,
મુનિજન સગતિ રતિ અતિ સયમ યોગ ઘટીત ૫
ગુણપ્રમોદ અતિશય રહે રહે અતમુખ યોગ
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુવડે જિન દર્શન અનુયોગ ૬
પ્રવચન સમુદ્ર બિંદુમા ઉલટી આવે એમ
પૂર્વ ચૌદની લબ્ધિનુ ઉદાહરણ પણ તેમ ૭
વિષય વિકાર સહીત જે, રહ્યા મતિના યોગ
પરિણામની વિષમતા તેને યોગ અયોગ ૮
મદ વિષય ને સરળતા સહ આજ્ઞા સુવિચાર
કરુણા કોમળતાદિ ગુણ પ્રથમ ભૂમિકા ધાર ૯
રોક્યા શબ્દાદિક વિષય, સયમ સાધન રાગ
જગત્ ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય ૧૦
નહીં તૃષ્ણા જીવ્યાતણી મરણ યોગ નહીં ક્ષોભ
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧
આવ્યે બહુ સમદેશમા, છાયા જાય સમાઈ
આવ્યે તેમ સ્વભાવમા મન સ્વરૂપ પણ જાઈ ૧૨
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સસાર,
અતર્મુખ અવલોકતાં, વિલય થતા નહી વાર. ૧૩

સુખધામ અનત સુસત ચહિ
દિન રાત રહે તદ્ ધ્યાનમહિં,
પરશાન્તિ અનત સુધામય જે,
પ્રણમુ પદ તે વર તે જય તે ૧

મુબઈ ફાલ્ગુન ૧૯૫૦

આત્માના છ પદ.

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યા છે તે છ પદને સમ્યગદર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યા છે

પ્રથમ પદ —"આત્મા છે"

જેમ ઘટ પટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનુ પ્રમાણ છે તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનુ પ્રમાણ છે

બીજુ પદ —"આત્મા નિત્ય છે"

ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તિ છે આત્મા ત્રિકાળ વર્તિ છે ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવાયોગ્ય નથી માટે અનુત્પન્ન છે અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઇને વિષે લય પણ હોય નહીં

ત્રીજુ પદ —"આત્મા કર્તા છે."

સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે કંઈ ને કંઈ પરિ

ણામક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે, તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે. પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય-વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય કર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

ચોથું પદઃ—"આત્મા ભોક્તા છે."

જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાવાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી અગ્નિસ્પર્શનું ફળ, હીમને સ્પર્શ કરવાથી હીમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવાયોગ્ય જ થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદઃ —"મોક્ષપદ છે."

જે અનુપચરિત-વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું અનભ્યાસથી-તેના અપરિચયથી-તેને ઉપશમ કરવાથી-તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવાયોગ્ય દેખાય છે-ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એ [illegible] ..વ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ —"તે મોક્ષનો ઉપાય છે"

જો ક્ની કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળા એવા જ્ઞાન દર્શન સમાધિ વૈરાગ્ય ભક્તયાદિ સાધન પ્રત્યક્ષ છે જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય ઉપશમ પામે છે ક્ષીણ થાય છે માટે તે જ્ઞાન દર્શન સંયમાદિ મોક્ષપદના ઉપાય છે'

શ્રી જ્ઞાનપુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યા એવા આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવાયોગ્ય છે પરમ નિશ્ચયરૂપ જણાવાયોગ્ય છે તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવાયોગ્ય છે આ છ પદ અત્યંત સંદેહરહિત છે એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ શોક સંયોગ ઉત્પન્ન ન થાય તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું અત્યંત આનંદપણું અંતરરહિત તેના અનુ

ભવમા આવે છે સર્વ વિભાવ પર્યાયમા માત્ર પોતાને અધ્યાસથી એકતા થઈ છે તેથી કેવળ પોતાનુ ભિનપણુ જ છે એમ સ્પષ્ટ-પ્રત્યક્ષ-અત્યત પ્રત્યક્ષ અપરોક્ષ તેને અનુભવ થાય છે વિનાશી અથવા અન્ય પદાર્થના સયોગને વિષે તને ઇષ્ટઅનિષ્ટપણુ પ્રાપ્ત થતુ નથી જન્મ જરા મરણ રોગાદિ બાધારહિત સપૂર્ણ મહાત્મ્યનુ ઠેકાણુ એવુ નિજસ્વરૂપ જાણી વેદી તે કૃતાર્થ થાય છે જે જે પુરુષોને એ છ પ સપ્રમાણ એવા પરમપુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે આધિ વ્યાધિ, ઉપાધિ-સર્વસગથી રહિત થયા છે થાય છે અને ભાવિકાળમા પણ તેમ જ થશે

'જે સત્પુરુષોએ જન્મ જરા મરણનો નાશ કરવા વાળો-સ્વસ્વરૂપમા સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે તે સત્પુરુષોને અત્યત ભક્તિથી નમસ્કાર છે તેની નિષ્કારણ કરુણાને નિત્યપ્રત્યે નિરતર સ્તવવામા પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરુષો તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

' જે છ પદથી સિદ્ધ છે એવુ આત્મસ્વરૂપ તે જેના વચનને અગીકાર કર્યે સહજમા પ્રગટે છે જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સપૂર્ણ આનદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કઈ પણ ઇચ્છાવિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો એમ છતા પણ જેણે અન્ય જીવને

વિષે આ મારાં ગ્રંથ છે અથવા ભક્તિનો કર્તા છે મારો છે એમ કહી જોયું નથી એવા જે સત્પુરુષ, તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!'

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે અપૂર્વ ગુણ દ્રષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!'

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે એમ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન-સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!''

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે જે દેહ આત્માને અર્થે ગાળશે તે દેહે આત્મવિચાર પામવાયોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઈએ. **શ્રી સહજાત્મસ્વરૂપ.**

રાળજ. ભા સુ ૮ ૧૯૪૭

જડ–ચેતન સ્વભાવ.

જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨

જો જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય,
બંધ મોક્ષ તો નહીં ઘટે નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય ૩

બંધ મોક્ષ સંયોગથી જ્યાં લગ આત્મ અભાન
પણ ત્યાગ સ્વભાવનો ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં તે નિજપદ અજ્ઞાન,
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત
જીવ બંધન જાણે નહીં, કેવો જિનસિદ્ધાંત. ૬

પ્રથમ દેહ દૃષ્ટિ હતી તેથી ભાસ્યો દેહ,
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ ૭

જડ ચેતન સંયોગ આ ખાણ અનાદિ અનંત,
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિનભગવંત ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહીં, નહીં નાશ પણ તેમ,
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ ૯

હોય તેહનો નાશ નહીં, નહીં તેહ નહીં હોય
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

જેની પ્રત્યક્ષ દશા જ બોધરૂપ છે તે મહાપુરુષને ધન્ય છે

વવાણીઆ. માગશર. ૧૯૫૩

પરમપદપ્રાપ્તિની ભાવના.

(અંતર્ગત)

ગુણશ્રેણીસ્વરૂપ.

॥ ॐ ॥

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦

૨ સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો અપૂર્વ૦

૩ દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦

૪. આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો અપૂર્વ૦

૫. સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

૬. પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો. અપૂર્વ૦

૭. ક્રોધપ્રત્યે તો વર્ત્તે ક્રોધસ્વભાવતા,
માનપ્રત્યે તો દીનપણાનું માન જો;
માયાપ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦

૮. બહુ ઉપસર્ગ—કર્ત્તાપ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦

૯. નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦

૧૦. શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્ત્તે તેજ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો.

૧૧ એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો — અપૂર્વ૦

૧૨ ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો,
રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો — અપૂર્વ૦

૧૩ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો — અપૂર્વ૦

૧૪ મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો — અપૂર્વ૦

૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો — અપૂર્વ૦

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો,
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો — અપૂર્વ૦

૧૭ મન વચન કાયા ને કર્મની વર્ગણા
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો
એવું અયોગિ ગુણસ્થાનક ત્યાં વર્તતું
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો

૧૮ એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા
પૂર્ણ કલંકરહિત અડોલસ્વરૂપ જો
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય
અગુરુલઘુ અમૂર્ત્ત સહજપદરૂપ જો

૧૯ પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો

૨૦ જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રીભગવાન જો
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,

૨૧ એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં
ગજાવગર ને હાલ મનોરથરૂપ જો,
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.

જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાય રહિત
દેહધારી મહાત્માને ત્રિકાળ પરમભક્તિ નમસ્કાર હો!
નમસ્કાર હો!

તે મહાત્મા વર્ત્તે છે તે દેહને, ભૂમિકાને,
આસનાદિ સર્વને હો! નમસ્કાર હો!

શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૨	બળાવડે	ત્રાજવડે
૧૭	૧૪	ભાવાનુસાર	ભાવને ભરોસે
૨૧	૨૦	હોય	થશે
૨૨	૧	[હેય અને] મોક્ષમાર્ગ	મોક્ષમાર્ગ
૨૨	૧	સધાય નહિ.	સાધે નહિ,
૨૨	૨	જ્યારે ગ્રંથિભેદ થાય ત્યારે એ બન્ને ગુણની ગર્ભિત શુદ્ધતામા શિખા [અંકુર] ફૂટે એને એ બન્ને [જ્ઞાન ચારિત્ર] ગુણ ધારાપ્રવાહરૂપે મોક્ષમાર્ગ તરફ ગતિ મારે.	એ બન્ને ગુણોની ગર્ભિત શુદ્ધતા જ્યારે ગ્રંથિભેદ થાય ત્યારે એ બન્નેની શિખા ફૂટે અને ત્યારે બન્ને ગુણો ધારાપ્રવાહરૂપે મોક્ષમાર્ગ તરફ ચાલે.
૨૨	૮	[સમ્યક્ ફણુગો] છે	છે
૨૩	૪	તે પુરુષની ઉપર નૌકા આવી જાય.	ઉપર તે પુરુષને નૌકા મળી જાય પરંતુ (ઉપર આવ્યા વિના)
૨૩	૭	વિશુદ્ધતાથી	વિશુદ્ધતાની પણ
૨૩	૮	કહી	નહી.
	૪	[તેથી સિદ્ધ થાય છે કે] તેમા [વિશુદ્ધતામા]	તેમાં

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૩	૭	પે તેથી।	તેનાથી
૨૫	૧૦	પરવીન	પરવાન
૨૮	૧૬	૧ વિશાળ,	૧ સ્પષ્ટ,
૩૭	૬	હોય	થાય
૩૭	૧૨	ભેદ	ભેદ–
૩૭	૧૮	એ [સમ્યગ્દષ્ટિ]	જે
૩૭	૨૦	તે ક્ષયોપશમરૂપ	ત્યા ક્ષયોપશમરૂપ
૩૭	૨૦	તેથી તે	તે તો
૩૭	૨૧	પદાર્થસ્વરૂપને વિપરીત રૂપે સાધર્તા	પદાર્થોને વિપરીતરૂપે સાધતુ
૩૭	૨૨	થોડા ઘણા મેઘપટલ [વાદળા]	થોડુક મેઘપટલ
૩૮	૧૪	વળી તે શાહુકારના	તે શેઠના
૩૮	૧૭	તેમ	જે
૩૯	૨	છૂટી જાય.	છૂટી જાય
૪૦	૧૧	કર્યું છે	કહ્યું છે
૪૧	૧૮	તેથી જ કહ્યુ છે કે	તેથી
૪૧	૨૫	પર્યાયોને	પર્યાયોને
૪૬	૧૪	નાવ લે છે	નાવિક છે
૪૬	૧૮	પૃથક્ત્વવિતર્ક	પૃથક્ત્વવિતર્કવિચાર
૪૬	૧૯	[ ] વિચાર	અને વિચાર,

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૮	૧૮	વ ી તમે લખ્યુ કે – પ્ર ન નિશ્ચ ઓ વ્યવ હાર સમ્ય ક્ત્વનુ સ્વરૂપ શુ? ઉત્તર તે [એ પ્રમાણે] મત્ય છે	વળી તમે નિશ્ચય સમ્યક્ત્વનુ સ્વરૂપ વ્યવહાર સમ્યક્ત સ્વરૂપ લખ્યુ તે સત્ય
૪૮	૧	ગ [ભિત	ગર્ભિત છે
૪૮	૧	જાણ ? તે માટે કહ્યુ છે	જાણે ? તો કહીએ છ
૪૮	૨	તે	અને
૪૮	૪	છે એમ કહો છો ?	કહો
૪૮	૫	ઉત્તર એ	એ
૪૮	૧૮	ગ્રથોમા જાણ્યુ	ગ્રથ જાણ્યા